દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 February 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

બુધવાર,૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## સોશ્યલ મીડિયા પર એઆઈ ઉપયોગ માટેના કડક નિયમો જાહેર

# વાંધાજનક એઆઈ કન્ટેન્ટ ત્રણ કલાકમાં હટાવવી પડશે

**એઆઈ કન્ટેન્ટનું લેબલિંગ ફરજિયાત**

**નવા નિયમોનો અમલ ૨૦ ફેબ્રુઆરીથી**

**ગેરકાયદે એઆઈ કન્ટેન્ટને રોકવા ઑટોમેટેડ ટૂલ્સ રાખવાં પડશે**

નવી દિલ્હીઃ સરકારે એઆઇ-જનરેટેડ, ડીપફેક માટેના નિયમ કડક બનાવ્યા છે. સોશ્યલ મીડિયાએ હવે ત્રણ કલાકમાં જ વાંધાજનક 'કન્ટેન્ટ' કાઢી નાખવી પડશે. એઆઇ કન્ટેન્ટનું લેબલિંગ ફરજિયાત બનાવ્યું છે. નવા નિયમનો અમલ ૨૦ ફેબ્રુઆરીથી થશે.

સિન્થેટિક કન્ટેન્ટને 'માહિતી' (ઇન્ફોર્મેશન) ગણાશે. એઆઇ-જનરેટેડ કન્ટેન્ટને પણ માહિતી તંત્રજ્ઞાન (ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી)ના નિયમ હેઠળ અન્ય 'ઇન્ફોર્મેશન'ને લગતો ગેરકાયદે પ્રવૃત્તિને સંબંધિત ધારો લાગુ પડશે. આ ઉપરાંત, ગેરકાયદે કે વાંધાજનક એઆઇ કન્ટેન્ટને (પોસ્ટ થતી) રોકવા માટે ઑટોમેટેડ ટૂલ્સ રાખવું ફરજિયાત બનાવાયું છે.

સરકારે ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી (ઇન્ટરમીડિઅરિ ગાઇડલાઇન્સ ઍન્ડ ડિજિટલ મીડિયા ઍથિક્સ કોડ) રુલ્સ, ૨૦૨૧માંના સુધારાને નૉટિફાઇ કર્યા હતા.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી તંત્રજ્ઞાન મંત્રાલયે ગેઝેટમાં જાહેર કરેલા નવા સુધારિત નિયમમાં એઆઇ-જનરેટેડ અને સિન્થેટિક કન્ટેન્ટની સત્તાવાર અલગ વ્યાખ્યા પણ કરાઇ છે.

સરકારે મંગળવારે જણાવ્યું હતું કે સત્તાવાળા કે અદાલત દ્વારા જો 'એક્સ' અને 'ઇન્સ્ટાગ્રામ' જેવા સોશ્યલ મીડિયામાંની કોઇ વિગત અંગે વાંધો ઉઠાવાશે, તો તેને ત્રણ કલાકમાં જ દૂર કરવી પડશે.

નવા સુધારિત નિયમમાં 'શ્રાવ્ય, દશ્ય કે દશ્ય-શ્રાવ્ય માહિતી' અને 'સિન્થેટિકલી-જનરેટેડ ઇન્ફોર્મેશન'ની વ્યાખ્યા પણ કરાઇ છે. તેમાં ખરી કે વિશ્વાસપાત્ર જણાતી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા - એઆઇ) દ્વારા તૈયાર કરાયેલી કે ફેરફાર અથવા સુધારા-વધારા કરાયેલી કન્ટેન્ટને પણ આવરી લેવાઇ છે.

આમ છતાં, આ વ્યાખ્યામાંથી રુટિન ઍડિટિંગ, ઍક્સેસિબિલિટી ઇમ્પ્રૂવમેન્ટ્સ અને શિક્ષણના સારા હેતુસર તૈયાર કરેલું કન્ટેન્ટ કે ડિઝાઇનના કામને બાકાત રખાયું છે.સરકાર કે અદાલત વિવાદાસ્પદ કન્ટેન્ટ દૂર કરવા અગાઉ આદેશ આપતા તો તેને કાઢી નાખવા માટે સોશ્યલ મીડિયાને ૩૬ કલાકનો સમય અપાતો, તે હવે ઘટાડીને ત્રણ કલાકનો કરાયો છે.

આ ઉપરાંત, વપરાશકારની ફરિયાદ દૂર કરવાની સમયમર્યાદા પણ ઘટાડાઇ છે.

નૉટિફિકેશનમાં જણાવાયું હતું કે કૃત્રિમ (સિન્થેટિક) કન્ટેન્ટ તૈયાર કરવાની કે તેને શૅર કરવાની સુવિધા પૂરી પાડતા (સોશ્યલ મીડિયા) પ્લેટફૉર્મે કન્ટેન્ટને સરખી રીતે દેખાય એવી રીતે પરમેનન્ટ (કાયમી) 'મેટાડેટા' કે આઇડેન્ટિફાયર્સથી લૅબલ અને એમ્બેડ કરેલું હોવું જરૂરી છે.

સરકારે ગેરકાયદે એઆઇ કન્ટેન્ટ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરવાની સાથે જણાવ્યું હતું કે ગેરકાયદે કે વાંધાજનક એઆઇ કન્ટેન્ટને પોસ્ટ થતી રોકવા માટે ઑટોમેટેડ ટૂલ્સ રાખવું ફરજિયાત રહેશે.એઆઇ લેબલ કે મેટાડેટા એક વખત લાગી જાય, તે પછી તેને ઇન્ટરમીડિઅરિ (વચેટિયા) કાઢી નહિ શકે અથવા સપ્રેશ (દબાવી) નહિ શકે. (એજન્સી) ■

## ન કયામત આવશે, ન બાબરી ફરી બનશેઃ યોગી

બારાબંકીઃ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બુધવારથી બાબરી મસ્જિદની પ્રતિકૃતિરૂપ મસ્જિદનું બાંધકામ શરૂ થવાનું છે. આનો હિંદુ સંગઠનોએ વિરોધ કરીને લખનઊથી સુધી કૂચ કરવાની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પણ આ અંગે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ બાબરી મસ્જિદનું માળખું દેશમાં ક્યારે ફરી બનાવવા દેવામાં નહીં આવે. યોગી આદિત્યનાથે કહ્યું કે, આ સરકાર જે કહે છે. અમે કહ્યું, 'રામ લલ્લા આવશે અમે આવીને ત્યાં મંદિર બનાવીશું.અમે આજે ફરીથી કહી રહ્યા છીએ કે કયામતનો દિવસ ક્યારેય નહીં આવે જ્યારે બાબરીના માળખાનું પુનઃ નિર્માણ ક્યારેય નહીં થાય. યોગી આદિત્યનાથે બારાબંકીમાં જાહેર સભાને સંબોધતા સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.

## અટલ સેતુ પાસે 'થર્ડ મુંબઈ'નાં નગારાં વાગ્યાંઃ જમીન વિકાસ નીતિને કૅબિનેટની મંજૂરી મળી

મુંબઈઃ અટલ સેતુ તરીકે જાણીતા મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક (એમટીએચએલ)ની નજીકના વિસ્તારમાં થર્ડ મુંબઈ વિકસાવવાની પ્રસ્તાવિત યોજના માટે લૅન્ડ એક્વિઝિશન ઍન્ડ અલૉટમેન્ટ પૉલિસીને મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે મંજૂરી આપી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અધ્યક્ષપદ હેઠળ મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ પૉલિસીનું લક્ષ્ય મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં સુનિયોજિત શહેરી વિકાસ અને રોકાણને વેગ આપવાનું છે.

અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવા શેવા અટલ સેતુ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ) દ્વારા નિમવામાં આવેલી ન્યૂ ટાઉન ડેવલપમેન્ટ ઑથોરિટી દ્વારા અમલમાં મુકાનારા ડેવલપમેન્ટ પ્રોજેક્ટને આ પૉલિસી લાગુ પડશે.

સુનિયોજિત શહેરીકરણના માળખા, ઔદ્યોગિક રોકાણ, લૉજિસ્ટિક હબ, રેસિડેન્શિયલ અને કમર્શિયલ પ્રોજેક્ટ તેમ જ અટલ સેતુ વિસ્તારમાં માળખાના વિકાસ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે, એમ ચીફ મિનિસ્ટર્સ ઑફિસ (સીએમઓ) દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ પોલિસીમાં મહારાષ્ટ્ર રિજનલ ઍન્ડ ટાઉન પ્લાનિંગ ઍક્ટ, ૧૯૬૬ની કલમ ૧૨૬ (૧) અંતર્ગત અરસપરસ સહમતીથી જમીન હસ્તગત કરવાની તેમ જ રાઈટ ટુ ફૅર કમ્પેનસેશન ઍન્ડ ટ્રાન્સપરન્સી ઈન લૅન્ડ એક્વિઝિશન,

(જુઓ પાનું ૨) ▸▸

## સંસ્મરણો ન છપાયાં છે, ન ડિજિટલી ઉપલબ્ધ છેઃ નરવણે

▸ **પુસ્તકના એડવાન્સ ઑર્ડર અને 'પ્રકાશિત કે ઉપલબ્ધ'માં ફરક છેઃ પૅન્ગ્વિન**

▸ **નરવણેએ પોતાની બુક 'અવૅલેબલ નાઉ' લખ્યું હતુંઃ રાહુલ**

નવી દિલ્હીઃ લશ્કરના ભૂતપૂર્વ વડા મનોજ મુકુંદ નરવણેના 'અપ્રકાશિત' પુસ્તકને મુદ્દે હવે પ્રકાશક પૅન્ગ્વિન રૅન્ડમ હાઉસ ઇન્ડિયા (પીઆરએચઆઇ) અને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની વચ્ચે 'પુસ્તકના એડવાન્સ ઑર્ડર અને પ્રકાશિત કે ઉપલબ્ધ પુસ્તક'ની વ્યાખ્યાને લઇને વિવાદ ઊભો થયો છે અને બન્ને દ્વારા આ સંબંધમાં સ્પષ્ટતા કરાઇ હતી. નરવણેએ પોતાના પુસ્તકના 'સ્ટેટસ' અંગે પ્રકાશકે બહાર પાડેલું નિવેદન સોશ્યલ મીડિયા 'એક્સ' પર મૂક્યું હતું.પ્રકાશક પૅન્ગ્વિન રૅન્ડમ હાઉસ ઇન્ડિયાએ જણાવ્યું હતું કે પુસ્તકના 'એડવાન્સ ઑર્ડર'નું અર્થઘટન 'પ્રકાશિત કે ઉપલબ્ધ' કરવું ન જોઇએ.

દરમિયાન, રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે નરવણેએ ૨૦૨૩ના ડિસેમ્બરમાં સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું હતું કે મારા 'સંસ્મરણો' રજૂ કરતું પુસ્તક 'ફૉર સ્ટાર્સ ઑફ ડેસ્ટિની' હવે 'ઉપલબ્ધ' છે.નરવણેએ પ્રકાશક દ્વારા પોતાના પુસ્તક અંગે અપાયેલું નિવેદન 'એક્સ'

(જુઓ પાનું ૨) ▸▸



**આમંત્રણઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માસ્ટરબ્લાસ્ટર સચિન તેંડુલકર મંગળવારે નવી દિલ્હીમાં સપરિવાર મળ્યો હતો અને તેમને દીકરા અર્જુનના લગ્નમાં પધારવા માટેનું નિમંત્રણ પણ આપ્યું હતું. સાથે અર્જુનની વાગ્દત્તા સાનિયા ચાંડોક પણ હતી. (એજન્સી)

## પાકિસ્તાનના ભારત-બહિષ્કારનું સુરસુરિયુંઃ લહાણીનાં વાયદાઓ પછી રવિવારે રમશે

કરાચીઃ ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની વર્લ્ડ કપ મૅચનો બહિષ્કાર પાછો ખેંચવા બદલ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને અમુક છૂટછાટોની ખાતરી આપી છે. જોકે આ છૂટછાટોની જાહેરાત વર્તમાન ટી-૨૦ વર્લ્ડ કપ પૂરો થયા પછી કરવામાં આવશે એવી ધારણા છે. હવે એ વાયદો પુરો થાય છે કે નહીં એ જોવું રહ્યું. ડ્રામેબાજ પાકિસ્તાને ઘણા દિવસો સુધી આખા વિવાદમાં એક પછી એક વળાંકો આપીને મોટો ડ્રામા કર્યા બાદ સોમવાર મોડી રાતે ભારત સામેની મૅચનો બહિષ્કાર પાછો ખેંચ્યો હતો. આઇસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને અમુક છૂટછાટો આપી જ છે. ભારતમાં પોતાની જે મૅચો રમાવાની હતી એ શ્રીલંકા સહિત અન્ય કોઈ દેશમાં રાખવાની બાંગ્લાદેશે જે માગણી કરી હતી એને આઇસીસીએ ઠુકરાવી અને બાંગ્લાદેશને ટૂર્નામેન્ટની બહાર કરી દીધું હતું. જોકે બાંગ્લાદેશના આ અભિગમ બદલ એને કોઈ જ પેનલ્ટી નહીં કરવામાં આવે એવી ખાતરી આઇસીસીએ આપી છે તેમ જ ૨૦૨૮-૨૦૩૧ના ચક્ર દરમ્યાન બાંગ્લાદેશને એક આઇસીસી ઇવેન્ટ (મોટા ભાગે અન્ડર-૧૯ વર્લ્ડ કપ)નું યજમાનપદ પણ અપાશે એવું પણ વચન આઇસીસી દ્વારા અપાયું છે.

પાકિસ્તાનના વધુ એક સૂત્રએ જણાવ્યું હતું કે આ બહિષ્કારનો અંત લાવવામાં શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસ્સીનાયકેની મોટી ભૂમિકા છે. હવે આ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાનની ટીમ જો નૉકઆઉટ તબક્કામાં (સેમિ ફાઇનલ અથવા ફાઇનલમાં) સામસામે આવશે તો એ નિર્વિઘ્ને રમાશે, કારણકે પાકિસ્તાને હવે આ ટૂર્નામેન્ટમાં ભારત સામેનો બહિષ્કાર સંપૂર્ણપણે પાછો ખેંચ્યો છે. ■

## લોકસભાના સ્પીકર સામે અવિશ્વાસની દરખાસ્ત

### જલદી કાર્યવાહી કરવા સ્પીકરની સચિવાલયને સૂચનાઃ અંતિમ ફેંસલો ન આવે ત્યાં સુધી લોકસભામાં પગ નહીં મૂકે ઓમ બિરલા

નવી દિલ્હીઃ વિપક્ષોએ ઓમ બિરલાને લોકસભાના સ્પીકરપદેથી દૂર કરવાની નોટિસ મંગળવારે સુપરત કરી હતી. દરમિયાન, સ્પીકરે સેક્રેટરીએટને પોતાના વિરુદ્ધની અવિશ્વાસની આ દરખાસ્તને તપાસીને તે અંગે ઝડપથી કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. આ ગંભીર સ્થિતિને જોતા સ્પીકર ઓમ બિરલાએ નિર્ણય લીધો છે. જ્યાં સુધી તેમના વિરુદ્ધ લાવવામાં આવેલા પ્રસ્તાવ પર સદનમાં ચર્ચા ન થાય અને અંતિમ નિર્ણય ન લેવાય, ત્યાં સુધી તેઓ લોકસભાની કાર્યવાહીમાં ભાગ નહીં લે. સંસદીય નિયમોમાં આવી કોઈ ફરજિયાત જોગવાઈ ન હોવા છતાં, લોકતાંત્રિક પરંપરાને માન આપી તેમણે સદનથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. વિપક્ષોએ ઓમ બિરલા લોકસભાના કામકાજનું સંચાલન કરવામાં 'ભેદભાવ' રાખતા હોવાનો અને તેઓ પોતાના બંધારણીય હોદ્દાનો 'દુરૂપયોગ' કરતા હોવાનો આક્ષેપ કર્યો

(જુઓ પાનું ૨) ▸▸

## નોટિસ પર રાહુલ ગાંધીએ જ સહી નથી કરી

નવી દિલ્હીઃ કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સામે વિપક્ષી પક્ષો દ્વારા રજૂ કરાયેલા અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી, એમ પક્ષના સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદીય લોકશાહીમાં વિપક્ષી નેતા દ્વારા સ્પીકરને હટાવવાની અરજી પર હસ્તાક્ષર કરવા યોગ્ય માનવામાં આવતું નથી.

સરકાર અને વિપક્ષી પક્ષો વચ્ચે તણાવમાં તીવ્ર વધારો થયો છે, જેમણે સ્પીકરને સ્પષ્ટ પક્ષપાતી રીતે ગૃહની કાર્યવાહી ચલાવવાનો આરોપ લગાવ્યો છે.અગાઉ, વિરોધ

(જુઓ પાનું ૨) ▸▸

## મથુરામાં એક જ પરિવારના પાંચ સભ્યની આત્મહત્યા

મથુરાઃ મથુરાના ખાપરપર ગામમાં મંગળવારે એક દંપતી અને તેમનાં ત્રણ બાળક સહિત પાંચ જણનાં મૃતદેહ ઘરમાંથી મળી આવ્યા હોવાનું પોલીસે કહ્યું હતું. આ સામૂહિક આત્મહત્યાની ઘટના હોવાની પોલીસને શંકા છે. ઘટનાસ્થળેથી પોલીસને સ્યૂસાઈટ નૉટ મળી આવી હતી. ઘરની દીવાલ પર સંદેશો લખેલો હોવા ઉપરાંત પરિવારના વડીલ દ્વારા લેવામાં આવેલો વીડિયો પણ મોબાઈલ ફોન પર મળી આવ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

## ઈડીએ અનિલ અને ટીના અંબાણીને નવાં સમન્સ મોકલાવ્યાં

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મની લોન્ડરિંગ કેસમાં આવતા અઠવાડિયે હાજર થવાના તાજા સમન્સ રિલાયન્સ ગ્રૂપનાં ચેરમેન અનિલ અંબાણી અને તેની પત્ની ટીના અંબાણીને મોકલ્યા છે, એવી માહિતી અધિકારીઓએ મંગળવારે આપી હતી.

૬૮ વર્ષનાં ભૂતપૂર્વ એક્ટર ટીના અંબાણીને સોમવારે ઈડી સામે જુબાની આપવા કહેવામાં આવ્યુ હતું, પરંતુ તે આવી નહોતી. અધિકારીઓએ કહ્યું હતું કે હવે ટીનાને ૧૭ ફેબ્રુઆરીએ અને ૬૬ વર્ષના અનિલને ૧૮ ફેબ્રુઆરીએ હાજર થવાનાં સમન્સ મોકલવામાં આવ્યાં છે. એક વાર તેઓ હાજર થાય તો તેમના નિવેદન પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ નોંધવામાં આવશે.

રિલાયન્સ ગ્રૂપ તરફથી સમન્સ અંગે કોઈ પ્રતિક્રિયા આવી નથી. અનિલ અંબાણીને અનેક રિલાયન્સ કંપની અને તેની બૅન્ક લોન અંગેની તપાસ માટે ગયા વર્ષે ઈડીએ પૂછપરછ કરી હતી. ન્યૂ યોર્કના મેનહટ્ટનમાં વૈભવશાળી સંપત્તિની ખરીદીની સાથે જોડતી નાણાની કડી અંગે ટીનાને બોલાવી હતી. (એજન્સી)

## આસામમાં 'સર'નો અંતઃ ૨.૪૩ લાખ મતદારનાં નામ કપાયાં

ગુવાહાટી : ચૂંટણી પંચે મંગળવારે આસામની ૧૨૬ વિધાનસભા બેઠકો માટે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) ૨૦૨૬ માટે અંતિમ મતદાર યાદી જાહેર કરી છે જેમાં ૨.૪૯ કરોડથી વધુ મતદારોનો સમાવેશ થાય છે. આસામના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર, ડ્રાફ્ટ મતદાર યાદીમાં કુલ મતદારોની સંખ્યા ૨,૫૨,૦૧,૬૨૪ હતી, જે અંતિમ યાદીમાં ઘટાડીને ૨,૪૯,૫૮,૧૩૯ કરવામાં આવી છે, એટલે કે ડ્રાફ્ટ યાદીમાંથી ૨.૪૩ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. આ અંતિમ યાદીમાં ૧,૨૪,૮૨,૨૧૩ પુરુષ મતદારો, ૧,૨૪,૭૫,૫૮૩ મહિલા મતદારો અને ૩૪૩ થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. આસામના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન

(જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશમાં હિન્દુની કુહાડી ઝીંકીને હત્યા

ઢાંકાઃ બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીના આડે હવે ગણતરીના કલાકો જ બાકી છે, ત્યારે ફરી એકવાર લઘુમતી હિન્દુ સમુદાયને નિશાન બનાવવામાં આવ્યો છે. દેશમાં સુરક્ષાના દાવાઓ વચ્ચે રવિવારે યોજાનારી ચૂંટણીના માત્ર ૪૮ કલાક પહેલા બનેલી આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એક વાર ચિંતા જન્માવી છે. રાજકીય અસ્થિરતા અને ચૂંટણીના ગરમાવા વચ્ચે નિર્દોષ હિન્દુ વેપારીની હત્યાએ લઘુમતીઓની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

આ ચકચારી ઘટના મૈમનસિંગ જિલ્લાના ત્રિશાલ ઉપજિલ્લામાં સોમવારે રાત્રે આશરે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. દક્ષિણકાંડા ગામના

(જુઓ પાનું ૨) ▸▸

## એચ-વનબી વિઝા પ્રોગ્રામ બંધ કરવા અમેરિકામાં ખરડો રજૂ

ન્યૂયોર્ક/ વોશિંગ્ટન : એક રિપબ્લિકન સાંસદે અમેરિકામાં એચ-વન બી વિઝા કાર્યક્રમને સમાપ્ત કરવા માટે નવો કાયદો રજૂ કર્યો છે. તેમની દલીલ છે કે આ કાર્યક્રમ અમેરિકન નાગરિકો કરતાં વિદેશી કામદારોને પ્રાથમિકતા આપે છે, જેનાથી સ્થાનિક કામદારોને નુકસાન થાય છે. અમેરિકાના સાંસદ ગ્રેગ સ્ટ્યુબે આ કાયદાની જાહેરાત કરી હતી. પ્રસ્તાવિત કાયદાનું નામ એન્ડિંગ એક્સપ્લોઇટેટિવ ઇમ્પોર્ટેડ લેબર એક્ઝેમ્પશન એક્ટ છે જેને સંક્ષિપ્તમાં એક્ઝાઈલ એક્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદામાં એચ-વન બી વિઝા કાર્યક્રમને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે ઇમિગ્રેશન અને રાષ્ટ્રીયતા કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે. એચ-વન બી વિઝા અમેરિકન કંપનીઓને ટેકનોલોજી, એન્જિનિયરિંગ, દવા અને નાણાં જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી કામદારોને રોજગારી

(જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશમાં કતલ કરાયેલા હિન્દુને વળતર અપાશે

ઢાકાઃ ગયા વરસે મ્યામેનસિંહમાં ટોળાં દ્વારા કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયેલા દીપુ ચંદ્રા દાસના પરિવારજનો ઘરનું બાંધકામ કરી શકે તે માટે બાંગ્લાદેશની વચગાળાની સરકારે પચીસ લાખ ટાકા (બાંગ્લાદેશનું ચલણ)ની સહાયની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશની ચૂંટણીના બે દિવસ અગાઉ આ જાહેરાત કરવામાં આવી હતી.

બાંગ્લાદેશના મ્યામેનસિંહ જિલ્લાના ભાલૂકા ઉપજિલ્લાસ્થિત સ્કવેર માસ્ટરબારી વિસ્તારમાં ૧૮ ડિસેમ્બરે ટોળાંએ દીપુ દાસ સાથે મારપીટ કરી તેને જીવતો સળગાવી દીધો હતો.

અહેવાલમાં જણાવ્યા અનુસાર ટોળાંએ દીપુદાસ પર કથિત અપમાનજનક ટિપ્પણી કરવાનો આક્ષેપ કર્યો હતો. દીપુદાસ સાથે મારપીટ કર્યા બાદ તેને બાંધી દઈ ઝાડ પર લટકાવી દઈ જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. સરકારના જણાવ્યા અનુસાર દીપુદાસ પરિવારનો એકમાત્ર કમાતો સભ્ય હતો. સરકારે દીપુદાસના પરિવારના પુનર્વસન અને સહાયની ખાતરી આપી હતી. પરિવારજનો કાયમી નિવાસ માટે ઘર બાંધી શકે અને ભાવિ સુરક્ષા માટે સહાયના ભાગરૂપ પચીસ લાખ ટાકાની મદદની જાહેરાત કરવામાં આવી હતી. સરકાર દીપુના પિતા અને પત્નીને દસ લાખ ટાકા આપશે તેમ જ તેનાં બાળકોનાં ભવિષ્યની સુરક્ષા માટે પાંચ લાખ ટાકાની એફડી આપશે.(એજન્સી)■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એમજીઆર ભારતરત્ન બની શકે તો સાવરકર કેમ નહીં?

**રાષ્ટ્રીય** સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે વિનાયક દામોદર સાવરકરને ભારતરત્ન આપવાની માગણી કરી એ સાથે સાવરકર અને ભારતરત્ન બંને ફરી ચર્ચામાં છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ગયા વર્ષે ૧૦૦ વર્ષ પૂરાં થયાં તેની એક વરસથી ઉજવણી ચાલી રહી છે.આ ઉજવણીના ભાગરૂપે મુંબઈમાં 'સંઘ યાત્રાના ૧૦૦ વર્ષ - નવી ક્ષિતિજો' કાર્યક્રમમાં મોહન ભાગવતે સળંગ બે દિવસ ભાષણબાજી કરી. આ ભાષણબાજીમાં ભાગવતે નરેન્દ્ર મોદીનાં વખાણ કરીને તેમને મજબૂત નેતા ગણાવ્યા તો ધર્માંતરણ, ઘૂસણખોરી અને નીચો જન્મદર વસતી અસંતુલનનાં મુખ્ય ત્રણ પરિબળો છે એવું જાહેર કરીને દરેક હિંદુ પરિવારને ત્રણ છોકરાં પેદા કરવાની વણમાગી સલાહ પણ આપી દીધી.

ભાગવતે છેલ્લાં કેટલાંક વરસોથી કહેવાતા હિંદુવાદીઓના લાડકા વિનાયક દામોદર સાવરકરને ભારત રત્ન આપવાની માગ છેડીને ફરી રાજકીય વિવાદ છેડી દીધો. સાવરકરને ભારતરત્ન આપવાની માગ ભાજપ અને કહેવાતાં હિંદુવાદી સંગઠનોના નેતા છાસવારે ઉઠાવ્યા કરે છે તેથી ભાગવતે કોઈ નવી વાત નથી કરી પણ આ માગણીએ કહેવાતા હિંદુવાદીઓ આ દેશના યુવાનો સામે કેવા બોદા આદર્શો મૂકી રહ્યા છે એ ફરી છતું કર્યું છે.

ભાગવતના કહેવા પ્રમાણે, સાવરકરને ભારતરત્નથી સમ્માનિત કરવાથી આ પુરસ્કારની પ્રતિષ્ઠા વધશે કેમ કે સાવરકર મહાન સ્વાતંત્ર્ય સેનાની હતા. ભાગવતની ટિપ્પણી સામે કૉંગ્રેસ સહિતના વિપક્ષો ઉકળ્યા છે ને એક નેતાએ તો એવી ટિપ્પણી કરી કે, સાવરકરને ખરેખર તો યુકેની સરકારે બ્રિટિશ રત્ન એવોર્ડથી સન્માનિત કરવા જોઈએ કેમ કે સાવરકરે અંગ્રેજોના પગ પકડી લઈને બ્રિટિશ સરકારની સેવા કરી હતી. સામે ભાજપના નેતા સાવરકરની વીરગાથા વર્ણવવા કૂદી પડ્યા છે. સાવરકર કેવા વીર હતા ને અંગ્રેજ સરકાર સામે કેવી મર્દાનગીથી લડેલા તેની પરાક્રમ પારાયણ ભાજપ અને હિંદુવાદી નેતાઓ વર્ણવી રહ્યા છે.

કહેવાતા હિંદુવાદી નેતાઓ સાવરકર માટે વરસોથી વીર સાવરકર શબ્દો વાપરે છે પણ સાવરકરનો ભૂતકાળ તેમને વીર કહેવા માટે લાયક નથી બનાવતો. સાવરકર એક જમાનામાં દેશની આઝાદી માટે લડેલા પણ અંગ્રેજ સરકારે આંદામાનની સેલ્યુલર જેલમાં પૂર્યા પછી તેમનો દેશપ્રેમ હવા થઈ ગયેલો ને જીજીવિષા એ હદે પ્રબળ બની ગઈ કે, અંગ્રેજ સરકારની શરણાગતિ સ્વીકારી લીધેલી. શરૂઆતમાં સાવરકરે જેલમાંથી ભાગવાના પ્રયત્નો કરેલા પણ ફાવ્યા નહીં એટલે છેવટે અંગ્રેજ સરકારના પગમાં આળોટી ગયા ને માફી માગીને જેલમાંથી છૂટી ગયા.

સાવરકરે અંગ્રેજ સરકારને કોઈ રાજકીય પ્રવૃત્તિ નહીં કરવાની બાંયધરી આપેલી એટલે જેલમાંથી છૂટ્યા પછી આઝાદીની લડતથી દૂર રહ્યા ને અંગ્રેજોના પેન્શન પર ગુજારો કરતા. આ ઈતિહાસ છે અને તેને કોઈ નકારી શકે તેમ નથી. સાવરકરના ભક્તો સાવરકર પેન્શન નહોતા લેતા પણ ભથ્થું લેતા હતા ને આ ભથ્થું તો મહાત્મા ગાંધીએ પણ લીધું હતું એવું કહીને સાવરકરની કાયરતાનો બચાવ કરે છે. હવે જે માણસ પોતાના જીવને ખાતર દેશ માટે લડવાનું છોડી દે તેને વીર કઈ રીતે કહી શકાય ?

હિંદુઓમાં જે લડે છે એ વીર છે ને હીરો છે, જીવ બચાવવા માટે કાયરતા બતાવનારા નહીં. આ દેશમાં એવા સંખ્યાબંધ હિંદુ હીરો છે. શ્યામાપ્રસાદ મુખરજીથી માંડીને કનૈયાલાલ મુનશી સુધીના ઘણા એવા વીર આવ્યા કે જે હિંદુ અસ્મિતા માટે મરદની જેમ લડી ગયા પણ હિંદુવાદીઓ એ બધા અસલી હીરોને કોરાણે મૂકીને સાવરકરને જ વીર સાબિત કરવાના ધખારા કેમ છે એ ખબર નથી પડતી. જો કે ભારત લોકશાહી દેશ છે તેથી દરેક વ્યક્તિને પોતાને મનફાવે એ માગણી કરવાનો અધિકાર છે. ભાગવતને પણ એ અધિકાર છે જ. કૉંગ્રેસ અત્યારે સાવરકરને ભારતરત્નની માગણીથી ઉકળી છે પણ પાંચેક વર્ષ પહેલાં ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કૉંગ્રેસના નેતા હરીશ રાવતે ટ્વિટ કરીને માગ કરેલી કે સોનિયા ગાંધી અને માયાવતીને 'ભારતરત્ન' મળવો જોઈએ. હરીશ રાવતની દલીલ હતી કે, સોનિયા ગાંધી આજે ભારતની નારીશક્તિનું ગૌરવશાળી સ્વરૂપ મનાય છે જ્યારે માયાવતીએ દાયકાઓથી પીડિત-શોષિત લોકોમાં એક અદ્‌ભુત વિશ્ર્વાસનો સંચાર કર્યો છે તેથી આ બંને સન્નારીનું દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન'થી સન્માન કરવું જોઈએ. સોનિયા અને માયાવતી બંનેએ દેશની સેવા કરતાં વધારે તો આ દેશના રાજકારણને નિમ્ન સ્તરે લઈ જવામાં યોગદાન આપ્યું છે એ જોતાં બંનેને 'ભારતરત્ન' અપાય તો 'ભારતરત્ન'ની કોઈ પ્રતિષ્ઠા જ ના રહે પણ આ દેશના નાગરિક તરીકે રાવતને બંનેને 'ભારતરત્ન' આપવાની માગણી કરવાનો અધિકાર છે જ. એ જ રીતે મુલાયમસિંહ યાદવ ગુજરી ગયા ત્યારે સમાજવાદી પાર્ટીના પ્રવક્તા આઈ.પી. સિંહ અને ધારાસભ્ય સ્વામીપ્રસાદ મૌર્ય સહિતના નેતાઓએ મુલાયમસિંહને ભારતરત્ન આપવાની માગ કરી. મોદી સરકારે મુલાયમસિંહને પદ્મવિભૂષણ આપ્યો તેનો વિરોધ કરીને આ નેતાઓએ કહેલું કે, મુલાયમસિંહનાં કાર્યો, મોભો તથા દેશના વિકાસમાં આપેલા યોગદાનને જોતાં તેમને 'ભારતરત્ન'થી ઓછું કોઈ નાગરિક સન્માન ખપે જ નહીં. મુલાયમસિંહ યાદવને પદ્મવિભૂષણ આપવાની જાહેરાત કરીને મોદી સરકારે મુલાયમસિંહનાં યોગદાનની મજાક ઉડાવી છે.

બીજાં પણ ઘણાં એવાં નામો છે કે જેમને આ રીતે ભારતરત્ન આપવાની માગ થઈ જ છે પણ કોઈના કહેવાથી મુલાયમ, સોનિયા કે માયાવતી 'ભારતરત્ન' ને લાયક નથી બની જતાં. એ જ રીતે ભાગવતને પણ સાવરકરને 'ભારતરત્ન'ની માગણી કરવાનો અધિકાર છે જ પણ ભાગવતના કહેવાથી સાવરકર પણ 'ભારતરત્ન'ને લાયક નથી બની જતા.

આપણે ત્યાં 'ભારતરત્ન' સહિતનાં નાગરિક સન્માનો રાજકીય કારણસર અપાય છે. ખરેખર રાષ્ટ્ર નિર્માણમાં મહાન યોગદાન આપનારા ડૉ. હોમી ભાભા, ડૉ. વિક્રમ સારાભાઈ કે યુ. આર. રાવ જેવા મહાન લોકોને 'ભારતરત્ન' નથી મળતો પણ સત્તામાં બેઠેલા લોકોને વહાલ ઊભરાય તો ઓછી લાયકાત ધરાવતા લોકોને 'ભારતરત્ન' મળી જાય છે એ આપણી નજર સામે છે. કોંગ્રેસ સત્તામાં લાંબો સમય રહી તેથી કૉંગ્રેસના શાસનમાં તો આ પાપ વારંવાર થયું પણ ભાજપ શાસન પણ આ પાપ કરવામાંથી બાકાત નથી જ.કૉંગ્રેસ શાસનમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા દેશ માટે લડનારા મહાન સ્વાતંત્ર્યવીરોની અવગણના કરીને ગોવિંદ વલ્લભ પંત, બિધાનચંદ્ર રોય, પુરૂષોત્તમદાસ ટંડન, કામરાજ વગેરે રાજકારણીઓને ભારતરત્ન અપાયા જ હતા. ઈન્દિરા ગાંધીએ તો પોતે સત્તામાં હતાં છતાં ૧૯૭૧ માં જાતે જ ભારતરત્ન લઈને ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાં એટલે નાળિયેર ઘર ભણી ફેંકાય એવો ઘાટ કરી દીધેલો. રાજીવ ગાંધીએ તો જયલલિતાને રાજી કરવા એમ.જી. રામચંદ્રનને ભારતરત્ન બનાવી દીધેલા. ભાજપ શાસનમાં પણ ચરણસિંહ અને કર્પૂરી ઠાકુર જેવા નેતાઓને માત્ર ને માત્ર રાજકીય કારણોસર જ ભારતરત્ન અપાયો જ છે.

આ જ ક્રમમાં સાવરકરને પણ મોદી સરકાર ભારતરત્ન આપી દે તો નવાઈ નહીં. એમજીઆર કે કર્પૂરી ઠાકુરને ભારતરત્ન મળી શકે તો સાવરકરને પણ મળી શકે પણ ભારતરત્ન આપી દેવાથી સાવરકર હીરો નથી બની જવાના કે અંગ્રેજ સરકાર સામે ઘૂંટણ ટેકવવાનું કરેલું પાપ પણ ધોવાઈ નથી જવાનું.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરૠતુ, બુધવાર, તા. ૧૧-૨-૨૦૨૬,
શ્રી રામદાસ નવમી,
પારસી ૭મો મેહેર માસારંભ

- ભારતીય દિનાંક ૨૨, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૦-૫૨ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૨૦-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૩૦ (તા. ૧૨)
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૭ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ-નવમી. શ્રી રામદાસ નવમી, પારસી ૭મો મેહેર માસારંભ, વિંછુડો, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૦-૫૩. ભદ્રા પ્રારંભ ક. ૨૩-૧૨
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઔષધ ઉપચાર, બુધ ગ્રહદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ.
- આચમનઃચંદ્ર-રાહુ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, મંગળ-શનિ અર્ધચતુષ્કોણ ઈર્ષ્યાળુ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, મંગળ-શનિ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# લોકસભાની મડાગાંઠ ઉકેલાઈઃ બજેટ પર ચર્ચા અંતે શરૂ થઈ

નવી દિલ્હીઃ લોકસભામાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચેની મડાગાંઠ ઉકેલવાના સંકેતમાં મંગળવારે બપોરે કેન્દ્રીય બજેટ પરની ચર્ચા ચાલુ થઈ હતી. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને વિવિધ મુદ્દા પર બોલવાની વિરોધ પક્ષની માગણીને લીધે ગૃહની કાર્યવાહી શરૂ થઈ નહોતી. બે સભામોકૂફી પછી બપોરે બે વાગ્યે અધ્યક્ષસ્થાને કૃષ્ણા પ્રસાદ ટેનેટી હતા અને તેમણે કૉંગ્રેસના સભ્ય શશી થરૂરને ચર્ચા ચાલુ કરવાનું કહ્યું હતું. તિરુવનંતપુરમના સંસદસભ્ય થરૂરે ચર્ચા ચાલુ કરી હતી. વિરોધ પક્ષે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને દૂર કરવાના ઠરાવની નોટિસ આપ્યા બાદ મડાગાંઠ ઉકેલાઈ હતી.

બીજી ફેબ્રુઆરીથી લોકસભાએ ધાંધલધમાલ અને વિક્ષેપો જોયા હતા. આને લીધે કૉંગ્રેસના સાત સભ્ય અને સીપીઆઈ(એમ)ના એક સભ્યને બજેટના બાકીના સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

અપ્રિય દશ્યોના ભયને લીધે સ્પીકર બિરલાએ ગયા અઠવાડિયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રાષ્ટ્રપ્રમુખના સંબોધનનો જવાબ આપવાની દરખાસ્ત પર બોલવા ન આવવાની વિનંતી કરી હતી. બિરલાએ દાવો કર્યો હતો કે કૉંગ્રેસના સભ્યો અપ્રિય દશ્યો સર્જશે અને આને લીધે સરકાર અને વિરોધ પક્ષ વચ્ચેના સંબંધો કડવાશ થયા હતા. (એજન્સી)

# રાહુલને જ રાજકારણમાંથી ઈમ્પિચ કરવાનો સમય આવી ગયો છેઃ ભાજપ

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા સંબંધિત નૉટિસ આપવાને મામલે ભાજપે મંગળવારે એમ કહીને વિપક્ષ પર પ્રહાર કર્યા હતા કે રાહુલ ગાંધી અને કૉંગ્રેસનો રાજકારણમાંથી ઈમ્પિચમેન્ટનો સમય આવી ગયો છે.

વિપક્ષ દ્વારા સ્પીકરને આપવામાં આવેલી નૉટિસ અંગે બોલતાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે જે લોકોની સભાનતાનો મહાભિયોગ થઈ ગયો છે એ લોકો જ દેશના તમામ બંધારણીય હોદ્દાઓને પણ મહાભિયોગ કરવા ઈચ્છે છે.

ભાજપે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભાજપના વડપણ હેઠળનો એનડીએ સતત ત્રીજીવાર સત્તા પર આવ્યો છે ત્યારથી કૉંગ્રેસ અને તેનાં સાથી પક્ષો અમેરિકાસ્થિત અબજોપતિ જ્યૉર્જ સોરસના ઈશારે દેશની બંધારણીય સંસ્થાઓ અને હોદ્દાઓ પર હુમલો કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે આભાર વ્યક્ત કરવા રાહુલ ગાંધી સહિત વિપક્ષના અન્ય નેતાઓને બોલવાની પરવાનગી ન આપવા બદલ તેમ જ આઠ સાંસદને સસ્પેન્ડ કરવાને મામલે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને હોદ્દા પરથી દૂર કરવાના ઠરાવ અંગેની વિપક્ષે નૉટિસ આપ્યા બાદ ભાજપે આ આક્ષેપ કર્યો હતો.

રાહુલ ગાંધી અને વિપક્ષનાં આ પગલાં અંગે તીવ્ર પ્રતિક્રિયા આપતા સંબિતપાત્રાએ કહ્યું હતું કે સંપૂર્ણ દેશ રાહુલ ગાંધી અને કૉંગ્રેસની ગૃહમાં વર્તણૂકને નિહાળી રહ્યો છે. (એજન્સી)

# કૉંગ્રેસના નેતાઓ સામે આસામના સીએમનો ૫૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ મંગળવારે કોંગ્રેસના નેતાઓ સામે તેમના અને તેમના પરિવાર સામે જમીન કબજે કરવાના આરોપો બદલ ૫૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો.

તેમણે તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કોંગ્રેસના નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને ગૌરવ ગોગોઈ પર ખોટા, દ્વેષપૂર્ણ અને માનહાનિભર્યા આરોપો લગાવવાનો આરોપ લગાવ્યો હતો.

સરમાએ બોંગાઈગાંવમાં એક સત્તાવાર કાર્યક્રમ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી, કોંગ્રેસના નેતાઓ કહી રહ્યા છે કે મારી પાસે ૧૨,૦૦૦ વીઘા (૩,૯૬૦ એકરથી વધુ)ની બેનામી જમીન છે. મેં કોર્ટમાં કેસ દાખલ કર્યો છે જેથી તેઓ કોર્ટ સમક્ષ જમીનની યાદી રજૂ કરી શકે''.

તેમણે કહ્યું કે જો તેઓ યાદી આપી ન શકે, તો તેમણે તેમને રૂ. ૫૦૦ કરોડ ચૂકવવા પડશે.

અગાઉ એક્સ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું હતું કે, આજે, મેં કોંગ્રેસના નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને ગૌરવ ગોગોઈ વિરુદ્ધ પ્રેસ કોન્ફરન્સ દ્વારા મારા વિરુદ્ધ ખોટા, દુર્ભાવનાપૂર્ણ અને બદનક્ષીભર્યા આરોપો લગાવવા બદલ ૫૦૦ કરોડ રૂપિયાના નુકસાનની માગણી કરતો માનહાનિનો કેસ દાખલ કર્યો છે.

ચોથી ફેબ્રુઆરીના રોજ અહીં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોગોઈએ દાવો કર્યો હતો કે પાર્ટીની તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય પ્રધાન અને તેમના પરિવાર દ્વારા રાજ્યભરમાં લગભગ ૧૨,૦૦૦ વીઘા જમીન પર કબજો કરવામાં આવ્યો છે.

આ નિવેદનના વિરોધમાં જ સરમાએ ગોગોઈ સામે દાવો માંડ્યો છે.

પહેલા પાનાનું ચાલુ

### સ્પીકર ઓમ બિરલા

હતો. વિપક્ષે સ્પીકર પર કૉંગ્રેસના સાંસદો પર ખોટા આરોપ મૂકવાનો પણ આક્ષેપ કર્યો હતો.

લોકસભામાંના કૉંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઇ, મુખ્ય દંડક કે. સુરેશ અને દંડક મોહંમદ જાવેદે બંધારણની કલમ ૯૪(સી) હેઠળ કૉંગ્રેસ, સમાજવાદી પક્ષ અને દ્રમુક સહિતના અનેક વિપક્ષ વતી લોકસભાના મહામંત્રી ઉત્પલકુમાર સિંહને સ્પીકર-વિરુદ્ધની નોટિસ સુપરત કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ નોટિસ પર કૉંગ્રેસ, દ્રમુક, સમાજવાદી પક્ષ, ડાબેરી પક્ષો, રાષ્ટ્રીય જનતા દળ, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે), એનસીપી (શરદ પવાર) સહિતના વિપક્ષના ૧૧૮ સાંસદે સહી કરી હતી.

તૃણમૂલ કૉંગ્રેસના સાંસદોએ આ નોટિસ પર સહી નહોતી કરી. લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ નોટિસ પર સહી નહોતી કરી.

નોટિસમાં આક્ષેપ કરાયો હતો કે અમે બંધારણની કલમ ૯૪(સી)ની જોગવાઇના આધારે શ્રી ઓમ બિરલાને લોકસભાના સ્પીકરપદેથી દૂર કરવાના ઠરાવને લગતી નોટિસ આપીએ છીએ. તેઓ લોકસભાની કામગીરીના સંચાલનમાં 'ભેદભાવ' રાખતા હોવાથી આ અને વિપક્ષના સાંસદોને લોકસભામાં બોલવાની યોગ્ય તક નહિ આપીને તેઓને સંસદમાં મળેલા લોકતાંત્રિક અધિકારથી વંચિત રાખતા હોવાથી તેમની વિરુદ્ધ આ નોટિસ સુપરત કરીએ છીએ.

વિપક્ષે નોટિસમાં એવો આક્ષેપ પણ કર્યો હતો કે વિપક્ષના આઠ સાંસદ લોકસભામાં બોલવાના પોતાના અધિકારનો ઉપયોગ કરવા દેવાની માગણી કરી રહ્યા હતા, તે માટે તેઓને ત્રણ ફેબ્રુઆરીએ આખા અંદાજપત્ર સત્ર માટે સસ્પેન્ડ કરાયા હતા. (એજન્સી)

### ભૂતકાળમાં સ્પીકરને દૂર કરવાના પ્રયાસો નિષ્ફળ જ ગયા છે

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકરપદે ઓમ બિરલાને હટાવવા માટે અનેક વિપક્ષી દળોએ એક પ્રસ્તાવ લાવવા માટે હાથ મિલાવ્યા છે. મંગળવારે બપોરે વિપક્ષી સભ્યો દ્વારા ઠરાવ લાવવાની નોટિસ આપવામાં આવી હતી. લોકસભા સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે નોટિસની તપાસ કરવામાં આવશે અને નિયમો અનુસાર તેના પર કાર્યવાહી કરવામાં આવશે. જોકે ભૂતકાળમાં પણ સ્પીકરને હટાવવાના પ્રયાસો થયા છે, પરંતુ કોઈ પણ સફળ થયું નથી.

સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ લાવવા માટે ઓછામાં ઓછા બે લોકસભા સભ્યોએ નોટિસ પર સહી કરવી જરૂરી છે. નોટિસ પર ગમે તેટલા સભ્યો હસ્તાક્ષર કરી શકે છે, પરંતુ ઓછામાં ઓછા બે ફરજિયાત છે. સ્પીકરને સંસદમાં સરળ બહુમતી દ્વારા પસાર કરાયેલા ઠરાવ દ્વારા પદ પરથી હટાવી શકાય છે. બંધારણના અનુચ્છેદ ૯૪સીમાં આવા પગલા માટે જોગવાઈઓ છે.

લોકસભાના પૂર્વ સેક્રેટરી જનરલ પી. ડી. ટી. આચાર્યએ પીટીઆઈને જણાવ્યું હતું કે બહુમતી ગણતરી કરવા માટે ગૃહના બધા સભ્યોની ગણતરી કરવામાં આવે છે નહીં કે હાજર રહેલા અને મતદાન કરનારા સભ્યોની જે સામાન્ય વાત છે. તેનો અર્થ એ છે કે ખાલી જગ્યાઓ સિવાય ગૃહની અસરકારક સભ્યપદનો ઉપયોગ બહુમતી ગણતરી માટે થાય છે. તેમણે કહ્યું હતું કે, નોટિસ લોકસભાના સેક્રેટરી જનરલને સોંપવામાં આવે છે, ડેપ્યુટી સ્પીકર કે અન્ય કોઈને નહીં. ત્યારબાદ દસ્તાવેજની પ્રારંભિક તબક્કે તપાસ કરવામાં આવે છે કે તેમાં ખૂબ જ ચોક્કસ આરોપો છે કે નહીં.

આચાર્યએ કહ્યું કે શરૂઆતમાં જ મંજૂરીની એક પ્રક્રિયા હોય છે. તે તબક્કા પર એ જોવામાં આવે છે કે તેમાં ચોક્કસ આરોપો છે કે નહીં. ચોક્કસ આરોપો જરૂરી છે કારણ કે પછી જ સ્પીકર જવાબ આપી શકશે, ઠરાવમાં બદનક્ષીભરી ભાષા કે કન્ટેન્ટ હોવું જોઈએ નહીં. કલમ ૯૬ સ્પીકરને ગૃહમાં પોતાનો બચાવ કરવાની તક આપે છે.

પ્રસ્તાવિત ઠરાવની ભાષા સામાન્ય રીતે ડેપ્યુટી સ્પીકર દ્વારા તપાસવામાં આવે છે, પરંતુ વર્તમાન લોકસભામાં ડેપ્યુટી સ્પીકર ન હોવાથી તેની તપાસ કદાચ અધ્યક્ષોની પેનલના સૌથી વરિષ્ઠ સભ્ય દ્વારા કરી શકાય છે. પેનલ સ્પીકરને તેમની ગેરહાજરીમાં ગૃહ ચલાવવામાં મદદ કરે છે. આચાર્યએ કહ્યું કે સ્પીકરની એવા પ્રસ્તાવની તપાસ કરવી જેમાં તેમને હટાવવાની માંગ કરવામાં આવી છે તે થોડું વિચિત્ર લાગે છે અને નિયમ આ વિષય પર ચૂપ છે. પ્રક્રિયાનો ભાગ પૂર્ણ થયા પછી ઠરાવ ગૃહમાં પહોંચે છે. પરંતુ તે ૧૪ દિવસ પછી ગૃહમાં જઈ શકે છે.

ત્યારબાદ સ્પીકર તેને ગૃહમાં વિચારણા માટે મૂકે છે. વાસ્તવમાં ગૃહ જ તેને સ્વીકારે છે અથવા નિયમ પ્રમાણે, પરવાનગી આપે છે. વધુમાં આચાર્યએ કહ્યું હતું કે પછી સ્પીકર ઠરાવના પક્ષમાં રહેલા સભ્યોને ઊભા થવા કહે છે. જો ૫૦ સભ્યો તેના સમર્થનમાં ઉભા થાય તો જો માપદંડ પૂર્ણ થાય તો સ્પીકર જાહેર કરે છે કે ગૃહે પરવાનગી આપી છે. એકવાર ગૃહ પરવાનગી આપે પછી તેને ચર્ચા માટે લઈ જવી જોઈએ અને ૧૦ દિવસની અંદર તેનો નિકાલ કરવો જોઈએ. ઠરાવો રજૂ થયાના ઉદાહરણો છે. જોકે, અત્યાર સુધી કોઈ પણ સ્વીકારવામાં આવ્યું નથી કારણ કે સરકારો પાસે બહુમતી હોય છે.

### આસામમાં

૨૦૨૬ માટે સંકલિત ડ્રાફ્ટ મતદાર યાદી ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી. અગાઉ, ૨૨ નવેમ્બર ૨૦૨૫ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ઘરે-ઘરે ચકાસણી અભિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. ગયા વર્ષે ૨૭ ડિસેમ્બરે પ્રકાશિત થયેલી ડ્રાફ્ટ યાદીમાં ૨.૫૨ કરોડ નોંધાયેલા મતદારો હતા.

નિવેદનમાં ઉમેર્યું હતું કે, અપીલ પદ્ધતિ અનુસાર ચૂંટણી નોંધણી અધિકારી દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણય સામે ૧૫ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ અપીલ કરી શકાય છે અને ૩૦ દિવસની અંદર સીઈઓ સમક્ષ બીજી અપીલ કરી શકાય છે. આસામ વિધાનસભાની ચૂંટણીઓ થોડા મહિનામાં થવાની છે, જે આ યાદીના આધારે યોજાશે. જાન્યુઆરી ૨૦૨૫માં પ્રકાશિત અગાઉની અંતિમ યાદી કરતાં એસઆર પ્રક્રિયા દરમિયાન ડ્રાફ્ટ યાદીમાં ૧.૩૫ ટકાનો વધારો નોંધાયો હતો.'સર' પ્રક્રિયા દરમિયાન, ૪,૭૮,૯૯૨ મૃત મતદારો અને ૫,૨૩,૬૮૦ સ્થળાંતરિત મતદારો ઓળખાયા હતા. અન્ય ૫૩,૬૧૯ મલ્ટીપલ એન્ટ્રીઓની ઓળખ થઈ હતી. આના આધારે થયેલા ફેરફારો દાવા અને વાંધાઓની પ્રક્રિયાના અંત પછી નામ અંતિમ યાદીમાં જ પબ્લિશ કરાયા છે. કાયમી ધોરણે સ્થળાંતરિત થવાના કારણે'' જેમના નામ અંતિમ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા, તેઓ જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની જોગવાઈ હેઠળ તેમના નામનો સમાવેશ કરવા માટે અરજી કરી શકે છે. સીઈઓએ ગયા અઠવાડિયે આ સંદર્ભમાં તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને એક પત્ર જાહેર કર્યો હતો.

### નોટિસ પર

પક્ષોએ બંધારણની કલમ ૯૪(સી) હેઠળ સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્ર્વાસની નોટિસ રજૂ કરી હતી. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ જણાવ્યું હતું કે લોકસભામાં કાર્યપદ્ધતિ અને કાર્યપદ્ધતિના નિયમોના નિયમ ૯૪સી હેઠળ બપોરે ૧.૧૪ વાગ્યે નોટિસ ઔપચારિક રીતે સબમિટ કરવામાં આવી હતી.નોટિસમાં, વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો હતો કે સ્પીકર તેમને જાહેર મહત્ત્વના મુદ્દાઓ ઉઠાવવાની તક સતત નકારી કાઢી છે.

### અટલ સેતુ પાસે

રિહેબિલેશન ઍન્ડ રિસેટલમેન્ટ ઍક્ટ, ૨૦૧૩ અંતર્ગત યોગ્ય વળતર નક્કી કરવાની જોગવાઈ છે.

કેબિનેટે એમઆરટીપી ઍક્ટની કલમ ૧૨૬ (૧૦) અંતર્ગત વળતર તરીકે રોકડને બદલે ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ) કે ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (ટીડીઆર) મારફતે જમીન હસ્તગત કરવાની પણ મંજૂરી આપી હતી.

એમિનિટિસ અને બાંધકામ માટે જરૂરી હોય તેવા સંજોગોમાં વધારાની એફએસઆઈ કે ટીડીઆર પણ આપવામાં આવશે.

નવા માળખા અંતર્ગત ૨૨.૫ ટકા જમીન પરત આપવાની નીતિનો પણ અમલ કરવામાં આવશે.

૨૨.૫ પર્સન્ટ રિટર્ન લેન્ડ સ્કીમ અંતર્ગત વિકસાવવામાં આવનારા પ્લોટનો વિસ્તાર ૪૦ ચો.મીટર કરતા ઓછો હશે તો જગ્યાને બદલે રોકડ રકમમાં વળતર આપવામાં આવશે.

અવિકસિત વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા 'પાસ-થ્રૂ પૉલિસી'ને કેબિનેટે મંજૂરી આપી હતી.

આ પૉલિસી અંતર્ગત લૅન્ડ એક્વિઝિશન ઍન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનું વળતર પ્લોટધારક પાસેથી હપ્તામાં વસૂલવામાં આવશે. ફૂલ લૅન્ડ એક્વિઝિશન કોસ્ટ, રજિસ્ટ્રેશન ચાર્જ અને એસ્ટાબ્લિશમેન્ટ એક્સપેન્સ જમીન ફાળવનારે ભોગવવાનો રહેશે. એમએમઆરડીએ તેના પર ૧૫ ટકા એસ્ટાબ્લિશમેન્ટ ચાર્જ લાગુ કરશે, એમ સીએમઓ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ વિસ્તારમાં એમએમઆરડીએ માળખાકીય સુવિધાઓ પૂરી નહીં પાડે અને જેવી અને જ્યાંને આધારે જમીનની ફાળવણી કરવામાં આવશે.

ભવિષ્યમાં વળતરમાં થનારો વધારો પણ જમીન ફાળવનાર પાસેથી વસૂલવામાં આવશે. આ શરતોને આધારે એમએમઆરડીએ અને પ્લોટધારક વચ્ચે ઔપચારિક કરાર કરવામાં આવશે. ફૉરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ને આકર્ષવા અટલ સેતુ વિસ્તારમાં એફડીઆઈ લાવનાર ઉદ્યોગને એમઆઈડીસીની નીતિના ધોરણે જમીનની ફાળવણીમાં પ્રાથમિકતા આપવામાં આવશે. આ પ્રકારના રોકાણકારે જમીનની કિંમતને બાદ કરતાં ચાર વર્ષની અંદર ઓછામાં ઓછી ૧૦૦ એકર જમીન હસ્તગત કરવાની રહેશે અને પ્રત્યેક ૧૦૦ એકર જમીનમાં ૨૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું રહેશે. (એજન્સી)

### સંસ્મરણો

પર પોસ્ટ કર્યું હતું, જેમાં કહેવાયું હતું કે આ પુસ્તકની કોઇ છપાયેલી કે ડિજિટલ સ્વરૂપમાં નકલ પ્રકાશિત નથી કરાઇ, તેનું વિતરણ નથી કરાયું અને તે વેચાઇ નથી.પ્રકાશક પૅન્ગ્વિન રૅન્ડમ હાઉસ ઇન્ડિયાએ આ કિસ્સામાં વધુ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે જાહેર કરાયેલું પુસ્તક (એનાઉન્સ્ડ બુક), પ્રી-ઑર્ડર (એડવાન્સ ઑર્ડર) માટે ઉપલબ્ધ પુસ્તક અને પ્રકાશિત પુસ્તકના અર્થ અલગ-અલગ થાય છે.તેણે વધુમાં ખુલાસો કરતા જણાવ્યું હતું કે જાહેર કરાયેલું પુસ્તક (એનાઉન્સ્ડ બુક) એટલે કે પ્રકાશક સંબંધિત પુસ્તક ભવિષ્યમાં પ્રકાશિત કરવાની ઇચ્છા ધરાવે છે અને તેનું 'ટાઇટલ' હજી 'વેચાણ માટે' ઉપલબ્ધ નથી. 'પ્રી-ઑર્ડર' (એડવાન્સ ઑર્ડર) માટે પુસ્તકનું લિસ્ટિંગ કરવાની બાબત 'પ્રકાશનની સામાન્ય રીત' (સ્ટાન્ડર્ડ પબ્લિશિંગ પ્રેક્ટિસ) છે અને તેના આધારે વાચકો અને છૂટક વિક્રેતાઓ અગાઉથી જ ઑર્ડર આપી શકે છે, પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે આ પુસ્તકનું 'પ્રકાશન થયું છે કે ઉપલબ્ધ' છે.રાહુલ ગાંધી આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે નરવણેએ સોશ્યલ મીડિયા 'એક્સ' (અગાઉનું 'ટ્વિટર') પર લખ્યું હતું કે કેમ છો મિત્રો! મારું પુસ્તક હવે ઉપલબ્ધ છે. માત્ર આ લિંકને ફૉલૉ કરો. વાંચનનો આનંદ માણો. જય હિંદ.રાહુલે સવાલ કર્યો હતો કે પૅન્ગ્વિન કહે છે કે આ પુસ્તકનું 'પ્રકાશન' નહોતું થયું, જ્યારે એમેઝોન તેને 'ઉપલબ્ધ' પુસ્તક કહેતું હતું. નરવણેએ ટ્વિટ કરીને લોકોને પોતાનું પુસ્તક ખરીદવા વિનંતિ કરી હતી. તમે પૅન્ગ્વિનની વાત સાચી માનશો કે નરવણેની? હું નરવણેની વાત સાચી માનું છું. (એજન્સી)

### બાંગ્લાદેશમાં

રહેવાસી અને 'મેસર્સ ભાઈ ભાઈ એન્ટરપ્રાઈઝ' ના માલિક સુશેન ચંદ્ર સરકાર પોતાની ચોખાની દુકાને એકલા હતા. આ તકનો લાભ ઉઠાવી અજાણ્યા હુમલાખોરો દુકાનમાં ઘૂસી ગયા હતા અને કુહાડી જેવા તીક્ષ્ણ હથિયારથી તેમના પર હુમલો કર્યો હતો. નિર્મમ હત્યા કર્યા બાદ આરોપીઓ વેપારીના મૃતદેહને દુકાનની અંદર જ છોડી, શટરને તાળું મારી ફરાર થઈ ગયા હતા. ચૂંટણી પહેલા થયેલી આ લક્ષિત હત્યાને કારણે સ્થાનિક હિન્દુ સમુદાયમાં ભારે રોષ અને દહેશતનો માહોલ જોવા મળી રહ્યો છે.

### એચ-વન બી વિઝા

આપવાની મંજૂરી આપે છે.સ્ટ્યુબે કહ્યું હતું કે, અમેરિકન નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિ કરતાં વિદેશી કામદારોને પ્રાથમિકતા આપવાથી આપણા મૂલ્યો અને રાષ્ટ્રીય હિતને નુકસાન થાય છે. એચ-વન બી વિઝા કાર્યક્રમ દ્વારા આપણા કામદારો અને યુવાનો સતત વિસ્થાપિત અને હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે, જે આપણા કાર્યબળના ભોગે કંપનીઓ અને વિદેશી સ્પર્ધકોને ફાયદો પહોંચાડે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આપણે આપણા બાળકો માટે અમેરિકાના સપનાને ત્યાં સુધી સુરક્ષિત રાખી શકતા નથી જ્યાં સુધી આપણે તેનો એક ભાગ અમેરિકાના નાગરિકો ના હોય તેવા લોકોને આપવાનું ચાલુ રાખીશું. તેથી જ હું કામ કરતા અમેરિકનોને ફરીથી પ્રાથમિકતા આપવા માટે એક્સાઈલ એક્ટ રજૂ કરી રહ્યો છું.

## અમદાવાદ ઍરપોર્ટ પરથી મસાજના સાબુના પેકેટોમાં 30 કરોડનું ડ્રગ્સ ઝડપાયું, છ કિલો જથ્થા સાથે એક શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નશાકારક દ્રવ્યોની તસ્કરી ચિંતાનજક રીતે વધી છે. તેમાં પણ અમદાવાદ અને સુરત એરપોર્ટ તસ્કરોના મનપસંદ હોટસ્પોટ બન્યા છે. અમદાવાદ એરપોર્ટ પર ચેન્નઈના એક પ્રવાસી પાસેથી ૬.૮ કિલો જેટલું ડ્રગ્સ ઝડપાયું હતું. આ આરોપી મસાજના સાબુઓના ખોખાની અંદર ડ્રગ્સ લઈને આવ્યો હતો. ઝડપાયેલા ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૩૦ કરોડ હોવાનું બહાર આવ્યું હતું. સમગ્ર મામલે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ ખાતે એર એશિયા ફ્લાઇટ નંબર એકે-૯૧ દ્વારા કુઆલાલંપુરથી આવતા એક પુરુષ મુસાફરને અટકાવ્યો હતો. તેના સામાનની ચકાસણી કરતાં મુસાફરના સામાનમાંથી પ્રતિબંધિત માદક દ્રવ્ય ધરાવતા કુલ ૨૯ પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા. માદક દ્રવ્યોને કુદરતી સાબુ અને હર્બલ સાબુ બારના રૂપમાં કુશળતાપૂર્વક છુપાવવામાં આવ્યા હતા, જે મૂળ સાબુ પેકેજિંગ બોક્સમાં પેક કરવામાં આવ્યા હતા, જોકે સાબુના કોઈ વાસ્તવિક ઘટકો મળ્યા ન હતા, સાથે ત્રણ સફેદ પરબીડિયાઓ પણ મળી આવ્યા હતા. એક્સ-રે સ્ક્રીનિંગ દરમિયાન શોધ ટાળવા માટે પ્રતિબંધિત વસ્તુને ચાંદીના વરખ અને કાર્બન પેપરમાં વધુ લપેટવામાં આવી હતી. જપ્ત કરાયેલ પદાર્થના પ્રારંભિક પરીક્ષણમાં હેરોઈનની હાજરી દર્શાવવામાં આવી હતી. કુલ મળીને, ૨૬ સાબુના કદના બોક્સ અને ૩ સફેદ પરબીડિયાઓમાં છુપાયેલ ૬.૮ કિલો (કુલ) શંકાસ્પદ હેરોઈન એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલા શખ્સની પ્રાથમિક પૂછપરછમાં તે ચેન્નાઇનો રહીશ હોવાનું ખુલ્યું હતું. તેણે કસ્ટમ્સ અધિકારી સમક્ષ આપેલાં નિવેદનમાં જણાવ્યું હતું કે, તેણે ચેન્નાઇના જ એક વ્યક્તિએ આ વસ્તુઓ આપી હતી. તે તેણે એરપોર્ટ પર આપી દેવાના હતા. તે બદલ તેને ૩૦ હજાર રૂપિયા આપ્યા હતા.

## ૧૨ ફેબ્રુઆરીએ ફરી બેંકોની હડતાળ: ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત દેશભરમાં ફરી બેન્ક કર્મચારીઓ સહિત ટ્રેડ યુનિયનોએ આગામી ૧૨ ફેબ્રુઆરીએ હડતાળની જાહેરાત કરી છે. અલગ અલગ ટ્રેડ યુનિયનની હડતાળમાં ગુજરાતના ૨૫ હજાર બેન્ક કર્મચારીઓ જોડાશે.

બેન્કોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા છે. ૧૨મીએ હડતાળ પહેલા ૧૧ ફેબ્રુઆરીએ આશ્રમ રોડ પર બેન્ક એમ્પ્લોયી અને ટ્રેડ યુનિયનનો રેલી યોજી વિરોધ પ્રદર્શન કરશે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો - આઇએનટીયુસી, એઆઇટીયુસી, એચએમએસ, સીઆઇટીયુ, એઆઇયુટીયુસી, ટીયુસીસી, એસઇડબ્લ્યુએ, એઆઇસીસીટીયુ, એલપીએફ, યુટીયુસીએ ૧૨ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકાર દ્વારા હાલના ૨૯ શ્રમ કાયદાઓને બદલે ૪ નવા લેબર કોડ અંગેની તાજેતરની સૂચના અને શ્રમજીવી વર્ગ પર વધતા હુમલાઓના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે.

યુનિયનોનું માનવું છે કે નવા લેબર કોડ હેઠળ, મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુનિયન શરૂ કરવું, યુનિયન ચલાવવું, યુનિયનને સ્થિર નેતૃત્વ પૂરું પાડવું, હડતાળનું આયોજન કરવું વગેરે મુશ્કેલ બનશે. તેવી જ રીતે યુવાનો માટે વધુ રોજગારી ઊભી કરવાને બદલે, ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ સ્કીમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે યુવાનોના ભવિષ્યને જોખમમાં મૂકે છે. અત્યારે બેંક કર્મચારીઓ ૫ દિવસની બેન્કિંગ માગ કરી રહ્યા છે જ્યારે બેન્ક સંચાલકો કામના કલાકો વધારવા માટે પ્રસ્તાવ મૂકી રહ્યા છે.

નવા લેબર કોડ આવવાથી યુનિયનો દ્વારા હડતાળ મુશ્કેલ બનશે, માલિકો નવા શ્રમ કાયદા મુજબ કર્મચારીઓને મન ફાવે તેમ છૂટા કરી શકશે. માલિકોને તાળાબંધી અને છટણી કરવાની સત્તા મળશે જેનાથી કામદારોનું વધુ શોષણ થશે. બેન્કિંગ ઉદ્યોગમાં આઇડીબીઆઇ બેંક વેચવાના પ્રયાસો, આપણી ખાનગી બેંકોને રોકાણકારોને વેચવાના પ્રયાસો, રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ તમામ કારણોને લઈને ૧૦ ટ્રેડ યુનિયન ૧૨મીએ હડતાળ પર જઈ રહ્યું છે અને નવા લેબર કોડનો વિરોધ કરી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨મીની આ હડતાળમાં સ્ટેટ બેન્ક સિવાયની તમામ સરકારી બેન્કો, ફેડરલ બેન્ક અને કર્ણાટકા બેન્ક હડતાળમાં જોડાશે. ગુજરાતના ૨૫ હજાર બેન્ક કર્મચારીઓ જોડાશે. બેન્કોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## જૂનાગઢમાં આજથી મહાશિવરાત્રિ મેળાનો આરંભ, ૧૫ ફેબ્રુઆરી સુધી ભજન, ભોજન અને ભક્તિનો સંગમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં ૧૧ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી મહાશિવરાત્રિનો મેળો યોજાશે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમરૂપ મેળાનો વિધિવત પ્રારંભ ૧૧ ફેબ્રુઆરીએ સવારે ભવનાથ મંદિરે ધજારોહણ સાથે થશે.

એ જ દિવસે સાંજે ૭:૦૦ કલાકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય 'ડમરું યાત્રા', મહાઆરતી અને ધર્મસભા યોજાશે. યાત્રાના સમાપન બાદ ભવનાથ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીની મધ્યરાત્રિએ નીકળનારી સાધુ-સંતોની શાહી રવેડી અને ત્યારબાદ મૃગીકુંડમાં થતું શાહી સ્નાન આ મેળાનું સર્વોચ્ચ આધ્યાત્મિક આકર્ષણ રહેશે. જેમાં ભાગ લેવા ભારતભરમાંથી દિગંબર સાધુઓ અને નાગા સાધુઓ ઊમટી પડશે.

આ વિશાળ મેળા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રિકોના રાત્રિ રોકાણને આરામદાયક બનાવવા માટે ૮૦૦-૮૫૦ ભાવિકોની ક્ષમતાં ધરાવતો વિશાળ જર્મન ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. ભાવિકો માટે ૨૦૦૦ ચો.મી.માં ફેલાયેલા આ ડોમમાં ૭૦૦ પલંગ અને ૧૫૦ ફ્લોર બેડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે તેમને ૨૪ કલાક હાઉસકીપિંગ, મેડિકલ સહાય, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ અને સામાન રાખવા માટે અલગ લગેજ રેક જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. રવેડી રૂટ પર આકર્ષક રોશની, ૬ મુખ્ય પ્રવેશદ્વારોનું સુશોભન અને રસ્તામાં ૬ સેલ્ફી પોઈન્ટ્સ ઊભા કરાયા છે. શ્રદ્ધાળુઓ માટે ૧૪૦ પાણીની પરબ, ૨૮ મેડિકલ કાઉન્ટર્સ અને ૧૨૪ જેટલા હંગામી ટોઇલેટ્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળામાં સુરક્ષા માટે ગિરનાર પર્વત પર ૯૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. કોઈ પણ ઈમર્જન્સી માટે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ અને ફાયર ફાઈટરની ૬ ટીમો તૈયાર રખાઈ છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ૪ ટીમો અને સ્નિફર ડોગ દ્વારા સતત એન્ટી-સેબોટેજ ચેકિંગ કરવામાં આવશે.

વળી ભવનાથ તળેટી ખાતે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસની સામે તા. ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન દરરોજ બે સત્રમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં દેશ-વિદેશના ખ્યાતનામ કલાકારો અને સ્થાનિક કલાકારો ભક્તિરસ પીરસશે.

લાખો ભાવિકોની સુરક્ષા અને સગવડતા માટે તંત્ર દ્વારા ૩૦ જેટલી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે, જે સ્વાસ્થ્યથી લઈને ટ્રાફિક સુધીની તમામ જવાબદારીઓ સંભાળશે. મેળા દરમિયાન લાખોની ભીડમાં કોઈ પણ પ્રકારની મેડિકલ ઈમર્જન્સી, ચોરી કે અન્ય મુશ્કેલીના સમયે શ્રદ્ધાળુઓને તુરંત મદદ મળે તે માટે વહીવટી તંત્રએ વિસ્તૃત હેલ્પલાઈન નંબરોની યાદી જાહેર કરી છે. આ કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહેશે જેથી યાત્રિકોને જરૂરી માહિતી અને સહાય મળી રહે. મેળાના સુચારું સંચાલન માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ઝોનલ ઓફિસોની સ્થાપના કરવામાં આવી છે.

જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતના ભાવિકો માટે ૪૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. તારીખ ૧૧ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે જૂનાગઢ બસ સ્ટેશનથી આ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે.

## દેવભૂમિ દ્વારકાના વર્તુ-૨ ડેમના દરવાજા સમારકામ માટે ખુલ્લા મુકાયા: ૧૪ ગામમાં અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકામાં ભરશિયાળે ડેમના દરવાજા ખુલ્લા મૂકવાની ફરજ તંત્રને પડી છે. અહીંના કલ્યાણપુર તાલુકામાં આવેલા વર્તુ-૨ ડેમના દરવાજા ખુલ્લા મૂકવામાં આવ્યા છે. ડેમના દરવાજા સમારકામ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે અને તેના લીધે આસપાસના લગભગ ૧૪ ગામને એલર્ટ આપવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તંત્રએ આપેલી માહિતી અનુસાર ૩૨ દરવાજાવાળા આ ડેમના દરવાજાઓમાં ટેક્નિકલ ખામી હોવાથી મેઈન્ટેનન્સનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ચાર દરવાજા લગભગ અડધો ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા. ડેમમાં પાણી છોડ્યા બાદ તંત્ર સજ્જ બન્યું હતું.

ડેમના દરવાજા ખોલાતા જ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાના નીચાણવાળા વિસ્તારમાં આવતા આશરે ૧૪ જેટલા ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે કે નદીના પટમાં કોઈએ અવરજવર કરવી નહીં તેમજ માલઢોર કે પશુઓને નદી વિસ્તારમાં ન લાવવા પણ સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમદાવાદમાં ઈસનપુરની કેમિકલ ફેક્ટરીમાં ભયાનક આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉનાળાની શરૂઆત પૂર્વે જ આગની ઘટનાઓ વધી છે. શહેરના વ્યસ્ત ગણાતા ઇસનપુર વિસ્તારમાં એકાએક લાગેલી આગને કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઔદ્યોગિક એકમો અને રહેણાક સોસાયટીઓની નજીક આવેલા આ વિસ્તારમાં લાગેલી આગ એટલી ભીષણ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા આકાશમાં કિલોમીટરો દૂરથી જોઈ શકાતા હતા.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ઇસનપુર વિસ્તારમાં આવેલી મોની હોટલની ગલીમાં સ્થિત 'ગુરુકૃપા એસ્ટેટ'ની એક કેમિકલ ફેક્ટરીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. કેમિકલનો જથ્થો હોવાને કારણે આગે થોડાજ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરબ્રિગેડની ૮ જેટલી ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગને શાંત પાડવાના પ્રયાસો થયા હતા.

જે ફેક્ટરીમાં આગ લાગી છે તેની આસપાસ અનેક નાની-મોટી દુકાનો અને રહેણાક મકાનો આવેલા છે. કેમિકલના કારણે આગ વધુ પ્રસરે તેવી ભીતિને કારણે લોકોમાં દોડધામ મચી ગઈ હતી. સાવચેતીના ભાગરૂપે આસપાસનો વિસ્તાર ખાલી કરાવવામાં આવ્યો હતો. સદ્નસીબે, હજુ સુધી આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, જે મોટી રાહતની વાત છે. જોકે, ફેક્ટરીમાં રાખેલો લાખોની કિંમતનો માલસામાન અને મશીનરી બળીને ખાખ થઈ જવાની આશંકા સેવાઈ રહી છે. હાલમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી.

## ગુજરાતની નવ એપીએમસીમાં ચૂંટણી યોજવાનો રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, ૧૫ એપીએમસીની મુદત લંબાવવામાં આવી

અમદાવાદ: ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ એપીએમસીના સુચારુ વહીવટ માટે બે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે રાજ્યની ૦૯ એપીએમસીમાં ચૂંટણી યોજવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે. જ્યારે, વહીવટી કારણોસર અન્ય ૧૫ એપીએમસીની મુદત લંબાવવામાં આવી છે. આ સંદર્ભે વિગતવાર માહિતી આપતા કૃષિ અને સહકાર પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ વિભાગ દ્વારા રાજ્યમાં જે બજાર સમિતિઓની મુદત પૂર્ણ થઈ છે, ત્યાં ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવાની નિયમોનુસારની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવા 'ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર' નિયામકશ્રીને જાણ કરવામાં આવી છે. આ નિર્ણયથી સ્થાનિક સ્તરે ખેડૂત પ્રતિનિધિઓની પસંદગીનો માર્ગ વધુ મોકળો થયો છે.

આ નિર્ણયના પરિણામે રાજ્યની ૦૯ બજાર સમિતિઓમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે: ૧. ભાણવડ (દેવભૂમિ દ્વારકા) ૨. ધોલેરા (અમદાવાદ) ૩. તલોદ (સાબરકાંઠા) ૪. સાગબારા (નર્મદા) ૫. કુકરમુંડા (તાપી) ૬. સુરેન્દ્રનગર ૭. કામરેજ (સુરત) ૮. રાણપુર (બોટાદ) ૯. બરવાળા (બોટાદ) મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં હાલ ચાલી રહેલી મતદારયાદી સુધારણા (સર) ની કામગીરીમાં રાજ્ય ચૂંટણી પંચના આદેશથી જિલ્લા રજિસ્ટ્રાર અને કચેરીનો સ્ટાફ વ્યસ્ત છે. આથી જે બજાર સમિતિઓની મુદત પૂર્ણ થઈ છે અથવા પૂર્ણ થવામાં છે, તેવી સમિતિઓમાં ચૂંટણીનું તાત્કાલિક આયોજન કરવું શક્ય ન હોવાથી ૧૫ એપીએમસીને ૦૬ મહિનાનો મુદત વધારો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ગુજરાતમાં ૨૦ એપ્રિલથી મકાનોની ગણતરી શરૂ, સેન્સસ અધિકારી નાગરિકોને 33 સવાલો પૂછશે

અમદાવાદ: ગુજરાતમાં વસ્તી ગણતરીની તારીખની જાહેરાત કરી દેવામાં આવી છે. વસ્તી ગણતરીના પ્રથમ ચરણમાં નાગરિકોના રહેણાંકની સ્થિતિનો મૂલ્યાંકન રિપોર્ટ હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં આ કામગીરી ૨૦ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. આ કામગીરી એક મહિના સુધી એટલે કે કુલ ૩૦ દિવસ સુધી ચાલશે. આ તબક્કાની કામગીરી ૧૯ મે, ૨૦૨૬ના રોજ પૂર્ણ થશે.

ગુજરાતમાં વસ્તી ગણતરીના પ્રથમ ચરણની જાહેરાત કરી દેવામાં આવી છે. નાગરિકોના રહેણાંકની સ્થિતિનો મૂલ્યાંકન રિપોર્ટની કામગીરીનો પ્રારંભ ૨૦ એપ્રિલથી શરૂ કરવામાં આવશે અને તે ૧૯ મે, ૨૦૨૬ના રોજ પૂર્ણ થશે. એટલે કે એક મહિના સુધી આ કામગીરી કરવામાં આવશે અને આ કામગીરીમાં સેન્સસ અધિકારી નાગરિકોને ૩૩ સવાલો પૂછી શકે છે. આ ૩૩ સવાલો અંગેનું જાહેરનામું કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળ આવતા ભારતના ઓફિસર ઓફ રજિસ્ટ્રાર જનરલ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું કેન્દ્ર સરકારના જાહેરનામા બાદ આ અંગે ગુજરાત સરકારે પણ એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. સમગ્ર દેશમાં નાગરિકોના રહેણાંકની સ્થિતિના મૂલ્યાંકન રિપોર્ટની કામગીરીની શરૂઆત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવનાર છે, ત્યારે આ દરમિયાન નાગરિકોને પોતાની માહિતી જાતે નોંધવાની તક મળી રહેશે.

## સુરતમાં પતિ, પત્ની અને પુત્રની લાશ મળતા ચકચાર, સામૂહિક આત્મહત્યાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના લાલગેટ વિસ્તારમાં ૧૦ ફેબ્રુઆરી મંગળવારના રોજ પતિ, પત્ની અને પુત્રના રહસ્યમય મોતથી ચકચાર મચી ગયો હતો. ત્રણેયના મૃતદેહ ઘરના અલગ અલગ રૂમમાંથી મળી આવ્યા હતા. આ ત્રણેયનાં મોત પાછળ ગૂંગળામણ કે આપઘાતની શંકા સેવાઈ રહી છે. પોલીસે ત્રણેયના મૃતદેહોને સિવિલ હોસ્પિટલ ખાતે 'પોસ્ટમોર્ટમ' માટે મોકલી આપ્યા હતા. પીએમ રિપોર્ટ અને વિસેરા રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું અને સત્તાવાર કારણ જાણી શકાશે. પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત અનુસાર, સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં હરિપુરા સૌય શેરીમાં રહેતા પરિવારના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. મૃતકોની ઓળખ પતિ ફૈઝ અહેમદ (૩૬), પત્ની મુબીના અહેમદ (૩૨) અને નોમાન અહેમદ (૧૩) તરીકે થઈ છે. ફૈઝ અહેમદ કેમિકલના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. હજુ માત્ર ચાર દિવસ પહેલાં જ પરિવાર સાઉદીથી ઉમરાહ કરીને ખૂબ જ ખુશી સાથે સુરત પરત ફર્યો હતો. આ પરિવારનું કયા સંજોગોમાં મોત થયું તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતક ફૈઝ અહેમદ વ્યવસાયે 'કેમિકલના વ્યવસાય' સાથે સંકળાયેલા હતા. પરિવાર આર્થિક રીતે પણ સધ્ધર હોવાનું મનાય છે અને તેઓ તાજેતરમાં જ સાઉદી અરેબિયાથી ધાર્મિક યાત્રા કરીને પરત ફર્યા હતા. એકાએક બનેલી આ ઘટનાએ અનેક તર્ક-વિતર્કો ઊભા કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં નોંધપાત્ર રીતે આપઘાતની ઘટનાઓ વધી રહી છે. ગત અઠવાડિયે સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ દીકરાના લગ્ન પહેલા લમણે ગોળી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ચોથી ફેબ્રુઆરીએ રાતે ડોક્ટરોએ તેમને સઘન સારવાર માટે બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. જેથી પરિવારે અંગદાન કરવાની જાહેરાત કરી હતી. જો કે, ૫ ફેબ્રુઆરી એટલે કે દીકરાના લગ્નના દિવસે જ તેમને કાર્ડિયાક અરેસ્ટ આવતા મોત નીપજ્યું હતું.

## ભવનાથ મહાશિવરાત્રી મેળા માટે એસ.ટી. વિભાગ ૭૮૦૦થી વધુ ટ્રિપોનું સંચાલન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ ખાતે બુધવારથી આગામી પાંચ દિવસ દરમિયાન જૂનાગઢ ખાતે મહાશિવરાત્રી મેળો યોજાવાનો છે. આ મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે એસ.ટી. નિગમ દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગત વર્ષે ૨.૯૧ લાખ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો, જેને ધ્યાને રાખી આ વર્ષે ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં આ વર્ષે અંદાજે ૧૯૫ જેટલી વધુ બસમાં ૭૮૦૦ થી વધુ ટ્રીપો દ્વારા ૩.૭૦ લાખ જેટલા મુસાફરોને સુવિધા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મહાશિવરાત્રી મેળાને 'મિનિ કુંભ મેળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને ઐતિહાસિક બનવાનો છે ત્યારે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભવનાથના દર્શનાર્થે આવશે. શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા માટે કુલ ૧૯૫ વધારાની બસો દોડાવવામાં આવશે. જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી જવા માટે દૈનિક ૮૦ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.

આંતર-જિલ્લા સુવિધા માટે આસપાસના જિલ્લાઓમાંથી આવતા ભક્તો માટે જૂનાગઢ ડિવિઝનની ૬૫ અને અન્ય ડિવિઝનની ૫૦ મળીને કુલ ૧૧૫ એક્સપ્રેસ બસો દોડાવવામાં આવશે.

## સુરતમાં કાપડના વેપારી પાસેથી ૪૦ લાખની છેતરપિંડી કરનાર બે શખસ અમદાવાદથી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં કાપડના વેપારી પાસેથી લાખો રૂપિયાનો માલ મંગાવી તેની ચુકવણી ન કરી છેતરપિંડી આચરનાર ટોળકીના બે સાગરીતોને અમદાવાદના સારંગપુર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. સારોલી વિસ્તારમાં 'શ્રી અરહમ સિલ્ક મિલ્સ' નામે વેપાર કરતા વિજીત ચંદનકુમાર શાહ સાથે પાંચ જેટલા શખ્સોએ સારા સંબંધો બનાવી છેતરપિંડી આચરી હતી. આ આરોપીઓએ દલાલ અમીતભાઈ ગુરનાની મારફતે વેપારીનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં મીઠી-મીઠી વાતો કરી વિશ્વાસ જીતવા માટે નાના ઓર્ડરના પેમેન્ટ સમયસર કરી દીધા હતા. એકવાર વિશ્વાસ બેસી ગયા બાદ, આરોપીઓએ અલગ-અલગ પેઢીઓના નામે કુલ રૂ. ૩૯,૬૩,૨૨૮/- ની કિંમતનો કાપડનો માલ મંગાવ્યો હતો. આ માલ મેળવ્યા બાદ વેપારીને પેમેન્ટ માટે વાયદાઓ આપી, ગલ્લા-તલ્લા કરી છેવટે રકમ ન ચુકવી છેતરપિંડી આચરી હતી.

## ગુજરાત સરકારે આઠ વર્ષ પછી મહેસૂલ વસૂલાતની સત્તા પંચાયત વિભાગને સોંપી

અમદાવાદ: ગાંધીનગર સ્થિત સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકની કચેરી દ્વારા સિટી સર્વે વિસ્તાર હેઠળની મિલકતોના મહેસૂલ વસૂલાત બાબતે મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો .અગાઉ રાજ્યની તમામ મહાનગર પાલિકા અને નગર પાલિકા હેઠળ આવતા વિસ્તારમાં મહેસૂલ વસૂલાતની સત્તા તલાટીઓ પાસેથી આંચકીને સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી. જો કે ૮ વર્ષ બાદ ફરીથી મહેસૂલ વસૂલાતની સત્તા ગ્રામ પંચાયત તલાટીઓને સોંપવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૧૮માં પ્રસિદ્ધ જાહેરનામા મુજબ, મહેસૂલ વસૂલવાની સત્તા તલાટીઓ પાસેથી આંચકીને સિટી સર્વે કચેરીના મેઈન્ટેનન્સ સર્વેયરોને સોંપવામાં આવી હતી. આ નિર્ણયનો શરૂઆતથી જ વિરોધ થઈ રહ્યો હતો. જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડ બનાવવા સહિતની કામગીરી તેમજ સ્ટાફની અછતના કારણે મહેસૂલની ઉઘરાણી મુશ્કેલ બની હતી. જોકે તાજેતરની સ્પષ્ટતા મુજબ હવે આ જોગવાઈ ફક્ત 'પરિવર્તનીય વિસ્તારો'માં જ લાગુ પડશે. એટલે કે, સિટી સર્વે કચેરીના મેન્ટેનન્સ સર્વેયર હવે માત્ર પરિવર્તનીય વિસ્તાર હેઠળની મિલકતોના ગામ નમૂના નં. ૨ની વસૂલાત કરી શકશે. નગરપાલિકા, મહાનગરપાલિકા અને પરિવર્તનીય વિસ્તારો સિવાયના તમામ વિસ્તારોમાં બિનખેતીની ગામ નમૂના નં. ૨ની વસૂલાત અગાઉની જેમ જ પંચાયત વિભાગ દ્વારા કરવાની રહેશે.

## રાજકોટ મનપાનું બજેટ મંજૂર

### રેસકોર્સના બ્યુટીફિકેશન સહિતની યોજનાઓ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું બજેટ મંજૂર થઈ ગયું છે. બજેટમાં મહિલાઓની સવલતો અને રાજકોટના મુખ્ય આકર્ષણ રેસકોર્સના બ્યુટીફિકેશનનો સમાવેશ થાય છે. સ્ટેન્ડિંગ કમિટીએ રૂ. ૩૬૦૪.૯૦ કરોડનો સમાવેશ થાય છે. આ બજેટમાં શહેરીજનોને રાહત આપવામાં આવી છે. મહાનગરપાલિકા કમિશનર દ્વારા સૂચવવામાં આવેલો રૂ. ૯૫ કરોડનો નવો કરબોજ સ્ટેન્ડિંગ કમિટીએ ફગાવી દેતા મિલકતધારકોમાં રાહતની લાગણી જોવા મળી હતી. બજેટમાં મિલકત વેરા અને પાણી વેરાના વ્યાજમાં રૂ. ૫,૦૦૦ સુધીની માફી આપવાની જાહેરાત કરવામાં આવી છે. આથી કુલ રૂ. ૧૦,૦૦૦ની વ્યાજમાફી શહેરીજનોને મળશે.

શહેરના રિયલ એસ્ટેટ સેક્ટર માટે પણ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્લાવર બેડના રેગ્યુલરાઇઝ માટે રૂ. ૫૦ લાખથી નીચેની રકમ એક સાથે ભરપાઈ કરવાની રહેશે. વધારે રકમ ભરપાઈ કરવા માટે ચાર હપ્તાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો હતો.

## અમદાવાદના ૫૦ કરોડના ઈકો-ફ્રેન્ડલી ફ્લોટિંગ સોલાર પ્લાન્ટનો પ્રસ્તાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાણાકીય વર્ષ ૨૦૨૬ માટેના તેના અંતિમ બજેટમાં, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) એ પર્યાવરણને અનુકૂળ ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ સ્થાપિત કરવાની યોજના જાહેર કરી છે. આ પ્રોજેક્ટ હેઠળ, ખુલ્લા જળાશયો પર તરતા સોલાર પેનલ્સ મૂકવામાં આવશે. આવા સોલાર પેનલ્સમાં માઇક્રોપ્લાસ્ટિક નહીં હોય અને તે ૧૦૦ ટકા રિસાઇકલ કરી શકાય તેવા હશે. પેનલ્સના આવા પ્લેસમેન્ટથી પાણીનું બાષ્પીભવન ઘટશે અને શેવાળ પર પણ નિયંત્રણ મૂકી શકાશે. તે સૌર ઊર્જા ઉત્પાદન માટે જમીનનો ઉપયોગ બચાવશે. મનપાએ ૧૦ મેગાવોટના સોલાર પ્લાન્ટની યોજના બનાવી છે અને તેના માટે રૂ. ૫૦ કરોડની ફાળવણીનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મનપાની સ્ટેન્ડિંગ કમિટીએ આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે રૂ. ૫૦.૦૦ કરોડ ફાળવ્યા છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય લાંભા તળાવ પર ૧૦ મેગાવોટનો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાનો છે. આ તળાવમાં પાણીનું સ્તર જળવાઈ રહેતું હોવાથી તેની પસંદગી થઈ હોવાનું માનવામાં આવે છે.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય બિનઉપયોગી જળાશયોનો ઉપયોગ કરીને સ્વચ્છ વીજળી ઉત્પન્ન કરવાનો. આ સાથે પર્યાવરણનું પણ ધ્યાન પણ રહે તે છે.

# સંસ્થા સમાચાર

## શ્રી હિંગવાલા સંઘમાં ઉજવાઇ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫મી દીક્ષાજયંતી



ઘાટકોપરના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, હિંગવાલા લેનના આંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫મી દીક્ષાજયંતી અવસરે આયોજિત 'સંયમ વંદનોત્સવ' કાર્યક્રમ હજારો ભાવિકોના હૃદયની અહોભાવભીની ભક્તિભાવના સાથે ઉજવાયેલ.

આ અવસરે ડૉ. પૂ. શ્રી જશુબાઇ મ. આદિ ઠાણા, વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઇ મ. આદિ ઠાણા, ડૉ. પૂ. શ્રી ડોલરબાઇ મ., પૂ. ઊર્મિબાઇ મ., પૂ. શ્રી ભારતીબાઇ મ. આદિ ઠાણા, પૂ. શ્રી ધર્મિલાબાઇ મ. આદિ, અજરામર સંપ્રદાયના પૂ. શ્રી સુવર્ણાબાઇ મ., પૂ. શ્રી પુનિતાબાઇ મ., બોટાદ સંપ્રદાયનાં પૂ. શ્રી. વંદનાબાઇ મ., આઠ કોટિ મોટી પક્ષ સંપ્રદાયના પૂ. શ્રી. સુયેશાબાઇ મ., પૂ. શ્રી કોકિલાબાઇ મ., કોર્પોરેટર રાખીબેન જાદવ, ધર્મેશભાઇ ગીરી, શ્રી સમસ્ત મુંબઇ સ્થાનકવાસી જૈન સંઘો, મહિલા મંડળો તેમ જ બહોળી સંખ્યામાં પધારેલા દેશ-વિદેશના હજારો ભાવિકો અહોભાવભીની વંદનાની અર્પણતા કરીને ધન્ય બન્યાં હતાં. આ અવસરે શ્રી સંઘના પ્રમુખ દર્શકભાઇ રૂપાણી દ્વારા સહુનું સ્વાગત કરવામાં આવેલ તેમ જ સમગ્ર કાર્યક્રમનું સંચાલન છાયાબેન કોટિચાએ કરેલ.

## મુંબઈની લોકલ

મુસાફરો મૃત્યુ પામ્યા હતા. આ જ સમયગાળા દરમિયાન, મધ્ય રેલવે પર ૧,૫૬૫ અને પશ્ચિમ રેલવે પર ૯૮૯ મુસાફરો, આમ કુલ ૨,૫૫૪ મુસાફરો ઘાયલ થયા હતા. આ સમયગાળા દરમિયાન ૧,૭૧૩ મુસાફરો ચાલતી લોકલ ટ્રેનોમાંથી પડી ગયા હતા, જેમાંથી ૧,૧૮૮ ઘાયલ થયા અને ૫૨૫ લોકોના મોત થયા. ચાલતી લોકલ ટ્રેનોમાંથી પડી જવાથી દરરોજ સરેરાશ ત્રણ મુસાફરો ઘાયલ થાય છે. જોકે, સૌથી વધુ મૃત્યુ રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે થાય છે. મધ્ય અને પશ્ચિમ રેલવે પર કુલ ૧,૦૬૩ મુસાફરોના મૃત્યુ ટ્રેક ક્રોસ કરતી વખતે થયા હતા. દરરોજ સરેરાશ ત્રણ મુસાફરો રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે મૃત્યુ પામે છે. મહારાષ્ટ્ર મહિલા પ્રવાસી સંગઠનના પ્રમુખ વંદના સોનાવણેએ કહ્યું કે, બોરીવલી - દહાણુ, કલ્યાણ - કસારા - ખોપોલી વચ્ચે વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે.અહીંથી મુસાફરી કરતા મુસાફરોની સંખ્યાની સરખામણીમાં સ્થાનિક સેવાઓ મર્યાદિત છે. ભીડના સમયમાં મુસાફરોને પોતાનો જીવ હાથમાં રાખીને મુસાફરી કરવી પડે છે.

## અભિનેતા રણવીર

છે. ધમકીભરી વૉઈસ નોટ મળતાં જ રણવીરે ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધ્યો હતો. સતર્કતા ખાતર પોલીસે તેના ઘર ફરતે સુરક્ષા વધારી દીધી હતી.

પોલીસને શંકા છે કે લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા જ ખંડણી વસૂલવાને ઇરાદે રણવીરને ધમકી આપવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ મામલે તપાસ કરી રહી હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

રણવીરના મધ્ય મુંબઈના નિવાસસ્થાને મુંબઈ પોલીસ ઉપરાંત, ખાનગી ગાર્ડ પણ તહેનાત કરી દેવામાં આવ્યા છે. આ ગાર્ડ્સ શસ્ત્રો સાથે સોસાયટીમાં આંટા મારતા હોવાથી રહેવાસીઓને જોખમ હોવાનો મુદ્દો સોસાયટી દ્વારા ઉઠાવાયો છે. સોસાયટીની મૅનેજિંગ કમિટીએ મંગળવારે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. કમિટીએ જણાવ્યું હતું કે જ્યારથી શસ્ત્રોધારી ગાર્ડ્સ લૉબી, જિમ્નેશિયમ અને બાળકોને રમવાના એરિયા જેવા સોસાયટીના કૉમન એરિયામાં આંટા મારતા થયા છે ત્યારથી રહેવાસીઓમાં સુરક્ષાને લઈ ચિંતા ફેલાઈ છે. (પીટીઆઈ)

## ગોવંડીમાં

આસપાસ શિફા ફુરકાન પરિસરમાંથી પસાર થતી હતી ત્યારે તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પિસ્તોલમાંથી એક રાઉન્ડ ફાયર કરવામાં આવતાં ગોળી શિફાના લમણે વાગી હતી. લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડેલી શિફાને તાત્કાલિક નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હૉસ્પિટલમાં મોકલી શિવાજી નગર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ગોળીબારમાં સંડોવાયેલી યુવતીને તાબામાં લઈ પોલીસે તેની પૂછપરછ હાથ ધરી હતી.

## મુંબઈમાં

માટે પણ ૪૪ વર્ષ પછી મુંબઈ મહાનગરપાલિકામાં તેમનું પુનરાગમન રહેશે. એ સાથે જ એશિયાની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકામાં શિવસેનાનું લગભગ ત્રણ દાયકાથી રહેલા વર્ચસ્વનો પણ ઔપચારિક રીતે અંત લાવશે.

મુંબઈ મહાનગરપાલિકા-૨૦૨૬ની ચૂંટણીમાં ૨૨૭ વોર્ડમાંથી ૮૯ વોર્ડમાં ભાજપના નગરસેવકો ચૂંટાઈ આવતા તે સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો, જ્યારે તેમનો સાથી પક્ષ શિવસેના (શિંદ) ૨૯ બેઠકો જીતવામાં સફળ રહ્યો હતો. કોંકણ ડિવિઝનલ કમિશનર પાસે ભાજપે, શિંદે સેના સાથે એક જૂથ તરીકે અને તેમાં એનસીપીના ચાર નગરસેવકો પણ જોડાયા હોવાથી મહાયુતિ ગઠબંધનની સંખ્યા હવે ૧૨૨ થઈ ગઈ છે, તેનાથી હવે મહાનગરપાલિકા પર તેમનું નિયંત્રણ વધુ મજબૂત બની ગયું છે.

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ મૅયર પદ માટેની ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લેતા રિતુ તાવડે ૧૧ ફેબ્રુઆરીએ મુંબઈના મેયર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવશે. તે સાથે જ મુંબઈમાં પોતાના જોરે મુંબઈ મહાનગરપાલિકા પર કબજો કરવાનું ભાજપનું દાયકા જૂનું સપનું પૂરું થશે. શિંદેસેનાના સંજય ઘાડી ડેપ્યુટી મૅયર પદ સંભાળશે.

મુંબઈમાં ભાજપના પહેલા મૅયર ડૉ. પ્રભાકર પૈ હતા, જેમણે ૧૯૮૨થી ૧૯૮૩ સુધી પાર્ટીની સ્થાપનાના થોડા વર્ષ સુધી પદ સંભાળ્યું હતું. એ બાદ ૧૯૯૭માં અવિભાજિત શિવસેનાએ મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા મેળવી હતી. ભાજપની ૨૬ બેઠક સામે તેમણે ૧૦૩ બેઠકો જીતી હતી. તેથી શિવસેનાએ તેમની સાથે મૅયર પદ કે પછી અન્ય કોઈપણ વૈધાનિક સમિતિના અધ્યક્ષપદની વહેંચણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેથી ભાજપ પાસે ફક્ત સ્પેશિયલ કમિટી જ રહી હતી. હવે લગભગ ત્રણ દાયકા બાદ ભાજપ સૌથી ધનિક ગણાતી મુંબઈ મહાનગરપાલિકા પર સંપૂર્ણરીતે નિયંત્રણ મેળવવા માટે તૈયાર થઈ ગઈ છે.

મંગળવારે દક્ષિણ મુંબઈમાં પાલિકાના મુખ્યાલયની આજુબાજુના વિસ્તારથી લઈને હુતાત્મા ચૌક સુધીનો વિસ્તાર ભાજપના ભગવા ઝંડાથી છવાઈ ગયો હતો, જે મેયરની ચૂંટણી પહેલા પક્ષના ઐતિહાસિક રાજકીય પુનરાગમનના સંકેત સાથે રાજકીય શક્તિનું પ્રદર્શન માનવામાં આવે છે.

બુધવારના મેયરની ચૂંટણી સાથે જ મુંબઈ મહાનગરપાલિકામાં ચાર વર્ષના વહીવટી શાસનનો અંત આવશે, જે તેના ૧૫૦ વર્ષના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી લાંબો ગણાય છે. મુંબઈ મહાનગરપાલિકાના તત્કાલિકન કમિશનર ઈકબાલસિંહ ચહલને આઠ માર્ચ, ૨૦૨૨ના રોજ રાજ્યના પ્રશાસક તરીકે નીમવામાં આવ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

## કસારા ફાસ્ટ

પહેલાથી જ ખૂબ ભીડ હોય છે. તેમાં દિવા સ્ટેશન પર સ્ટોપ હોવાને કારણે આ ટ્રેનોમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ચઢી રહ્યા છે. ખાસ કરીને દિવા અને થાણે બંને સ્ટેશનો એક જ બાજુ આવતા હોવાથી ઘણા મુસાફરો માટે થાણે સ્ટેશન પર ઉતરવું મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને અપંગ મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મુસાફરો કહી રહ્યા છે કે તેમને ઘણી વખત જીવના જોખમે લોકલ ટ્રેનોમાંથી ઉતરવું પડે છે. આ કારણે કલ્યાણ-કસારા રેલવે પેસેન્જર્સ વેલફેર એસોસિએશને દિવા સ્ટેશન પર કસારા ફાસ્ટ લોકલના સ્ટોપને તાત્કાલિક રદ કરવાની માગ કરી છે.

## અજિતદાદાની

જમીન સંપાદનને મંજૂરી આપવામાં આવી છે. જમીન સંપાદન માટે જરૂરી ભંડોળને પણ મંજૂરી આપવામાં આવી છે. આ એરપોર્ટ માટે જેમની જમીન જવાની છે તેમાંથી લગભગ ૯૬ ટકા લોકોએ જમીન આપવાની મંજૂરી આપી દીધી છે. જળ સંસાધન વિભાગમાં પણ એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ૪૦ પ્રોજેક્ટ્સ અને ૧૦૦ નહેરો પૂર્ણ કરવા માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની લાંબા ગાળાની લોન મંજૂર કરવામાં આવી છે. આ તમામ પ્રોજેક્ટ્સ આગામી એકથી બે વર્ષમાં પૂર્ણ થશે.

અજિત પવારના અવસાન પછી રાજ્યમાં પહેલી કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય પ્રધાને અજિત દાદા દ્વારા ઉલ્લેખિત ત્રણ મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી હતી. (૧) બારામતીમાં ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. (૨) વાલચંદનગર - રત્નાપુર એમઆઈડીસી માટે ૧૦૦૦ એકર જમીન આપવાની પણ મંજૂરી આપવામાં આવી છે. (૩) રાજ્યમાં ૧૧ વધારાના જિલ્લા કલેક્ટરોની નિમણૂક કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

બેઠકમાં, પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે માગ કરી હતી કે વિધાનસભા પરિસરમાં સ્વર્ગસ્થ અજિતદાદા પવારનું તૈલચિત્ર લગાવવામાં આવે. મુખ્ય પ્રધાને તેનો સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે અને આગામી બજેટ સત્ર પહેલા વિધાનસભા પરિસરમાં તેમનું તૈલચિત્ર લગાડવામાં આવશે.

## રાજ્યમાં ભારે વાહનો

લેવાયો હતો. ત્રણ ફેબ્રુઆરીના થયેલા એક્સિડન્ટને પગલે લગભગ ૩૨ કલાક માટે મુંબઈ-પુણે હાઈવે ખોરવાઈ ગયો હતો. પ્રવાસીઓમાં મહિલા, નાના બાળકો અને સિનિયિર સિટિઝનને ભારે હાલાકી થઈ હતી. પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરની બેદરકારી અને ઓવરટેકને કારણે વાહન પરથી નિયંત્રણ છૂટી ગયું હોવાનું જણાયું હતું. ભવિષ્યમાં આવી દુર્ઘટના ઘટે નહીં તે માટે વાહનોના ડ્રાઈવરની ડ્રાઈવિંગ પદ્ધતિ પર નિયંત્રણ લાવવું આવશ્યક હોવા પર આ બેઠકમાં પરવિહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ભાર આપ્યો હતો.

મંગળવારની બેઠકમાં રાજ્યના તમામ ભારે વાહનોની ટેક્નિકલ તપાસ કરવામાં આવશે. ખાસ કરીને ફોર્મ ૧૩૮/એ અંતર્ગત આપવામાં આવનારા વેહિકલ ફીટનેસ સર્ટિફિકેટ પ્રક્રિયામાં પારદર્શકતા રાખવા પર ભાર આપવાનો પણ તેમણે નિર્દેશ આપ્યો છે. હાઈવે પર જ્યાં વધુ એક્સિડન્ટ થતા હોય છે તેવા બ્લેક સ્પોર્ટ પર ખાસ નજર રાખવામાં આવવાની છે. હાઈવે પર એક્સિડન્ટ રોકવા માટે દીર્ઘકાલીન ઉપાયયોજનાનો વિગતવાર અહેવાલ આગામી બજેટ અધિવેશન પહેલા સાદર કરવામાં આવવાનો છે.

## ટ્રેનમાં હકડેઠઠ

પરિણામે ફૂટબોર્ડ પર લટકીને તે પ્રવાસ કરી રહ્યો હતો. ટ્રેન સવારે ૧૦ વાગ્યાની આસપાસ મુંબ્રા અને કલવા વચ્ચે પહોંચી ત્યારે અચાનક તેનો હાથ છટકી ગયો હતો, જેને કારણે તે પાટા પર પડ્યો હતો.

બનાવની જાણ થતાં જ રેલવે પોલીસ અને લોકલ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બેભાન અવસ્થામાં સોહમને સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને દાખલ કરતાં પૂર્વે જ મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બારમા ધોરણની બોર્ડની પરીક્ષા મંગળવારથી શરૂ થઈ હતી. સોહમ ભણવામાં હોશિયાર હતો અને શાંત સ્વભાવનો હતો, એવું જાણવા મળ્યું હતું.

## મુંબઈ પાલિકામાં

ઘટી જશે અને એઆઈએમએમને પણ તેને કારણે વૈધાનિક સમિતિમાં જગ્યા મળશે નહીં.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં શિંદેસેનાના ૨૯ નગરસેવક ચૂંટાઈ આવ્યા છે. તો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (અજિત પવાર) ગ્રૂપના ત્રણ અને શરદ પવારની રાષ્ટ્રવાદીનો એક નગરસેવક ચૂંટાઈ આવ્યો હતો. અજિત પવારની રાષ્ટ્રવાદીએ સ્વતંત્ર ચૂંટણી લડવાની જાહેરાત કરી હોવાથી તેઓએ અલગથી ગ્રૂપ બનાવવાનો નિર્ણય લીધો હતો. તો શરદ પવારની રાષ્ટ્રવાદીના નગરસેવકે સ્વતંત્ર રહેવાની જાહેરાત કરી હતી.

બંને રાષ્ટ્રવાદીએ શિંદેસેનાને સમર્થન જાહેર કરીને તેમની સાથે રહેવાની જાહેરાત કરી હતી. ત્રણેય પક્ષોએ એક થઈને પાલિકામાં અલગથી ગ્રૂપની સ્થાપના કરી હતી. મંગળવાર, ૧૦ ફેબ્રુઆરીના અજિત પવારના ત્રણ નગરસેવકોએ શિંદે સેનાને સમર્થન આપીને કોંકણ ભવનમાં ત્રણેય ગ્રૂપનું રજિસ્ટ્રેશન સાથે કર્યું હતું. તેથી હવે શિંદેની શિવસેનાના ગ્રૂપના નગરસેવકોની સંખ્યા ૩૩ થઈ ગઈ છે. તો ઉદ્ધવની સેનાનું સંખ્યાબળ એકથી ઘટી જશે કારણકે શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ સાથે ચૂંટણીમાં ઉદ્ધવની સેનાએ જોડાણ કર્યું હતું પણ હવે તે શિંદેસેના સાથે છે. મહાનગરપાલિકામાં સુધાર સમિતિમાં ભાજપ શિવસેના મહાયુતિના અને વિરોધપક્ષના સભ્યોની સંખ્યા એક સમાન હોવાથી અધ્યક્ષ કોણ બનશે તે માટે ચિઠ્ઠી કાઢવામાં આવવાની હતી. જોકે તે પહેલા જ શિંદે સેનામાં બંને રાષ્ટ્રવાદી જોડાઈ જતા તેમનું સંખ્યાબળ વધી ગયું છે. તેથી હવે સુધાર સમિતિનું અધ્યક્ષ પદ યુતિ પાસે જ રહેશે. સુધારની સાથે જ સ્થાયી સમિતિમાં ૨૬ સભ્યો હોય છે, જેમાં રાજકીય પક્ષના સંખ્યાબળ અનુસાર સભ્યો નીમવામાં આવે છે. સુધારની સાથે જ સ્થાયીમાં પણ સત્તાધારી અને વિરોધીપક્ષનું સંખ્યાબળ એકસરખું થઈ રહ્યું હતુંપણ હવે ત્રણેય સાથે ગ્રૂપ તરીકે નોંધણી કરાવી છે. તેથી સત્તાધારી પક્ષનો એક સભ્ય વૈધાનિક સમિતિમાં વધી જશે. તો વિરોધપક્ષનો એક ઘટી જશે.

## આડા સંબંધનો

વર્ષના યુવાનના શબના ટુકડા મળી આવ્યા હતા. મૃતકની ઓળખ અશોક હરિલાલ ગૌડ તરીકે થયાના ગણતરીના કલાકોમાં ગુનો ઉકેલી આરોપી વાહિદ અલી મોહમ્મદ ઈસરાઈલ શેખ ઉર્ફે મિટ્ટુ (૩૦)ની ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઘાટકોપરના નારાયણ નગરમાં રહેતો મિટ્ટુ મલાડ પશ્ચિમના માલવણી વિસ્તારમાં આવેલા ગાર્મેન્ટના કારખાનામાં કામ કરતો હતો. એ જ પરિસરમાં કામ કરતા કાર્પેન્ટર અશોક ગૌડ સાથે તેની મિત્રતા થઈ હતી. પછી આરોપી મિટ્ટુ અશોકના ઘરે આવ-જા કરતો હોવાથી અશોકની પત્ની પ્રતિભા સાથે તેની ઓળખ થઈ હતી.

પૂછપરછમાં આરોપીએ દાવો કર્યો હતો કે લગભગ ત્રણ વર્ષથી પ્રતિભા સાથે તેને અફૅર હતું અને બન્ને લગ્ન કરવાનાં હતાં. જોકે આ સંબંધની જાણ પ્રતિભાના પતિ અશોકને થઈ હતી, જેને પગલે તેની હત્યા કરવામાં આવી હતી.

જાણવા મળ્યા મુજબ પ્રતિભાને મળ્યા પછી આરોપીએ તેનો મોબાઈલ નંબર મેળવ્યો હતો. બાદમાં બન્ને જણ ફોનથી સંપર્કમાં રહેતાં અને અશોકની જાણબહાર મળતાં પણ હતાં. ગયા મહિને અશોકે પત્ની અને મિટ્ટુને રંગેહાથ પકડ્યાં હતાં. પછી દંપતી વચ્ચે જોરદાર ઝઘડો થયો હતો અને અશોકે તેની પત્નીથી દૂર રહેવાની ધમકી મિટ્ટુને આપી હતી.તપાસમાં જણાયું હતું કે આરોપી મિટ્ટુ રાતના સમયે ગાર્મેન્ટના કારખાનામાં મોટે ભાગે એકલો રહેતો હતો.

# હિન્દુ મરણ

મૂળ વલસાડ -અટગામ હાલ વસઇ નિવાસી સ્વ. રોનક મનોજ કુવેકર તા ૩૦-૧-૨૬ના રોજ અવસાન પામેલ છે. તે મનોજભાઇ શામજીભાઇ કુવેકર તથા સંગીતા કુવેકરના પુત્ર. તે ગં. સ્વ. પ્રભાવતીબેન શામજીભાઇ કુવેકરના પૌત્ર. અમુલભાઇ, દિક્ષીતભાઇ કુવેકરના ભત્રીજા. તે રોશન મનોજ કુવેકર, મીત, દિપ, મંથન કુવેકરના ભાઇ. તેમની ઉત્તર ક્રિયા મંગળવાર, તા. ૧૦-૨-૨૬ના નિવાસ સ્થાન : અટગામ ખાતે રાખેલ છે. મુ. પો. અટગામ પંકજ વાડી, અટગામ, વલસાડ.

ઉના નિવાસી હાલ મલાડ સ્વ. મૂળીબેન ગીરધરલાલ જોશીના સુપુત્ર સ્વ. પ્રવીણચંદ્ર ગીરધરલાલ જોશી તા. ૮-૨-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. પત્ની : ઉષાબેન જોશી. પુત્ર-પુત્રવધૂ : મેહુલ-ભક્તિ, દીકરી-જમાઇ : રક્ષા-ગૌરાંગ, પૂજા-પ્રતિક. ભાઇ-ભાભી : સ્વ. ઉમાશંકરભાઇ અને સ્વ. ઉષાબેન, સ્વ. મોહનભાઇ અને સ્વ. પુષ્પાબેન, સ્વ. રમણીકભાઇ અને ગં. સ્વ. રસીલાબેન, સ્વ. મનસુખભાઇ અને સ્વ. ચંદનબેન, રસિકભાઇ અને શ્રીમતી શોભનાબેન. સાસરા પક્ષ સ્વ. ચંપકલાલ ભાણજી જોશી (સનવાવ). પ્રાર્થનાસભા તા. ૧૩-૨-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. આઇએમએ હોલ, ગુરુનાનક રોડ, પીવીઆરની બાજુમાં, જુહુ સાંઇનાથ નગર, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. બેચરદાસ વેલજી ગણાત્રા ગામ માંડવી હાલ મુલુંડવાળાના સુપુત્ર રમેશ (દિપક)ના ધર્મપત્ની કાશ્મીરાબેન (ઉં. વ. ૬૧) તે મનિષ, વિશાલના કાકી. રીટા, નિકીતાના કાકી સાસુ. સ્વ, ભગવાનદાસ માધવજી અનમ ગામ : પદ્ધર હાલ મુલુંડ વાળાની સુપુત્રી. રેખા દિપક સચદે, લીના હરેશ ઘિરાવાણી તથા ભાવેશના બહેન. તા. ૯-૨-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૧-૨-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ,૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

ગામ - મુરુ હાલ વડાલા, દ્વારકાદાસ જમનાબેન પ્રધાનજી ઠક્કર (ઉં.વ. ૮૮) તા. ૮-૨-૨૬ના રામશરણ પામ્યા છે. તે પદ્મિનીબેનના પતિ. બિનિતા અને હેમાંક્ષીના પિતાશ્રી. સ્વ. મીઠાબાઈ મણીલાલ શામજી પોપટના જમાઈ. ગં.સ્વ. રૂક્ષ્મણીબેન રતનશી ઠક્કર, સ્વ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. હરેન્દ્રભાઈ, સ્વ. ગીતાબેન તથા ગં.સ્વ. શોભનાબેન, ગં.સ્વ. નલિનીબેનના ભાઈ/ જેઠ. વૈશાલી જેસલ કોટક, પ્રફુલ્લા મયુર ઠક્કર, ગં.સ્વ. ડિમ્પલ ભાવિન ઠક્કરના બાપા. વંદન અને યશના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૨-૨-૨૬ના ગુરુવારે સાંજે ૫ થી ૬:૩૦. શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.). લૌકિક વ્યવહાર બંધ છે.

**વાયડા વણિક**

બોરીવલી નિવાસી હાલ મુલુંડ સ્વ. કુમુદબેન વેણીલાલ સોદાગરના સુપુત્ર પરિમલ સોદાગર (ઉં. વ. ૭૨) તે પ્રિતીના પતિ. મીરા તથા શ્રુતિના પિતા. સ્વ. રાહુલ તથા કપિલના સસરા. સ્વ. સુશીલાબેન કાંતિલાલ શાહના જમાઇ. પ્રવિણાબેન, સ્વ. જશુબેન, મીનાક્ષીબેન, ચિત્રાબેનના ભાઇ. સોમવાર તા. ૯-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૧-૨-૨૬ ના સાંજે ૫થી ૭. ઠે. સોની વાડી, શિમ્પોલી ક્રોસ લેન, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

મહુવાવાળા હાલ વસઇ સ્વ.તારાબેન શાંતિલાલ ગાંધીના પુત્ર દિલીપભાઇ (ઉં.વ. ૭૬) તા. ૭-૨-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. મનીષ, રાજુલ ભાવેશ કાણકીયા, જાનવી ચિરાગ મહેતાના પિતા. પૂનમના સસરા. અશોકભાઇ (ઇંદુભાઇ) ચેતનાબેન (હેમલતા) જીતેન્દ્રભાઇ પારેખ, હિનાબેન પ્રવીણભાઇ મુની, ઉર્મિલાબેનના ભાઇ. સાવરકુંડલાવાળા સ્વ. કાંતિલાલ ચત્રભુજ મહેતા (ભુવા) ના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સરલાબેન મનહરલાલ કડકીયા (મલમ) (ઉં.વ. ૯૧) તે મનહરલાલ ચુનીલાલ કડકીયાના ધર્મપત્ની. નિમિષભાઈ, આશિષભાઈ, હર્ષિલભાઈ તથા હીનાબેનના માતુશ્રી તથા સ્મૃતિબેન, અસિતકુમાર, વિનિશાબેનના સાસુ. ચિ. બિનોય, કુણાલ, નિશ, અદિતિ, વિધી, આશનિ, રાધી અને ત્રિશાના દાદી. સ્વ. ચંદનબેન અને મણિલાલ ચંદુલાલ પરીખ અઘોળીના સુપુત્રી, તા. ૧૦-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૨-૨૬ના સાંજના ૫ થી ૭. સ્થળઃ શ્રી પાટીદાર સમાજ હોલ ફ્રેંચ બ્રીજ, મુંબઈ ૪૦૦૦૦૭. બારમા, તેરમાની તથા લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

**કચ્છી ભાટીયા**

અ. સૌ. હંસા ભરત આશર (ઉં. વ. ૭૭) તા. ૮-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભરત જમનાદાસ આશરના ધર્મપત્ની. સ્વ. ગુણવંતી જમનાદાસ ભદ્રેશ્વરવાળાના પુત્રવધૂ. સ્વ. લીલાવંતી લાલજી ઢગાઇના સુપુત્રી. દીપકસિંહ, સ્વ. સૂર્યસિંહ અને ભારતીબેનના બેન. પ્રાર્થનાસભા ૪.૩૦થી ૬. ગુરુવાર, તા. ૧૨-૨-૨૬. ઠે. બાલભવન, બાલકનજી બારી માર્ગ, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર (ઇસ્ટ). પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મોટા જીજુડા નિવાસી હાલ મુંબઇ રંજનબેન હરિલાલ માંડવયા (ઉં. વ. ૭૫) તા. ૧૦-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે અમિતકુમાર હરિલાલ માંડવયા, મીનાબેન દિનેશભાઇ માંડાણી, ગીતાબેન પ્રદીપભાઇ માંડાણી, તૃપ્તિ અનુભાઇ તલાટી તથા આરતી ચેતનકુમાર લોટીયાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા મોઢ માંડલિયા વણિક**

સનખડા નિવાસી હાલ ઘાટકોપર રેખાબેન હસમુખલાલ સોલંકીના પુત્ર તથા સ્વ. હીરાલાલ લક્ષ્મીચંદ સોલંકીના પૌત્ર ભાવીન (ઉં. વ. ૪૪) તા. ૯-૨-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શશીકાંત, રાજેન્દ્ર, સ્વ. મધુબેન ચીમનલાલ શાહ, સ્વ. અનિતા કિશોરકુમાર દામાણી તથા સ્વ. ઇના પ્રકાશ શાહના ભત્રીજા. તે પૂર્વી કુંજલકુમાર પટેલના ભાઇ. સાદડી પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

વડીયા નિવાસી હાલ દહીસર, હિંમતલાલ પ્રભુદાસ ધોળકિયા (ઉં.વ. ૭૯) તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લીલાબેન પ્રભુદાસભાઈ ધોળકિયાના સુપુત્ર. સ્વ. પુષ્પાબેનના પતિ. વિભૂતિ, હેમલ, મેહુલના પિતાશ્રી. ગાયત્રી, વિજયકુમાર, જીજ્ઞેશકુમારના સસરા. શ્વસૂરપક્ષે સ્વ. ધીરજલાલ કરસનજી સોનીના જમાઈ. બન્ને પક્ષની પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૨/૨/૨૬ને સાંજે ૫ થી ૭. સ્થળઃ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, પારેખ ગલ્લી પાસે, એસ. વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**મોઢ વણિક**

હાલ કાંદીવલી નિવાસી, સ્વ. નર્મદાબેન અને સ્વ. ચંદુલાલ મગનલાલ તલાટીના પુત્ર વાડીલાલ તલાટી (ઉં.વ. ૯૬) સરોજબેનના પતિ. રક્ષા, રાગિણી, ફાલ્ગુની અને મિતેશના પિતા. મૌલેશ, વિશ્વાસ, મનોજ અને દિશાના સસરા. સોમવાર, તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૨-૨૬ના સાંજે ૫ થી ૭. સનરાઈઝ પાર્ટી હોલ, એ-વિંગ, શ્રીજીમહલ, આનંદીબાઈ કાલે કોલેજની સામે, સાઈબાબાનગર, બોરીવલી પશ્ચિમ.

**મોડાસા એકડા વિશા ખડાયતા મોદી**

મેઘરજ નિવાસી, હાલ મુંબઈ, સ્વ. જમનાબેન અને સ્વ. દ્વારકાદાસ ભાઈચંદદાસ ધુવાડના પુત્ર સ્વ. હર્ષદભાઈ ધુવાડ (ઉં.વ. ૬૯) તા. ૮-૨-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. હિના(હસુમતિ)ના પતિ. પંકજભાઈ, રજનીભાઈ, સ્વ. મધુબેન, શોભનાબેન, સ્વ. કોકિલાબેન, વિમળાબેનના ભાઈ. પાયલ કૃપલ શાહ અને ખુશબુ મિહિર શાહના પિતાશ્રી. સ્વ. વસંતલાલ અને સ્વ. મધુબહેનના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૨-૨૬ સાંજે ૫ થી ૭. સ્થળઃ ઠક્કાઈ ભાટિયા હોલ નં. ૫, શંકર ગલી, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

દાતરડી નિવાસી હાલ દહિસર, રસિક (ઉં.વ. ૫૮) તા. ૯/૨/૨૬ સોમવારના કૈલાસવાસી થયા છે. તે સ્વ. ગોદાવરીબેન શાંતિલાલ દેવજી ઓઝાના પુત્ર. પ્રવીણભાઈ, ધીરુભાઈ, સ્વ. ભાનુભાઈ, દિલીપભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૧૧/૨/૨૬ને બુધવાર ૪ થી ૬. ડાઈમોડા (બી.એ.પી.એસ.) સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની બાજુમાં, દહિસર ઈસ્ટ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા કુંભાર**

સ્વ. સૌ. હંસાબેન (ઉં.વ. ૬૦) તે જયંતીભાઈ કુંભાભાઈ વેગડના ધર્મપત્ની. સંજય તથા સોનલના માતુશ્રી. તા. ૬-૨-૨૬ શુક્રવારના રામશરણ પામેલ છે. સાદડી તા. ૧૨-૨-૨૬ ગુરુવારના સ્વામિનારાયણ મંદિર ૬૦ ફુટ રોડ, અંબાડી રોડ, વસઈ રોડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ કાંદિવલી, ઉષાબેન (ઉં.વ. ૭૫) તે સ્વ. લલિતભાઈ વૃંદાવનદાસ વણઝારાના પત્ની. સ્વ. વૃંદાવનદાસ તથા સ્વ. જયાબેન વણઝારાના પુત્રવધૂ. તે સ્વ. સત્યેન, અમર અને કરણના માતુશ્રી. રૂપાના સાસુ. મહેન્દ્ર તથા નયના, રમાબેન પ્રભુદાસ કોટક, જ્યોત્સનાબેન, વીણાબેન વિપિન, પન્ના રાજનના ભાભી. સ્વ. જયંતિલાલ તથા સ્વ. જયાબેન સાંગાણીના પુત્રી. તા. ૯-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૨-૨૬ બપોરે ૩:૩૦ થી ૫. સ્થળઃ વૈષ્ણવ બેન્કવેટ હોલ, પારેખનગર, અપોઝિટ આંબેડકર હોસ્પિટલ, કાંદિવલી વેસ્ટ.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિરપુર (ધારી) નિવાસી હાલ કાંદીવલી સ્વ. મંજુલાબેન કાંતિલાલ નાગરદાસ મકાણીના પુત્રવધુ અ. સૌ. નિશાબેન (નીતા) નલીનભાઇ મકાણી (ઉં. વ. ૬૬) તા. ૮-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિરલ તથા માનસી ચિંતન દલાલના માતુશ્રી. સ્વ. નટવરલાલ અમરચંદ મહેતાના સુપુત્રી. સરોજબેન સંઘવી, શોભનાબેન દાણી, નીતાબેન બોટાદરા, જયશ્રીબેન તલસાણીયા તથા પરેશ મકાણીના ભાભી. મેઘાના જેઠાણી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૨-૨૬ના સવારે ૧૦થી ૧૨. ઠે. લોટસ બેંકવેટ હોલ, રઘુલીલા મોલ, પોઇસર બોરીવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ જૂનાગઢ મુલુંડ સ્વ. તારાબેન બાલુભાઇ સલોતના સુપુત્ર રાજેન્દ્રભાઇ (ઉં. વ. ૭૫) તા. ૯-૨-૨૬ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. ઉદય અને ચિંતનના પિતાશ્રી. તથા રચના, ઇશાના સસરા. તે સ્વ. સુરેશભાઇ, શરદભાઇ, અશોકભાઇ, સ્વ. સાધ્વીજી ભવ્યરત્નાશ્રીજી મા.સા. રક્ષાબેન, દિપકભાઇ શાહ (તળાજા)ના ભાઇ, પિયર પક્ષે બાબુલાલ મગનલાલ શાહ (તળાજા) હાલ મુલુંડના જમાઇ. પિતૃવંદના તા. ૧૧-૨-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. જીવરાજ ભાનજીભાઇ શાહ સ્મારક ટ્રસ્ટ, અશોક નગર, નાહુર રોડ, મેહુલ સિનેમા નજીક મુલુંડ (વેસ્ટ).

**ઝા. દશા શ્રીમાળી મૂ. જૈન**

સાયલા નિવાસી હાલ કાંદિવલી (વે.) મીનાક્ષી દિલીપભાઇ શાહ (ઉં. વ. ૭૨) તે સ્વ. ઇન્દુમતી રસિકલાલ શાહના જયેષ્ઠ પુત્રવધૂ. કિરણબેન અરવિંદકુમાર, અશોકભાઇ, સ્વ. સુરેખાબેન અશોકકુમાર, નવીનભાઇના ભાભી. સચીન તથા વિશાલના માતુશ્રી. સાયલી તથા એકતાના સાસુ. સ્વ. અલકાબેન તથા નિશાના જેઠાણી. સ્વ. ચંદનબેન સૂર્યકુમાર મણીયારના દીકરી. તા. ૧૦-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ મીરા રોડ, સ્વ. શાંતિલાલ છગનલાલ સરવૈયાના સુપુત્ર નિલેશભાઈ (ઉં.વ. ૫૫) તે સાસરાપક્ષે ભાવનાબેન કનૈયાલાલ જેઠાલાલ રાવળના જમાઈ. જીગીષાના પતિ. સમીર તથા લોપાના બનેવી. હેતાના પિતા. વિપુલ, વીરેન, વિવેક, હિના ચંદ્રેશ મહેતા, દર્શના પિયુષ મહેતા, મીરા વિનીત દેહરકરના ભાઈ. શનિવાર, ૭/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

દેવગામ વાળા હાલે દહિસર, સ્વ. ચંદ્રાબેન હુકમીચંદ મહેતા (પુનાતર)ના પુત્રવધૂ. અ. સૌ. પુષ્પાબેન રોહિત મહેતા (ઉં.વ. ૭૫) ૭/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિકુંજ-પ્રતિભા અને સુહાસ- રિમુના માતા. કિરણભાઈ, ઉષાબેન અને કાશ્મીરાબેનના ભાભી. પિયરપક્ષે ચકારવાળા સ્વ. જવેરબેન જેતશી મહેતાના પુત્રી. હેમલતાબેન, જશવંતીબેન, હસમુખભાઈ, શશીભાઈ, કીર્તિભાઈ, ઉમેશભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

**વિશા શ્રીમાળી ૧૦૮ જૈન**

કેયલ નિવાસી હાલ કાંદીવલી, નવીનચંદ્ર વિઠ્ઠલદાસ શાહ (ઉં.વ. ૮૮) તે સ્વ. પદ્માબેનના પતિ. કિરીટ, રાજેન્દ્ર, મહેન્દ્ર, અલકા (ગીતા)ના પિતાશ્રી. અ.સૌ. ભારતી, અ.સૌ. ડિમ્પલ, અ.સૌ. બીના તથા સ્વ. દિલીપકુમારના સસરા. પદ્માબેન, સ્વ. જશોદાબેન, સ્વ. વિમળાબેન, નેમચંદભાઇ, ભરતભાઇ હસમુખભાઇના ભાઇ. સસરાપક્ષે લીન્ચ નિવાસી હાલ-બોરીવલી શાહ બબલદાસ નથ્થુચંદના જમાઇ. તા. ૯/૨/૨૬ સોમવારના રોજ અરિહંતશરણ થયેલ છે. નિવાસસ્થાનઃ બી-૬૦૪ કંચનગીરી અપાર્ટમેન્ટ, અશોક ચક્રવર્તી રોડ, અશોકનગર, કાંદીવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સુરત વિશા શ્રીમાળી જૈન**

સુરત નિવાસી, હાલ વિલેપાર્લે શ્રીમતી દક્ષાબેન શાહ (ઉં.વ. ૮૪) તા. ૮-૨-૨૬, રવિવારના અરીહંતશરણ પામ્યા છે. તે સ્વ. દિનેશચંદ્રની પત્ની. સંગીતા અને બંકિમની માતા. નેમિશકુમાર અને હીનાબેનની સાસુ. મલયના દાદી અને આકાશની નાની. સ્વ. પાનાભાઈ, સ્વ. હીરાભાઈ, સ્વ. કિશોરભાઈ અને રસિલાબેનની બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ટીકર (પરમાર) નિવાસી હાલ ઘાટકોપર પૂર્વ, સ્વ. દેવચંદ વેલસી શાહના સુપુત્ર જયસુખલાલ (ઉં.વ. ૮૭) તે સ્વ. સુશીલાબેનના પતિ. ચિ. વિપુલના પિતાશ્રી. અ.સૌ. મેઘાના સસરા. સ્વ. શાંતિભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. પન્નાલાલભાઈ, સ્વ. વસંતબેન વિનોદચંદ્ર ઝવેરી, તરૂણાબેન શશીકાંતભાઈ વોરાના ભાઈ. સ્વ. કસ્તુરચંદ ભવાનજી બગડીયાના જમાઈ. તા. ૯-૨-૨૬ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૧૨-૨-૨૬ના ગુરૂવારે ૧૦ થી ૧૨. સ્થળ : લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેપલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. તલકચંદ હીરાચંદ શાહના સુપુત્ર ચંપકભાઈ (ઉં.વ. ૮૭) સોમવાર, તા. ૯/૨/૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. જે સ્વ. જયંતીભાઈ, સ્વ. પરમાણંદભાઈ, હર્ષદભાઈના ભાઈ. સ્વ. નીતિન, યતીન, કેરુલના પિતા. છાયાબેન, મેઘનાબેન, જિજ્ઞાબેનના સસરા. દર્શન - નમન - પ્રાચીના દાદા. મોસાળપક્ષે સ્વ. જીવરાજ જાધવજી ગાંધી લોંગડીવાળાના જમાઈ. સાદડી ૧૨/૨/૨૬ના ગુરુવાર બપોરે ૩થી ૮. એડ્રેસ : ૩૦૪ - ગ્રીન રિજ ટાવર ૧, નિયર શિંપોલી મેટ્રો સ્ટેશન, લિન્ક રોડ, બોરીવલી.

**સુરેન્દ્રનગર વઢવાણ જૈન**

મુંબઈ નિવાસી, અ.સૌ. સીમા જોશી (ઉં.વ. ૬૮) ૭-૨-૨૬ અરિહંતશરણ પામ્યા છે. તે રાજીવ મહેન્દ્રકુમાર જોશીના પત્ની. રુચિના માતોશ્રી. અંકુર પરેશભાઈ શાહના સાસુજી. સ્વ. કમળાબેન અને સ્વ. નટવરલાલ મહાદેવિયાના સુપુત્રી. અમીતા પંકજભાઈ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપા (હાલે ભુજપુર)ના જયંતીલાલ માવજી મારૂ (ઉં.વ. ૭૭) તા. ૯-૨-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઇ માવજી ભીમશીના સુપુત્ર. જયાબેન (ભાનુબેન)ના પતિ. કિલ્પા, ભાવના, નયન, વિરેનના પિતા. કપાયા પુષ્પાબેન મગનલાલ, ખુશાલચંદ્રના ભાઇ. વડાલા હંસરાજ ગાંગજી સોઢાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતીલાલ મારૂ, એંજલ મોનાર્ચ, ન્યુ લીંક રોડ, નાલાસોપારા (ઇ.).

ગુંદાલાના ભારતી નેમજી રાંભીયા (ઉં.વ. ૭૨) ૯-૨-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઇ વલમજી પટેલના પુત્રવધૂ. નેમજીના ધર્મપત્ની. સમાઘોઘાના જયશ્રી વોરા, યોગેશના માતા. રતનબેન (બચુબેન) ભાણજીના સુપુત્રી. લીલાવંતી, વસંત, નવાવાસના ઇંદુબેન ધીરજ, રેશ્મા હરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે. ઠે. જિગ્નેશ વોરા, ૯૦૬, કૈલાસ ટાવર, મુલુંડ (વે.).

મોટી ખાખરના જયવંતી નરેન્દ્ર દેઢિયા (ઉં.વ. ૭૬) તા. ૯-૨-૨૬ના દેવલોક પામેલ છે. મંજુલા માવજીના પુત્રવધૂ. નરેન્દ્રના પત્ની. મીતા, સચીન, સમીરના માતા. બેરાજા મણીબાઈ પોપટલાલ ધનાણીના પુત્રી. મેઘબાઈ, મોટી ખાખર સાકરબાઈ તલકશી, કાંડાગરા મધુ કલ્યાણજીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. નરેન્દ્ર દેઢિયા, ૩/૧૨ ઉમા મહેશ સોસાયટી, શીવ મંદિર રોડ, ડોંબિવલી (ઈ).

દેઢીઆના અ.સૌ. પદ્માબેન પાસડ (ઉં.વ. ૬૭) તા. ૭-૨-૨૬ના અવસાન પામેલ છે. સરસ્વતીબેન ખીમજીના પુત્રવધૂ. વિનોદના ધર્મપત્ની. જીગર, નીતાના માતુશ્રી. પાનબાઈ દામજીભાઈના સુપુત્રી. પ્રવિણ, જેઠાલાલ, ચંદ્રકાન્ત, બિપીન, ઝવેરબેનના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે). ટા. ૨.૩૦ થી ૪.૩૦.

સણોસરાના શ્રી લક્ષ્મીકાંત શાહ (નાગડા) (ઉં.વ. ૭૬) ૮-૨-૨૬ના અવસાન પામેલ છે. કંકુબાઈ રવજીના સુપુત્ર. અમૃતબેનના પતિ. કૌશિક, કૌમિકના પિતા. પુનશી, મુરજી, હરીશ, જયંતીલાલ, મહેન્દ્રના ભાઈ. ડુમરા લીલબાઈ લખમશી હરીયાના જમાઈ. પ્રા. શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ સીનેમાની નજીક, નાહુર રોડ, મુલુંડ (વે), મું. ૮૦. ટા. ૩ થી ૪.૩૦. નિ. કૌશિક શાહ, બી ૧૦૧, ડો. આંબેડકર રોડ, મુલુંડ (વે).

ડુમરાના કાંતિલાલ ડુંગરશી નાગડા (ઉં.વ. ૭૬) ૮-૨-૨૬ના અવસાન પામેલ છે. લધીબાઇ ડુંગરશીના પુત્ર. અમૃતબેનના પતિ. હીના, રીના, લીનાના પિતા. ઉનડોઠ શાંતાબાઇ આણંદજીના ભાઈ. રતનબેન પુનશી સૈયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતિબેન સૈયા, ૧૦૪, લેન્ડમાર્ક ટાવર, લુઈસવાડી, થાણા-૬૦૪.

નાની તુંબડીના શીલા હરીશ શાહ (સતીયા) (ઉં.વ. ૬૪) તા. ૯-૨-૨૬નાં અરિહંત શરણ પામ્યા છે. હેમલતા ધનજી મોણશી નેણશીના પુત્રવધૂ. હરીશના ધર્મપત્ની. ઉન્નતિ, દિશાના માતુશ્રી. જામનગરના લલીતા પ્રાણજીવન રાઠોડના પુત્રી. રંજનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીશ ધનજી શાહ, ૧૦૨, સ્નેયલ એપાર્ટમન્ટ, કાર્ટર રોડ નં. ૫, નરેન્દ્ર હોસ્પિટલની બાજુમાં, બોરીવલી (ઇસ્ટ).

નરેડીના શાસનરત્ન શ્રી જયંતિભાઈ નાગડા (ઉં.વ. ૭૨) તા. ૮-૨-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન જીવરાજના સુપુત્ર. અમૃતબેનના પતિ. મહેન્દ્ર, જીગ્નેશ, નીકેશ, જયેશ, રીતેશ, રીંકલના પિતાશ્રી. લાલજી, મણીલાલ, લક્ષ્મીચંદ, વસંત, રતનબેન, મણીબેન, રંજનબેન, લક્ષ્મીબેનના ભાઇ. લીલબાઈ / કસ્તુરબેન શામજીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ). ટા. ૩ થી ૪.૩૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




જી નહીં, ક્રિકેટની મોસમ જામી છે એટલે શીર્ષક વાંચીને ક્યાંક ગેરસમજ નહીં કરતા, આ કોઇ સોના કે સોનું નામના ક્રિકેટરે મારેલી સેન્ચૂરીની વાત નથી, આ વાત સોનાના ભાવતાલ કે વળતરને લગતી પણ નથી, પરંતુ ઇન્વેસ્ટમેન્ટ વર્લ્ડમાં નોંધાયેલા નવા વિક્રમની વાત છે.

રોકાણની વાત આવે ત્યારે હંમેશાં ઇક્વિટી ઇન્વેસ્ટમેન્ટ ટોપમાં રહે છે, કારણ કે તેમાં જોખમનું પ્રમાણ ઊંચું હોવા સાથે વળતર પણ ઊંચું મળે છે અને એટલે જ રોકાણકારો ગાડરિયા પ્રવાહમાં તણાઇને શેરબજાર પર ઓળઘોળ થતાં હોય છે. જોકે આ વખતે કંઇક નવું થયું છે!

ગોલ્ડ ઇટીએફએ ઇક્વિટીને પાછળ મૂકી દીધી છે. ગોલ્ડ ઇટીએફમાં જાન્યુઆરી ૨૦૨૬માં રોકાણ પ્રવાહ ૧૦૦ ટકા વધીને રૂ ૨૪,૦૪૦ કરોડની સપાટીએ પહોંચ્યો છે. અલબત્ત આ આંકડો ઇક્વિટીના રોકાણ પ્રવાહથી સહેજ જ નીચો છે, પરંતુ આગળ જતાં તફાવત વધતો જાય એવી સંભાવના છે.

ગોલ્ડ ઇટીએફ તરફ વધતા રોકાણકારોના આકર્ષણ પાછળ ઇટીએફની એક રોકાણ માધ્યમ તરીકેની સવલતો ઉપરાંત સોનાના સતત વધી રહેલા ભાવ અને તેને કારણે વળતરમાં થઇ રહેલા વધારો મુખ્ય છે. ટોચના અર્થનિરિક્ષકો એવી આગાહી કરી રહ્યા છે કે ડોલર સતત નબળો પડી રહ્યો છે તે જોતાં સોનાના ભાવ આગળ પણ વધતા રહેવાની સંભાવના છે. સિલ્વર ઇટીએફનું આકર્ષણ પણ વધી રહ્યું છે પરંતુ ચાંદી સટ્ટાકીય એસેટ હોવાને કારણે અને તેમાં હાલ ક્રિપ્ટો કરન્સીની માફક જંગી અફડાતફડી થઇ રહી હોવાથી સલામતી સાથે સારા વળતરની આશા ધરાવતા રોકાણકારો સોના અને ગોલ્ડ ઇટીએફ તરફ દોટ માંડી રહ્યા છે.

ચાંદીની વધતી માગ અને માગ વધવાના કારણો સૌ જાણે છે, પરંતુ સોનામાં પણ પુરવઠા કરતા માગ વધુ જ રહી છે અને આગળ જતાં માર્કેટ એનાલિસ્ટ અનુસાર ડોલરની નબળાઇ સાથે સોનાના ભાવ વધતા રહે એવી સંભાવના છે. વિશ્વની સેન્ટ્રલ બેન્કો ડોલરનું રિઝર્વ ઘટાડી રહી છે અને તેને સ્થાને ગોલ્ડ રિઝર્વ વધારતી જાય છે. આ ટ્રેન્ડ હજુ આગામી કેટલાંક વર્ષો સુધી ચાલે અને ડોલર સતત નબળો પડતો જાય એવી સંભાવના વચ્ચે સોનાની માગ અને ભાવ વધતા રહે તો તેના વળતરમાં પણ વધારો થતો રહે એવી શક્યતા છે.

હવે મુખ્ય મુદ્દા તરફ પાછા ફરીએ તો, જાન્યુઆરી ૨૦૨૬માં સોનામાં રોકાણ કરનારા એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઇટીએફ)માં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વાસ્તવમાં આ વધારો પાછલા વર્ષના અંતિમ ક્વાર્ટરથી શરૂ થયેલા વેગના વિસ્તાર સમાન છે. બજારની એકંદર અનિશ્ચિત પરિસ્થિતિઓ વચ્ચે સલામત રોકાણની શોધમાં નીકળેલા રોકાણકારો જાણે ગોલ્ડ ઇટીએફમાં રાહતનો વિસામો મેળવવા માગે છે.

જાન્યુઆરીમાં ગોલ્ડ ઇટીએફમાં રૂ. ૨૪,૦૩૯.૯૬ કરોડનો પ્રવાહ જોવા મળ્યો, જે ડિસેમ્બર ૨૦૨૫ના રૂ. ૧૧,૬૪૬.૭૪ કરોડ કરતા ૧૦૬ ટકા વધારે છે. તાજેતરના મહિનાઓમાં જાન્યુઆરીનો આ આંકડો સૌથી વધુ માસિક પ્રવાહ દર્શાવે છે. આ વધારા સાથે, ગોલ્ડ ઇટીએફ રૂ. ૨૪,૦૨૮.૫૯ કરોડના ઉક્ત મહિનાના ઇક્વિટી રોકાણ પ્રવાહથી સહેજ આગળ છે.

વર્ષના મોટાભાગના સમય માટે સામાન્ય રહ્યા પછી, ગોલ્ડ ઇટીએફમાં રોકાણ પ્રવાહનો વેગ ૨૦૨૫ના અંતિમ તબક્કા દરમિયાન વધવના માંડ્યો. ઓક્ટોબરમાં પ્રવાહ રૂ. ૭,૭૦૦ કરોડ, નવેમ્બરમાં રૂ. ૩,૭૪૧.૭૯ કરોડ રહ્યા બાદ તે ડિસેમ્બરમાં ફરીથી વધ્યો હતો. રોકાણકારોનો પ્રેફ્રેન્સ બદલાઇ રહ્યો છે. પાછલા બે મહિનામાં સતત વધારો મલ્ટી એસેટ ફંડ્સની બહાર સોનાની તરફ રોકાણકારોની સ્પષ્ટ શિફ્ટ સૂચવે છે.

ગોલ્ડ ઇટીએફના મજબૂત પ્રદર્શને જાન્યુઆરીમાં ઇટીએફ અને વિદેશી ફંડ કેટેગરીમાં કુલ ચોખ્ખા પ્રવાહને રૂ. ૩૯,૯૫૪.૬૩ કરોડ સુધી પહોંચાડ્યો, જે ડિસેમ્બરમાં રૂ. ૨૬,૭૨૩.૨૪ કરોડ હતો. અન્ય ઇટીએફમાં સતત રસ જોવા મળ્યો, જ્યારે વિદેશમાં રોકાણ કરતા ફંડ્સ ઓફ ફંડ્સમાં સ્થિર પરંતુ સામાન્ય પ્રવાહ જોવા મળ્યો, જે સૂચવે છે કે રોકાણકારો વ્યાપકપણે જોખમ લેવાને બદલે પસંદગીના વધારાનો અનુભવ ચકાસી કરી રહ્યા છે.

બીજી તરફ, ઇન્ડેક્સ ફંડ્સમાં જાન્યુઆરી ૨૦૨૬માં રૂ. ૨૩ કરોડનો નજીવો રોકાણ પ્રવાહ જોવા મળ્યો. બજારના નિષ્ણાતોના મતે, તાજેતરના મહિનાઓમાં ગોલ્ડ ઇટીએફ પ્રવાહમાં વધારો વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, નાણાકીય નીતિમાં ઘટાડાની અપેક્ષાઓ અને સતત ભૌગોલિક રાજકીય જોખમોને કારણે રોકાણકારો ગોલ્ડ ઇટીએફ તરફ ઢળી રહ્યા છે. આ વધારો સૂચવે છે કે રોકાણકારો સોનાને એક સલામત અને વિશ્વસનીય રોકાણ વિકલ્પ તરીકે જુએ છે, ખાસ કરીને શેરબજારની અનિશ્ચિત પરિસ્થિતિઓમાં ગોલ્ડ ઇટીએફમાં રોકાણનો વધારો, રોકાણકારોને સાવચેતી અને વિવિધતા સાથે રોકાણ કરવાનું આશ્વાસન આપે છે. ગોલ્ડ ઇટીએફમાં રોકાણ ભારતીય રોકાણકારો માટે એ રીતે પણ એક સારા સમાચાર છે, કારણ કે તે સોનામાં રોકાણ કરવાની તકો શોધી રહેલા ઇન્વેસ્ટર્સને એક નવું અને સરળ માધ્યમ પુરું પાડે છે.

ભારતમાં સોનાની માગ હંમેશાં ઊંચી રહી છે અને ગોલ્ડ ઇટીએફમાં વધારો આ માગને પૂર્ણ કરવાનો એક માર્ગ છે. ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરવાના ઘણા ફાયદા છે, જેમાં સોનાની કિંમતોમાં વધારો, સુરક્ષા, સરળતા અને ઓછા ખર્ચનો સમાવેશ થાય છે. ગોલ્ડ ઇટીએફ રોકાણકારોને સોનાના ભાવ વધારાનો લાભ લેવાની તક આપે છે, જ્યારે તેઓને સોનાના ભૌતિક રૂપમાં રોકાણ કરવાની જરૂર નથી.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરવાનો એક અન્ય ફાયદો છે કે તે સરળ છે. રોકાણકારો ગોલ્ડ ઇટીએફમાં ઓનલાઇન અથવા તેમના બ્રોકરેજ એકાઉન્ટ દ્વારા રોકાણ કરી શકે છે. ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરવાનો ખર્ચ પણ ઓછો છે, કારણ કે તેમાં સોનાના ભૌતિક રૂપમાં રોકાણ કરવાની જરૂર નથી.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરવાનું વિચારી રહેલા રોકાણકારો માટે, તે મહત્ત્વપૂર્ણ છે કે તેઓ તેમના રોકાણના ઉદ્દેશ્યો અને જોખમ સહનશીલતાને ધ્યાનમાં લે. ગોલ્ડ ઇટીએફ બધા રોકાણકારો માટે યોગ્ય નથી અને રોકાણકારોએ તેમના રોકાણના નિર્ણયો લેતા પહેલા તેમના ફાઇનાન્શિયલ એડવાઇઝર સાથે સંપર્ક કરવો જોઈએ.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરવાના ફાયદાઓને ધ્યાનમાં લેતા, તે સ્પષ્ટ છે કે તે એક સારો રોકાણ વિકલ્પ છે. જો કે, રોકાણકારોએ તેમના રોકાણના નિર્ણયો લેતા પહેલા તેમના ફાઇનાન્શિયલ એડવાઇઝર સાથે સંપર્ક કરવો જોઈએ. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઈટર પ્લેન ભારત ખરીદવાની તૈયારીમાં



ભારત અને ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો સમયની કસોટી પર ખરા ઊતરેલા છે અને તે માત્ર રાજદ્વારી મૈત્રી પૂરતા મર્યાદિત ન રહેતા એક ગાઢ વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત થયા છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોનની ભારત મુલાકાત આ સંબંધોમાં એક નવો આયામ ઉમેરવા જઈ રહી છે. આ મુલાકાત મુખ્યત્વે એઆઈ ઇમ્પેક્ટ સમિટ માટે છે, જે ૧૭-૨૦ ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં યોજાવાની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની મુલાકાત દરમિયાન આ સમિટની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે નવીનતા અને ઉચ્ચ તકનીકી ક્ષેત્રે સહયોગ વધારવાનો છે. જોકે, આ મુલાકાતની સાથોસાથ રક્ષા ક્ષેત્રે થનારા સંભવિત સોદા સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યા છે. ભારતની રક્ષા વ્યૂહરચનામાં ફ્રાન્સ એક એવો વિશ્વાસપાત્ર સાથી રહ્યો છે જેણે કટોકટીના સમયે અને પ્રતિબંધોના સમયગાળામાં પણ ભારતનો સાથ આપ્યો છે. આ જ કારણ છે કે જ્યારે ભારતીય વાયુસેનાની ક્ષમતા વધારવાની વાત આવે છે ત્યારે ફ્રાન્સનું નામ સૌથી મોખરે હોય છે.

વર્તમાન સમયમાં ભારતીય વાયુસેનાની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચી છે. ભારતીય વાયુસેનાને બે મોરચે એટલે કે ચીન અને પાકિસ્તાન સામેના સંભવિત યુદ્ધને પહોંચી વળવા માટે ઓછામાં ઓછી ૪૨ ફાઇટર સ્ક્વોડ્રનની જરૂર છે. પરંતુ, વાસ્તવિકતા એ છે કે હાલમાં આ સંખ્યા ઘટીને માત્ર ૨૯ સ્ક્વોડ્રન પર આવી ગઈ છે. જૂના થઈ ગયેલા મિગ-૨૧ જેવા વિમાનની નિવૃત્તિ અને નવાં વિમાનોના સમાવેશમાં થતા વિલંબને કારણે આ ખાલીપો સર્જાયો છે. ચીન જે રીતે તેની સરહદો પર પાંચમી પેઢીના જે-૨૦ સ્ટેલ્થ વિમાનોની તૈનાતી વધારી રહ્યું છે અને પાકિસ્તાન તેની વાયુસેનાને અદ્યતન બનાવી રહ્યું છે, તે જોતા ભારત માટે અદ્યતન ફાઈટર પ્લેન મેળવવા અનિવાર્ય બની ગયા છે. ૨૦૧૬માં ભારતે ફ્રાન્સ સાથે ૩૬ રાફેલ વિમાનોનો જે સોદો કર્યો હતો તે વાયુસેના માટે એક મોટું બૂસ્ટ સાબિત થયો છે. આ વિમાનો ૪.૫ પેઢીના છે અને તેની મારક ક્ષમતા અને તકનીકી વિશેષતાઓ તેને દક્ષિણ એશિયાનાં સૌથી શક્તિશાળી વિમાનોમાંનું એક બનાવે છે.

રાફેલ વિમાનોની વિશેષતા એ છે કે તે અત્યાધુનિક રડાર સિસ્ટમ, લાંબા અંતરની મિસાઇલો અને ઇલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમથી સજ્જ છે. તેની 'મીટીઅર' અને 'સ્કેલ્પ' મિસાઇલો દુશ્મનના પ્રદેશમાં ઘુસ્યા વગર જ તેને નેસ્તનાબૂદ કરવાની ક્ષમતા ધરાવે છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને ભારત હવે ૧૧૪ વધારાના મલ્ટી-રોલ ફાઇટર એરક્રાફ્ટ (એમઆરએફએ) ખરીદવાની યોજના બનાવી રહ્યું છે. આ સોદો અંદાજે ૩.૨૫ લાખ કરોડ રૂપિયાનો હોઈ શકે છે. આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં 'મેક ઇન ઇન્ડિયા' અભિયાન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ શરત હેઠળ મોટાભાગના વિમાનોનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે, જેમાં ઓછામાં ઓછું ૨૫% સ્વદેશી કન્ટેન્ટ હશે. ફ્રાન્સ આ બાબતે ભારતને તકનીકી ટ્રાન્સફર કરવા માટે સહમત થયું છે, જે ભારતની પોતાની એરોસ્પેસ ઇકોસિસ્ટમને મજબૂત કરવામાં મદદરૂપ થશે. માત્ર વાયુસેના જ નહીં, પરંતુ ભારતીય નૌસેનાએ પણ તેનાં વિમાનવાહક જહાજો માટે ૨૬ રાફેલ-એમ (મરીન) વિમાનોનો સોદો કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કે પહોંચાડી છે.

આ પ્રક્રિયામાં ફ્રાન્સ એકમાત્ર દાવેદાર નથી. રશિયાએ પણ ભારતને તેના પાંચમી પેઢીના સ્ટેલ્થ ફાઇટર સુખોઈ એસયુ-૫૭ ની ઓફર કરી છે. રશિયા ભારતનો પરંપરાગત રક્ષા ભાગીદાર છે અને ભારતીય વાયુસેનાના મોટાભાગનાં વિમાનો રશિયન મૂળના છે. એસયુ-૫૭ની કિંમત અમેરિકન એફ-૩૫ કરતાં ઘણી ઓછી છે અને રશિયા પણ સંપૂર્ણ તકનીકી ટ્રાન્સફરની ઓફર આપી રહ્યું છે. સુખોઈ વિમાન સ્ટેલ્થ તકનીકથી સજ્જ હોવાથી તે રાફેલ કરતાં એક ડગલું આગળ હોઈ શકે છે. જોકે, રશિયા-યુક્રેન યુદ્ધને કારણે રશિયન સંરક્ષણ ઉદ્યોગ પરના પ્રતિબંધો અને પુરવઠા સાંકળમાં આવતી મુશ્કેલીઓ ભારત માટે ચિંતાનો વિષય છે. રશિયા પરની વધુ પડતી નિર્ભરતા ઘટાડવી એ પણ ભારતની વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમ છતાં, એસયુ-૫૭ દ્વારા મળનારી સ્ટેલ્થ ટેકનોલોજી ભારતને ચીનના જે-૨૦ વિમાનો સામે મજબૂત સ્થિતિમાં લાવી શકે છે.

બીજી તરફ, અમેરિકા પણ ભારતને તેના અદ્યતન વિમાનો વેચવા માટે ઉત્સુક છે. અમેરિકાએ એફ-૩૫ લાઈટનિંગ II અને એફ-15Bએક્સ જેવાં વિમાનોની ઓફર મૂકી છે. એફ-૩૫ એ વિશ્વનું સૌથી અદ્યતન પાંચમી પેઢીનું વિમાન માનવામાં આવે છે. તેમાં સેન્સર્સ અને નેટવર્કિંગની ક્ષમતા એટલી અદ્ભુત છે કે તે યુદ્ધના મેદાનમાં 'કમાન્ડ સેન્ટર' તરીકે કામ કરી શકે છે, પરંતુ અમેરિકા સાથેના રક્ષા સોદા હંમેશાં જટિલ હોય છે. અમેરિકા ઘણીવાર મહત્ત્વની તકનીકી શેર કરવામાં અચકાતું હોય છે અને તેના સોદામાં અનેક પ્રકારની રાજકીય શરતો જોડાયેલી હોય છે. વધુમાં, તાજેતરના સમયમાં એફ-૩૫ વિમાનોમાં જોવા મળેલી તકનીકી ખામીઓ અને તેની જાળવણીનો ઊંચો ખર્ચ ભારત માટે વિચારવા જેવી બાબત છે. અમેરિકા સાથેના મજબૂત થતા સંબંધો છતાં, ભારત રક્ષા ક્ષેત્રે વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવા માગે છે, જે રાફેલ જેવા વિશ્વસનીય પ્લેટફોર્મ દ્વારા સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.

ભારતની સુરક્ષા વ્યૂહરચના હવે માત્ર વિદેશી ખરીદી પૂરતી મર્યાદિત નથી રહી. ભારતનો પોતાનો 'એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ' (એએમસીએ) પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જે પાંચમી પેઢીનું સ્વદેશી સ્ટેલ્થ વિમાન હશે. આ પ્રોજેક્ટ ૨૦૩૫ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. ત્યાં સુધીના સમયગાળામાં જે ખાલીપો સર્જાશે તેને પૂરવા માટે વિદેશી વિમાનોની ખરીદી અનિવાર્ય છે. ફ્રાન્સની કંપની 'સફરાન' ભારત સાથે મળીને લડાકુ વિમાનોના એન્જિન ભારતમાં જ બનાવવા માટે સંમત થઈ છે, જે એએમસીએ પ્રોજેક્ટ માટે વરદાન સાબિત થઈ શકે છે. ફ્રાન્સ સાથેનો 'હોરાઇઝન ૨૦૪૭' રોડમેપ એ વાતની સાબિતી છે કે બંને દેશો લાંબા ગાળાના આયોજન સાથે આગળ વધી રહ્યા છે. આ રોડમેપમાં અંતરિક્ષ, સાયબર સિક્યુરિટી અને અન્ડરવોટર ક્ષેત્રે પણ સહયોગની વાત છે.

૨૦૨૬માં મેક્રોનની મુલાકાત દરમિયાન ૧૧૪ એમઆરએફએ વિમાનોના સોદા અંગે કોઈ મોટી જાહેરાત થઈ શકે છે. જો આ સોદો ફ્રાન્સને મળે છે, તો તે ભારત-ફ્રાન્સ સંબંધોને એક નવી ઊંચાઈ પર લઈ જશે. રાફેલની પસંદગી પાછળનું એક મુખ્ય કારણ એ પણ છે કે ભારત પાસે પહેલેથી જ આ વિમાનો માટેનું માળખું (Infrastructure) અને તાલીમબદ્ધ પાઇલટ્સ છે. નવા પ્રકારના વિમાન ખરીદવા કરતા રાફેલની સંખ્યા વધારવી એ આર્થિક અને વ્યુહાત્મક દ્રષ્ટિએ વધુ તાર્કિક લાગે છે. ભારતની રક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવતો આ નિર્ણય માત્ર લશ્કરી શક્તિ વધારવા માટે જ નથી, પરંતુ તે ભારતના આર્થિક હિતો અને 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને પણ પ્રભાવિત કરશે.

નિષ્કર્ષમાં કહી શકાય કે, આજના અસ્થિર વૈશ્વિક વાતાવરણમાં ભારતને એવા મિત્રોની જરૂર છે જે તકનીકી રીતે સક્ષમ હોય અને રાજકીય રીતે વિશ્વસનીય હોય. ફ્રાન્સ આ માપદંડમાં સંપૂર્ણપણે ખરું ઊતરે છે. મેક્રોનની આગામી મુલાકાત એ માત્ર એક ઔપચારિક મુલાકાત ન રહેતા, ભારતની સુરક્ષા દીવાલોને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક ક્રાંતિકારી પગલું સાબિત થશે. વિદેશી નિર્ભરતા ઘટાડવી અને સ્વદેશી ક્ષમતા વિકસાવવી એ જ ભારતની લાંબા ગાળાની સુરક્ષા વ્યૂહરચનાનો મુખ્ય મંત્ર હોવો જોઈએ અને ફ્રાન્સ સાથેની ભાગીદારી આ મંત્રને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. ■

## આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## સાગનો વાઘઃ ઝાડ પર પૈસા ઉગ્યા નહી પણ ખંખેરી લેવાયા

પૈસા ઝાડ પર નથી ઊગતા. આવી કહેવત આપણે હજારોવાર સાંભળી - વાંચી - બોલી છે, પરંતુ ઝાડને નામે પારકા પૈસા ખંખેરનારાઓનો અલગ ઈતિહાસ છે. અમુકને યાદ ન આવતું હોય કે કેટલાંકને વિશ્વાસ ન હોય તો ગઈ સદીના નેવુંના દાયકાના ફ્લેશબૅકમાં જવું પડે.

એ સમયે નાના રોકાણકારો પાસે મૂડી રોકાણની આકર્ષક યોજના પહોંચાડાતી હતી. ધીમે-ધીમે પરંતુ નિયમિતપણે ઓછું રોકાણ કરતા રહો વીસ વર્ષ સુધી. પછી લાંબો સમય એના ફાયદાના ફળ લણતા રહો. લાગેને લલચામણી ઓફર? આમાં મોટેભાગે સાગના વૃક્ષ ઉગાડવામાં રોકાણ કરવા - કરાવવાની જાહેરાત હતી. આ યોજના ટીક કંપનીઓ લાવી હતી.

આમાં એ સમયે બહુ ગાજેલું નામ હતું ચેન્નાઈ સ્થિત કંપની અનુભવ પ્લાન્ટેશન્સ. આ કંપનીએ રોકાણકારોને જે વળતરની ઓફર કરી હતી એ ફિક્સ્ડ ડિપોઝિટ અને રિયલ એસ્ટેટ કરતા વધુ હતું. આને સાથે હજારોએ સાગનાં વૃક્ષનાં વાવેતરમાં રોકાણ કર્યું. આ સાથે પ્લાન્ટેશન્સ માર્કેટમાં ગાંડી તેજી આવી ગઈ હતી.

આટલું જ નહિ, બિલાડીના ટોપની જેમ રાતોરાત પ્લાન્ટેશન્સ કંપનીઓ માર્કેટમાં આવી ગઈ. સૌનો ધ્યેય એક જ હતો રોકાણકારોને કોણીએ ગોળ લગાડવાનો. અને બિચારા નિર્દોષ ઈન્વેસ્ટર્સ ભોળવાઈ પણ ગયા. એક ભ્રામક ગુલાબી ચિત્ર ઊભું કરાયું કે જાણે દેશભરમાં ઠેર ઠેર સાગ-સાગ થઈ જશે અને રોકાણકારો માલા-માલ થઈ જશે.

પરંતુ બહુ જલદી આ પ્લાન્ટેશન્સ તેજીનો ફુગાવો ફૂટી જશે એવી ચેતવણી આર્થિક નિષ્ણાતો ઉચ્ચારવા માંડ્યા હતા. આ સ્વાભાવિક હતું કારણ કે વધુ પડતી ઉત્પાદકતા અને વળતરના દાવા એકદમ અતિરેકભર્યા હતા.

આ છેતરામણા દાવા વચ્ચે એક નક્કર હકીકત સમજવી જરૂરી છે પણ એ ચકાસાવાની કોશિશ કોઈએ કરી નહોતી. હકીકતમાં સાગનાં એક વૃક્ષને સ્વસ્થપણે પૂરેપૂરા વિકસાવામાં ઓછામાં ઓછા ૩૦ થી ૪૦ વર્ષ લાગે તો ૨૦ વર્ષમાં અધધધ વળતર આવે ક્યાંથી?

આ કૌભાંડ પાછળની મોડસ ઓપરેન્ડી કેવી હતી? આ તથાકથિત સાગપ્રેમી કંપનીઓ સાવ ગરીબ ગામના ખેડૂતો પાસેથી પડતર-નકામી જમીન સાવ નાખી દેવાના ભાવમાં ખરીદી લે. પછી આ જમીન મોંઘા ભાવે રોકાણકારોને વેચી દે. કંપનીના બન્ને હાથમાં લાડવાના સુંડલા આવી જાય.

ટૂંકમાં રોકાણકારોએ સાગનાં અમુક વૃક્ષ ઉગાડવા માટે જમીન ખરીદવી પડે. જમીન ભારતના ગમે તે ભાગમાં હોય. મુંબઈ, જામનગર, નાશિક, વિરમગામ, અમદાવાદ, વડોદરા કે નાગપુર સહિતનાં શહેરોના રોકાણકારો થોડા પોતે જઈને જમીન જોવાના હોય કે એની ફળદ્રુપતા ચકાસવાના હોય. વધુ વળતરની લાલચમાં વધુ લોમમલોલ ચાલતું રહ્યું. પણ ક્યાં સુધી પાયા વગરની ઈમારત ટકી રહે?



સાદા, સીધા અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આ બહું મોટું રેકેટ હતું, સ્કૅમ હતું. મજાની વાત એ છે કે આ રાતોરાત ઊગી નીકળેલી પ્લાન્ટેશન્સ કંપનીઓએ સાગનાં ઝાડ ઉગાડવા માટે ડ્રિપ ઈરિગેશન (ટપક સિંચાઈ), ખાતર અને અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું વચન આપીને રોકાણકારોને આંજી નાખ્યા હતા. જો આ પદ્ધતિથી કદાચ ઝાડ ૨૦ વર્ષમાં ઊગી જાય તો પણ સાગનું લાકડું ન મળે, સેપવુડ (રસકાષ્ઠ) મળે. આ લાકડું સાગની જેમ મજબૂત - ટકાઉ હોવાને બદલે હળવું અને નરમ હોય.

આ ઉપરાંત વૃક્ષ અને લાકડાંની ગુણવત્તા અંગે અન્ય મહત્ત્વપૂર્ણ બાબતો હતી, પરંતુ આ રોકાણકારો નહોતા ખેડૂત કે નહોતો તેમને બાગબગીચા સાચવવા - ઉગાડવાનો અનુભવ હતો. હકીકતમાં આ બધાને ખેતી-વન્ય જીવમાં રસ નહોતો કે એ વિકસાવાનો પણ નહોતો. આ રોકાણકારો જાણે નાની - સૂક્ષ્મ બૅન્ક જેવા હતા. આ સૌને રોકાણ અનેકગણું કરવું હતું ને એના પરની આવક પણ કૃષિની આવક તરીકે કરવેરા-મુક્ત ગણાવવી હતી.

આવા રોકાણકારોની સાગવાન અને ધનવાન થવાની પડાપડી અને પ્લાન્ટેશન્સ કંપઓઓના ઘીકેળા વચ્ચે આવી ૧૯૯૮ની ૧૫મી ડિસેમ્બર અને ક્યારેય ન ઉગનારા સાગ પત્તાના મહેલ કડડભૂસ થવાની શરૂઆત થઈ. (ક્રમશઃ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## નસીબ ચમકતા હૈ તો ફર્શ ફાડ કે દેતા હૈ...



અણધાર્યો અધધ લાભ થાય એ માટે 'ભગવાન દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ' એમ કહેવાય છે. જોકે, પોર્ટુગલ વેપારીઓએ વિકસાવેલા ચીનના પ્રશાસન પ્રદેશની ઓળખ ધરાવતા મકાઉમાં એક એવી ઘટના બની છે જે જાણ્યા પછી ભાષાપ્રેમીઓને 'નસીબ ચમકતા હૈ તો ફર્શ ફાડ કે દેતા હૈ' એવી કહેવત બનાવવાનું મન થઈ શકે છે. ટુરિઝમ માટે જાણીતા મકાઉમાં અનેક વૈભવી હોટેલો છે. એમાંની એક 'ગ્રાન્ડ એમ્પરર' નામની હોટેલને 'જાગીને જોઉં તો મશરૂની તળાઈમાં સૂતી હોય' એવું આજકાલ લાગવા માંડ્યું હતું. વાત એમ છે કે આ ૨૦ વર્ષ પહેલા બંધાયેલી આલીશાન હોટેલની લોબીની ફરશ (મૂળ અરબી શબ્દ ફર્શ) પર સોનાની ઈંટ (ગોલ્ડ બ્રિક્સ) પાથરવામાં આવી હતી. એ સમયે 'ગોલ્ડન પાથવે' (સોનેરી સડક) ધરાવતી હોટેલ તરીકે એની ખ્યાતિ હતી. હોટેલની લોબીની ફર્શ પર કાચની નીચે સોનાની ઈંટો આંખનું આંજણ હતી. આ વૈભવનો એહસાસ કરવા દુનિયાભરના સહેલાણીઓ આવતા હતા. જોકે, વધી ગયેલા ભૌગોલિક - રાજકીય ટેંશનને કારણે સોનાના ભાવમાં ઘોડાપૂર આવ્યું છે. એટલે ગ્રાહકોએ બહુ વૈભવ માણી લીધો હવે આપણો વારો છે એવો નિર્ધાર કરી હોટેલ મેનેજમેન્ટ દ્વારા સોનાની ઈંટો વેચી સોનાનો સૂરજ જોવાનો નિર્ણય લેવાયો અને ૭૯ કિલો સોનાની ઈંટો વેચી ૧૧૭ કરોડ ઘરભેગા કરી દેવામાં આવ્યા છે. આ વેચાણથી હોટેલની આર્થિક સ્થિતિ ઘણી મજબૂત થશે અને ગ્રાહકોને અનેક નવી અને મનભાવન વર્લ્ડ ક્લાસ સર્વિસ આપી શકશે એવું માનવામાં આવી રહ્યું છે. આ વાંચ્યા પછી જો તમને 'શોભાને શું વળગે ભૂર, સોનું વેચે એ શૂર' એવું કહેવાનું મન થાય તો એ તમારો હક છે.

## મનસ્વી વિચારથી યમરાજને આમંત્રણ



વિજ્ઞાન અને અંધશ્રદ્ધા વચ્ચે ક્યારેક અત્યંત પાતળી રેખા હોય છે. કઈ બાબતને વિજ્ઞાન ગણવી અને કોને શ્રદ્ધાનું લેબલ મારવું એ અંગત બાબત છે. જોકે, ક્યારેક કોઈ સમજણનું ખોટું અર્થઘટન વિનાશને નોતરું આપી શકે છે. ચીનના પ્રખ્યાત શહેર શાંઘાઈમાં રહેતી મહિલાની કથા આ બાબત સામે આંગળી ચીંધી ગંભીર રીતે વિચાર કરવા પ્રેરે એવી જરૂર છે.

શાંઘાઈમાં રહેતી મહિલાની તબિયત નરમગરમ રહેતી હતી અને નસીબ પણ સાથ નહોતું આપી રહ્યું. સમસ્યાના નિવારણ માટે મેડમે શોર્ટકટ વાપરી ફેંગશુઈ માસ્ટરને ઘરના વાસ્તુશાસ્ત્રની ચકાસણી કરવા બોલાવ્યો. એ મહાશયે 'શોધી કાઢ્યું' કે મહિલાની સોસાયટીની બહાર બેસાડવામાં આવેલા ટ્રાફિક મિરરનો કાચ એના ઘરની દિશા તરફ હોવાથી અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. 'બૂરી નજર' દૂર કરવા મહિલાએ વગર વિચાર્યે ફેંગશુઈ અનુસાર એ ટ્રાફિક મિરરની દિશા બદલાવી નાખી. જોકે, ઘરને 'બૂરી નજર'થી બચાવવાની આ તરકીબ કેટલાક લોકો માટે હાનિકારક સાબિત થઈ. ટ્રાફિક મિરરની ગેરહાજરીને કારણે એકબીજાની કાર ન દેખાતા એક્સિડેન્ટ થયા અને હાહાકાર મચી ગયો. હકીકતનો ખ્યાલ આવતા એ વિસ્તારની પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીએ બીજો મિરર એવી રીતે બેસાડ્યો કે મહિલાના ઘરની તરફ ન રહે અને કારચાલકોને પણ વાહનો દેખાય. જોકે, મહિલાનો માઠો વખત યથાવત રહ્યો અને ફરી તેણે મિરરની દિશા બદલી નાખી અને ફરી વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા. અંતે પોલીસને બોલાવાવમાં આવી અને ઓફિસરે મહિલાને ચેતવણી આપી કે ખબરદાર, જો હવે આ મિરરને હાથ લગાડ્યો છે તો... અને મિરરને સિમેન્ટના વપરાશથી જડબેસલાક ફિટ કરી દીધો. મહિલા પણ સાનમાં સમજી ગઈ અને પ્રારબ્ધને બદલે પુરુષાર્થ પર ફોકસ કરી રહી છે. ટેક્નોલોજીમાં હેરત પમાડતા અનેક ઉદાહરણ પૂરા પાડતા ચીનમાં આવી ઘટના પણ બને છે એ જાણ્યા પછી 'કુછ ભી હો સકતા હૈ' પરનો વિશ્વાસ દ્રઢ બને છે, ખરું ને!

## ૨૧ વર્ષે લગ્ન, ૪૨ વર્ષે અફેર અને ૯૭ વર્ષે બીજાં લગ્નની ઈચ્છા



સિંગાપોરની અદાલતમાં અજબ દુનિયાની ગજબ વાત જેવો કેસ આવ્યો અને અદાલતે આપેલો ચુકાદો પણ કેસ દાખલ કરનારે ધાર્યો નહીં હોય એવો ગજબનાક આવ્યો. 'દિલ કા મામલા'ની ગજબનાક સ્ટોરી અનુસાર એક યુવકે ૧૯૫૦માં ૨૧ વર્ષની ઉંમરે લગ્ન કરી લીધા અને ત્રણ પુત્રનો પિતા બન્યો. 'દિલ તો બચ્ચા હૈ'ની કહેણી અનુસાર લગ્નનાં ૨૧ વર્ષ પછી ૪૨ વર્ષની ઉંમરે ભાઈસાહેબને પોતાની સેક્રેટરી સાથે અફેર થઈ ગયો. બંનેના અનૈતિક સંબંધથી એક સંતાનનો જન્મ થયો. પતિના વ્યભિચારની જાણ થવા છતાં પત્નીએ આંખ આડા કાન કર્યા અને મૃત્યુપર્યંત (૨૦૧૪) તકરાર વિના પતિ સાથે રહી. પત્નીના મૃત્યુ બાદ એકલતા દૂર કરવા પતિએ સેક્રેટરીને સાથે રહેવા બોલાવી લીધી. પરિવારમાં હોહા થઈ જતા અને વાત વણસી ગઈ હોવાનો ખ્યાલ આવતા ભાઈસાહેબે ૨૦૨૧માં ૯૨ વર્ષની ઉંમરે સેક્રેટરી સાથે સાત ફેરા ફરી લેવાનું નક્કી કર્યું. સંપત્તિમાં ભાગ પડશે એ કારણસર કે અન્ય કોઈ કારણે બીજા નંબરના દીકરાએ ફેમિલી કોર્ટમાં દાવો દાખલ કરી પિતાશ્રીને કાનૂની રીતે અક્ષમ જાહેર કરવા વિનંતી કરી. દીકરાની દલીલ હતી કે ૨૦૧૭માં પડી ગયા બાદ ડેડી ડિમેન્શિયાથી પીડાતા હોવાથી તેઓ જાતે નિર્ણય લેવા સક્ષમ નથી અને તેમની પ્રેમિકા તેમનો ગેરલાભ લઈ રહી છે. આ કેસથી વિફરેલા પિતાશ્રીએ વીલમાંથી બીજા નંબરના દીકરા અને પૌત્રના નામ કઢાવી નાખ્યા અને સામો ખટલો દાખલ કરી ૩૮ લાખ સિંગાપોર ડૉલર (આશરે ૨૬ કરોડ રૂપિયા) અને કંપનીના એસેટ પાછા માગ્યા. એટલું જ નહીં, પૌત્રને ઘર ખાલી કરાવવાની પણ માંગણી કરી. તબીબી તપાસમાં ૯૭ વર્ષના વડીલને થોડી તકલીફ હોવાની જાણ થઈ, પણ મેરેજ કે પ્રોપર્ટી અંગે નિર્ણયો લેવા માટે એકદમ સજ્જ હોવાનું નિદાન થયું. ન્યાયમૂર્તિએ એક વાત પર ધ્યાન દોર્યું કે ૨૦૧૭માં ડેડી પડી જવાને કારણે અસમર્થ હોવાનો દાવો કરનારા પુત્રએ બે વર્ષ પછી ૨૦૧૯માં પિતાશ્રીને કંપનીના સીઈઓ બનાવવા મંજૂરી આપી હતી. મહિલા સામેના આક્ષેપો પણ અદાલતે ફગાવી દીધા છે. જોકે, હવે મોટા દીકરાએ અપીલ ફાઈલ કરી હોવાથી પુનર્લગ્નની શરણાઈના સૂર માટે વડીલે રાહ જોવી પડશે.

## અજીબ દાસ્તાં હૈ યે...



શમ્મી કપૂરના સ્ટેપ્સ પરનું દિલ ડોલાવી દેતું 'તીસરી મંઝિલ'નું ગીત 'આ જા આ જા, મૈં હૂં પ્યાર તેરા' હોય કે 'યાદોં કી બારાત'નું સેન્સ્યુઅસ ઝીનત અમાનનું સ્ટાઈલિશ 'ચુરા લિયા હૈ જો તુમને દિલ કો' હોય, બંને ગીતના પ્રારંભમાં ગિટારના સૂર દિલના દરિયામાં ડૂબકી મારવા મજબૂર કરે છે. ગિટારના સૂર કેમ બહુ મીઠા લાગે છે એનું એક નવુંનક્કોર કારણ એ છે કે રોશોગુલ્લા, ચમચમ અને સંદેસ જેવી મીઠાઈ માટે પ્રખ્યાત બંગાળના એક ખોબલા જેવડા ગામમાં દેશની ૬૦ ટકા ગિટારનું ઉત્પાદન થાય છે. બંગાળના લોકસંગીતમાં અને વિશેષ કરીને બાઉલ ગીતોમાં એકતારાની વિશિષ્ટ હાજરી હોય છે. જોકે, સમય જતા એકતારાનો વિકાસ થયો અને આજે છ તારની ગિટારનો જમાનો ચાલે છે. પશ્ચિમ બંગાળમાં ઠેકઠેકાણે ગિટાર બનાવતી ફેકટરીઓ જોવા મળે છે અને એમાં ઉત્તર ૨૪ પરગણામાં આવેલું શ્યામનગર 'ગિટાર ગામ'ની ખ્યાતિ ધરાવે છે. આધ્યાત્મ અને ફૂટબોલ સાથે અનોખો નાતો ધરાવતું આ ગામ લાકડું વહેરવાનો અવાજ અને ગિટારના તારના ઝણકાર એમ બે વિશિષ્ટ ધ્વનિ માટે નામના ધરાવે છે. શ્યામનગરમાં કુશળ કારીગરોની વસતિ વધુ હોવાથી અહીં મહત્તમ ગિટાર તૈયાર થાય છે અને ભારતભરમાં જ નહીં, એની ભૂતાન, શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશમાં નિકાસ પણ થાય છે. 'અજીબ દાસ્તાં હૈ યે, કહાં શુરૂ કહાં ખતમ...'

## લ્યો કરો વાત

ઘણા પુરુષોને કપાળ પર મોટો લાલચટાક કંકુનો ચાંદલો કરતી મહિલા સુંદર અને મોહક લાગે છે. બંગાળની સ્ત્રીઓમાં જોવા મળતી આ સુંદર પ્રથા આવતા મહિને આકાશમાં પણ જોવા મળશે. ના, સુનિતા વિલિયમ્સ પછી વધુ એક ભારતીય સન્નારી અવકાશમાં જવાની તૈયારીમાં નથી. ત્રીજી માર્ચે ચાંદામામા પેલા કંકુના ચાંલ્લા જેવા લાલમલાલ દેખાવાના છે. 'ખૂન કા મામલા' જેવી પણ કોઈ વાત નથી.

વાત એમ છે કે એ દિવસે હોળી છે ને પૂર્ણ ચંદ્રગ્રહણ પણ છે. લગભગ ૫૮ મિનિટ સુધી ચાંદામામા લાલઘૂમ ચહેરા સાથે પૃથ્વી પરના ભાણેજો સામે તાકી રહેશે. સામાન્યપણે મામાના દીદાર ભાણેજરાઓના ચહેરા હસુ હસુ કરી આનંદિત કરી દેતા હોય છે.

જોકે, ત્રીજી માર્ચે મામાનો લાલઘૂમ ચહેરો જોઈ એ ગુસ્સે ભરાણા છે કે એમને ઈજા થઈ છે એવું નથી. પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવી જવાને કારણે દાદાનો પ્રકાશ સીધો મામાના ઘર સુધી ન પહોંચી શકવાને કારણે ચંદ્ર લાલચટક દેખાય છે, જેને વિજ્ઞાન 'બ્લડ મૂન' તરીકે ઓળખે છે. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**માથાભારે હોય એના પગ ભારે ક્યારે થાય?**
* કોઈ માથાફરેલ એનો જીવનસાથી બને ત્યારે...

**ભગવાનના દર્શન માટે કેમ લાઈન લાગે?**
* ભગવાનને પણ સંખ્યા જોવાનો શોખ થતો હોય છે...

**વર- વધૂ રિવોલ્વિંગ ખુરશીમાં સાત ફેરા ફરે તો?**
* એમનો ભાવિ ઘર-સંસાર પણ ચેરની જેન ચક્કર ફરવા માંડે એવી શક્યતા ખરી...

**બસમાં લેડી એર હોસ્ટેસ હોય તો?**
* મુસાફરો વધી જાય અને ખુદાબક્ષ સાવ ઘટી જાય...

**સપનામાં રાણી આવે. તો સાચ્ચેસાચ કોણ આવે?**
* ઘરની રાણી... ઘરવાળી.

**ટૅરિફ વધારો અને પછી ઘટાડો. કેવું લાગે?**
* ભાવ વધાર્યા પછી વેપારી ડિસ્કાઉન્ટ આપે એવું...

**કયો જમ પૈસા કમાવી આપે?**
* લવાજમ...જે છાપાંવાળાઓને આજે ઓછા મળે છે...

**પારકા પૈસે પરમાનંદ. તો ખુદના પૈસે?**
* વ્યાજનો વિશ્વાનંદ.

**નારી પદમણી હોય તો નર કેવો હોય?**
* નટખટ...નાટકિયો ...

**લાજ ના કાઢે એ નિર્લજ કહેવાય?**
* ના, વહુ હોય તો મોડર્ન ગણાય...

**સંકલ્પ ક્યારે પૂરા થાય?**
* સંકલ્પ લીધા પછી...

**NRI વતનમાં કેમ દાન આપતા હશે?**
* પોતે વિદેશમાં કમાયા છે એવું લોકો જાણે એટલે....

**હાલના રાજમાં સુખી કોણ?**
* નેતા અને લોન લેનાર...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ બધામાં કહેવત છે સમાઈ!

હિન્દુ ધર્મમાં 'પુરાણો'નું ખૂબ મહત્ત્વ છે. ભારત વર્ષના વ્યવહારિક જીવન પદ્ધતિના ઘડતરમાં પુરાણોનો સિંહફાળો છે. બધા મળીને ૧૮ પુરાણ છે. તેમાંના મોટાભાગના પુરાણોમાં કહેવતોના પ્રયોગ થયા હોવાનું વાંચવા મળે છે. અથવા તો ત્યાંથી કહેવતોનો પ્રાદુર્ભાવ થયો હોઈ શકે! એક કહેવત છેઃ 'સતાં સાપ્તપદં મૈત્રમ્' એટલે કે 'સાત પગલાં સાથે ચાલનાર મિત્ર બની જાય છે.' તો ચાણક્ય સૂત્ર નામના નીતિગ્રંથમાં 'ના તપ્તલોહં લોહેન સંઘતે' જેવી પ્રચલિત કહેવત પ્રયોજાઈ છે જેનો અર્થ છેઃ 'ગરમ કર્યા વગર તો લોઢું પણ લોઢાં સાથે સંધાતું નથી.'

મુસ્લિમ ધર્મના એક પુસ્તક 'મખઝને અખલાક'ના 'મિશાલ' નામના પ્રકરણમાં કહેવતોનો ઉલ્લેખ જોવા મળે છે જેમ કે 'હાથમેં લીયા કાંસા તો રોટીકા ક્યા સાંસા' ધગશ રાખનાર વ્યક્તિને ધંધો મળી રહે છે. એવો તેનો અર્થ થાય.

તો વળી ઈસાઈ ધર્મમાં, ધર્મગ્રંથ બાઈબલની ગુજરાતી આવૃત્તિમાં કહેવતોનો એક વિભાગ 'દૃષ્ટાંત વચનો' નામની સમાવિષ્ટ છે. કહેવત સાહિત્યનું ધર્મમાં પણ એટલું જ મહત્ત્વ છે. બાઈબલમાં વપરાયેલી કહેવતોમાંની એક છેઃ 'દુષ્ટતા કરવી મૂર્ખને રમત જેવું લાગે છે.' આ રીતે તમામ ધર્મગ્રંથોમાં કહેવતોએ યથાસ્થાને ગોઠવાઈને પોતાનું મહત્ત્વ જાળવી રાખ્યું છે.

'હલો, હાણે કચ્છ... માતાના દૂધ જેવી કચ્છી ભાષાની સમૃદ્ધિના મૂળમાં જ (કહેવતો) 'ચોવકું' હોય તેવું અનુભવાય છે. ચોટદાર કચ્છી ભાષાને 'ચોવકું' એ ચમત્કૃતિ બક્ષી છે. ઘણીવાર તો એક જ વિચારને બે રીતે રજૂ કરવામાં આવેલો પણ જોવા મળે છે. જેમ કે, 'લાડી નેં પાડી નિવડે વખાણ' અહીં 'લાડી' અને 'પાડી'ને પ્રતીક બનાવવામાં આવ્યા છે. 'લાડી' એટલે 'વહુ' અને 'પાડી' એટલે દૂધ આપતી થાય તે પહેલાંની ભેંશની આવૃત્તિ! 'ચોવક'ને ગુજરાતીમાં આ રીતે કહી શકાયઃ 'લાડી અને પાડી નિવડે જ વખાણાય' આ 'નિવડે' શબ્દ બહુ મહત્ત્વનો છે આ ચોવકમાં. 'પાડી'ની ફળદ્રુપતા અપેક્ષિત છે. તો 'લાડી'માં તે ઉપરાંત, 'વર', 'વટ' અને 'વ્યવહાર' સાચવવા જેવા ગુણ અને સંસ્કાર અપેક્ષિત છે.

હવે એ જ ચોવક પ્રતીકો બદલીને પણ કચ્છી ભાષામાં જોવા મળે છે, જેમ કે 'હોડી નેં નોં અગીયાં વેંધે ઓરખાજેં' હોડી એટલે હોડી - નાવ અને 'નોં' એટલે ઘરની વહુ. કહે છે કે બંનેનો સાચો પરિચય તો સમય જતાં જ થાય. પહેલી કહેવતનો અર્થ જ અહીં અભિપ્રેત છે, પણ જરા જુદી રીતે.

એક કહેવત છેઃ 'અધ છડે સજીલા ન ધોડ જે' કમાલજી ચોવક આય! જે મળ્યું તેમાં સંતોષ માની લેવાનો? અડધો રોટલો મળતો હોય તો આખા રોટલા માટે મહેનત નહીં કરવાની? સીધોસટ અર્થ એજ થાય પણ ગર્ભિત સંકેત છે, તેમાં સલાહ છે. આવક મેળવવા આંકરાંતિયા ન થવાની સલાહ. નીતિથી ચાલવાની સલાહ. જે મળે છે તે છોડી દઈને 'વધુ મેળવવાનો દાવ ન રમાય. જે મળે છે તે જાળવી રાખીને 'સજીલા' ધોડ કાઢજે!

એક બીજી કહેવતમાં મૂળભૂત જરૂરિયાતોના અભાવને અદ્ભુત રીતે વણી લેવામાં આવ્યો છે. 'અન, વસતર નેં આબરૂ તાંણ ફક્ત ત્રીંજી' અન એટલે અનાજ, વસતર એટલે વસ્ત્રો અને આબરૂ એટલે પ્રતિષ્ઠા. ગુજરાતીમાં પણ આપણે આબરૂ કહીએ છીએ. 'તાંણ' એટલે 'અભાવ' ચોવકમાં કહેવા મુજબ ત્રણ વસ્તુઓનો જીવનમાં અભાવ છે. 'અન્ન, વસ્ત્ર અને આબરૂ'. મૂળભૂત જરૂરિયાતોના અભાવની કરુણતા છલકે છે, એ ચોવકમાં અને છેલ્લેઃ

'અછી ગંધી આધીયો, છીંટજા છ ઢીંગલા, કચ્છી કપડ્ કોરી.' ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પારદર્શકતા એટલે શું ...?



આજના ઝડપી પરિવર્તનશીલ સમયમાં 'પારદર્શકતા' શબ્દ માત્ર શાસન વ્યવસ્થા સુધી સીમિત રહ્યો નથી, પરંતુ તે વ્યક્તિગત જીવન, કુટુંબ, શિક્ષણ, વ્યવસાય, સંસ્થા, સમાજ અને રાષ્ટ્રના દરેક ક્ષેત્રમાં આવશ્યક મૂલ્ય બની ગયો છે. પારદર્શકતા એટલે ખુલ્લાપણું,-સ્પષ્ટતા- સત્યનિષ્ઠા અને વિશ્વસનીયતા. જ્યાં કંઈ છુપાવવાનું ન હોય, ભ્રમ કે ભય ન હોય ત્યાં પારદર્શકતા સ્વાભાવિક રીતે જન્મે છે,પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે પારદર્શકતા કેવી હોવી જોઈએ? કેટલી હોવી જોઈએ? ક્યાં સુધી હોવી જોઈએ? અને સૌથી મહત્ત્વનું - કેમ હોવી જોઈએ?

## પારદર્શકતા એ શું છે?

પારદર્શકતા એટલે નિર્ણય, વ્યવહાર, નીતિ કે વર્તન પાછળનું સત્ય સ્પષ્ટ રીતે રજૂ કરવું. તેમાં કોઈ ઢાંક પિછોડ, ભ્રમ કે દ્વિઅર્થી ન હોવી જોઈએ. જેમ કાચમાંથી અંદરનું ચોખ્ખું દૃશ્ય દેખાય છે તેમ પારદર્શક વ્યવહારથી વિચારો અને પ્રક્રિયા સ્પષ્ટ દેખાય છે. પારદર્શકતા વિશ્વાસનું મૂળ છે અને વિશ્વાસ વગર કોઈ સંબંધ, સંસ્થા કે વ્યવસ્થા લાંબા સમય સુધી ટકી શકતી નથી.

## એ કેવી હોવી જોઈએ?

એ સમજદારીપૂર્વકની હોવી જોઈએ. એની સાથે સંવેદનશીલતા અને જવાબદારી જોડાયેલી હોવી આવશ્યક છે. દરેક સત્ય દરેક સમયે અને દરેક વ્યક્તિ સમક્ષ ખુલ્લું મૂકવું એ પારદર્શકતા નથી.

ઉદાહરણ તરીકે વિદ્યાર્થીઓ સાથે અભ્યાસક્રમ, મૂલ્યાંકન પદ્ધતિ અને અપેક્ષાઓમાં, શિક્ષક પારદર્શક હોવો જોઈએ, પરંતુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત વિગતો જાહેર કરવી યોગ્ય નથી. એ જ રીતે, માતા-પિતા સંતાન સાથે જીવનનાં મૂલ્યો અને પરિસ્થિતિઓ વિશે પારદર્શક હોઈ શકે, પરંતુ પરિવારની તમામ ચિંતા સંતાન પર લાદવી યોગ્ય નથી. ટૂંકમાં પારદર્શકતા એવી હોવી જોઈએ કે જે વિશ્વાસ વધારે, ભય નહીં.

## એ કેટલી હોવી જોઈએ?

પારદર્શકતાની પણ એક મર્યાદા હોય છે. 'બધું કહી દેવું' એ હંમેશાં યોગ્ય નથી. જેટલી પારદર્શકતા સંબંધોને મજબૂત કરે એટલી જ હોવી જોઈએ. વધુ પડતી પારદર્શકતા ઘણી વખત ગેરસમજ, અસુરક્ષા અને વિવાદ ઊભા કરી શકે છે.

વ્યવસાયિક ક્ષેત્રમાં કંપનીએ પોતાની નીતિઓ, નાણાકીય સ્થિતિ અને કાર્યપદ્ધતિમાં પારદર્શક રહેવું જોઈએ, પરંતુ વ્યાપારી રહસ્યો, નવી યોજનાઓ અથવા સુરક્ષા સંબંધી માહિતી જાહેર કરવી સંસ્થાને નુકસાન પહોંચાડી શકે છે એટલે પારદર્શકતા એટલી હોવી જોઈએ કે જે ન્યાય, વિશ્વાસ અને જવાબદારીને મજબૂત બનાવે.

શાસન વ્યવસ્થામાં પારદર્શકતા નીતિ નિર્માણ, જાહેર ખર્ચ, વિકાસ યોજનાઓ અને નિર્ણયો સુધી હોવી જોઈએ, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા, ગુપ્તચર વ્યવસ્થા અને સૈન્ય યોજનાઓમાં સંપૂર્ણ પારદર્શકતા જોખમી બની શકે છે એટલે પારદર્શકતા ત્યાં સુધી જ હોવી જોઈએ જ્યાં સુધી તે સમાજ અને રાષ્ટ્રના હિતમાં હોય.

## એ શા માટે જરૂરી છે?

પારદર્શકતા વિશ્વાસના પાયાનો પથ્થર છે. જ્યાં પારદર્શકતા હોય છે ત્યાં ભ્રષ્ટાચાર, અન્યાય અને શોષણ માટે જગ્યા ઓછી રહે છે. પારદર્શક વ્યવહાર લોકોમાં જવાબદારીની ભાવના જગાવે છે. જ્યારે માણસ જાણે છે કે તેની ક્રિયાઓ ખુલ્લી અને તપાસ પાત્ર છે, ત્યારે તે વધુ સાવચેત અને ન્યાયી બને છે.

શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શકતા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રામાણિકતા વિકસાવે છે. સામાજિક જીવનમાં પારદર્શકતા સંબંધોને મજબૂત બનાવે છે. રાજકારણ અને શાસનમાં પારદર્શકતા લોકશાહીનો આત્મા છે. લોકોએ કર ચૂકવ્યો છે, તેથી શાસન વ્યવસ્થા શું કરે છે તે જાણવાનો અધિકાર જનતાને છે.

## પારદર્શકતા તથા સોશ્યલ મીડિયા

આજના ડિજિટલ યુગમાં પારદર્શકતા અને પ્રદર્શન વચ્ચેની રેખા ખૂબ પાતળી બની ગઈ છે. સોશ્યલ મીડિયા પર લોકો પોતાના જીવનની દરેક ક્ષણ જાહેર કરે છે, જેને ઘણી વખત પારદર્શકતા માનવામાં આવે છે, પરંતુ તે ઘણી વખત દેખાડો બની જાય છે. સોશ્યલ મીડિયા પર પારદર્શકતા જાળવતી વખતે સાવચેતી જરૂરી છે. ખોટી માહિતી, અર્ધસત્ય અને વ્યક્તિગત વિગતોનું અતિશય પ્રદર્શન વ્યક્તિને માનસિક અને સામાજિક નુકસાન પહોંચાડી શકે છે.

## પારદર્શકતા તથા નૈતિકતા

પારદર્શકતા નૈતિકતા સાથે જોડાયેલી છે. નૈતિકતા વગરની પારદર્શકતા કડવી વાસ્તવિકતા બની શકે છે અને પારદર્શકતા વગરની નૈતિકતા દંભ બની જાય છે. બંને વચ્ચે સંતુલન જરૂરી છે. ■

### સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

#### એપ્સ્ટીન- અદનાન ખશોગી- પામેલા બૉર્ડેસ
# સત્તા સાથે વિકૃત સાઠગાંઠ


**એપ્સ્ટીને પશ્ચિમનાં મોટાં માથાંઓની વિકૃતિને પોષી. કુમળી વયની છોકરીઓને હાથો બનાવી તેમનું જીવન નષ્ટ કરી નાખ્યું. એપ્સ્ટીન પરથી અદનાન ખશોગી અને પામેલા બૉર્ડેસના કિસ્સા પણ યાદ આવી ગયા. સત્તાને ખુશ કરવા સમયે-સમયે એપ્સ્ટીન જેવા લોકો આવતા-જતા રહે છે**

સમગ્ર વિશ્વમાં જેની ચારેકોર ચર્ચા છે એવી વિવાદાસ્પદ એપ્સ્ટીન ફાઇલોમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, તેમની પત્ની મેલાનિયા, પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન, માઇક્રોસોફ્ટથી જાણીતા બિલ ગેટ્સ, ગૂગલના સ્થાપક સર્ગી બ્રિન, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ, સાઉદી અરેબિયાના મોટા ઉદ્યોગપતિ સુલતાન અહમદ બિન સલાયેમ, નોર્વેની રાજકુંવરી મેટ્ટે મેરિટ, ઇંગ્લેન્ડના રાજકુંવર ઍન્ડ્રુ, તેની પત્ની સારાહ ફર્ગ્યુસન, દીકરીઓ બીટ્રિસ અને યુજીની, રાજકુંવરી ડાયેના, સ્વીડનની રાજકુંવરી સોફિયા, ટેસ્લા કાર કંપનીના સ્વામી ઇલોન મસ્ક, ગાયક માઇકલ જેક્સન, ફેશન મોડલ નાઓમી કેમ્પબેલ, ફિલ્મ નિર્દેશિકા મીરા નાયર (જે હવે ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીની માતા તરીકે વધુ ઓળખાય છે), વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ્સ, યોગ અને આયુર્વેદના પ્રસાર માટે જાણીતા દીપક ચોપડા ઉપરાંત અનેક જાણીતા ભારતીયોનાં પણ નામ છે.

મૂળે તો જેફ્રી એપ્સ્ટીન, સોફિસ્ટિકેટેડ રીતે ફાઇનાન્સર હતો પણ આ ઓઠા હેઠળ તે દલાલ જ હતો. તેને અમેરિકાના પ્રમુખ, પૂર્વ પ્રમુખ, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો સાથે ઘરોબો રાખવો પસંદ હતો. તે આ રીતે એકબીજાને મેળવી કામો કરાવી આપતો હતો. તેના માટે તે વર્જિન નામના ટાપુઓ પૈકીના તેના એક ટાપુ પર અય્યાશીની પાર્ટીઓ રાખતો. નીચતા એ વાતે હતી કે તે તેમાં કુમળી વયની છોકરીઓ પૂરી પાડતો. દાવા તો ભયંકર થઈ રહ્યા છે કે શેતાનની પૂજા માટે આ છોકરા-છોકરીઓને મારી ભોગ ધરાવાતો જેથી પોતાની સમૃદ્ધિ ચાલુ રહે. ઘણા ગુનેગારોનો અંત જે રીતે આવે છે તેમ એપ્સ્ટીનનું પણ થયું. તેનું જેલમાં આપઘાતથી મૃત્યુ થઈ ગયું. એનું આ ક-મોત પણ અન્ય બીજા કેટલાંક વિવાદ સર્જી રહ્યું છે...

ઍપ્સ્ટેઇન અબજોપતિઓની સંપત્તિ, વેરા, એસ્ટેટ પ્લાનિંગ વગેરે સંભાળવાનો ધંધો કરતો હતો. તેના એક ગ્રાહકનું નામ છે અદનાન ખશોગી. કાન ચમક્યા ને? ૯૦ના દાયકામાં ખશોગીનું નામ મીડિયામાં બહુ આવતું હતું. રસપ્રદ ઇતિહાસને તાજો કરીએ. સાઉદી અરેબિયાના


એપ્સ્ટીન


અદનાન ખશોગી


પામેલા બૉર્ડેસ

અદનાન ખશોગી શસ્ત્રોના સોદાઓમાં વચેટિયા અથવા દલાલ તરીકેનું કામ કરતા હતા. તેમનું નામ એક કૌભાંડમાં આવ્યું હતું. ૧૯૮૦ના દાયકામાં અમેરિકાને ઈરાન સાથે સારું બનતું હતું. તે વખતે અમેરિકાના પ્રમુખ હતા રોનાલ્ડ રેગન. તેમની સરકારે ખશોગી મારફતે ગેરકાયદે રીતે ઈરાનને શસ્ત્રો પૂરાં પાડ્યાં હતાં ! તે સમયે પણ ઈરાન પર શસ્ત્રો વેચવા પર અમેરિકાનો પ્રતિબંધ હતો, પણ મજબૂરી કા નામ! અમેરિકાએ આ શસ્ત્રો વેચીને ઉપજાવેલા ડૉલરમાંથી નિકારગુઆમાં વિદ્રોહીઓને નાણાં પૂરાં પાડ્યાં હતાં!

આ અદનાન ખશોગી ૧૯૯૧માં ભારત આવ્યા ત્યારે ભારતના મીડિયા અને રાજકીય વર્તુળોમાં ભારે ઊથલપાથલ મચી ગઈ હતી. તે વખતે તેઓ વડા પ્રધાન ચંદ્રશેખરને તેમના દિલ્હી પાસેના ભોંડસી ખાતેના ફાર્મહાઉસમાં મળ્યા હતા. આ ઉપરાંત ત્યારે ચંદ્રશેખરની સરકાર કૉંગ્રેસના બહારથી ટેકાથી ચાલતી હતી. એટલે અદનાન ખશોગી રાજીવ ગાંધીને પણ મળ્યા હતા. આ ઉપરાંત તે સમયે કૉંગ્રેસમાં ખૂબ મહત્ત્વ ધરાવતા કહેવાતા સાંપ્રદાયિક (તેને ધાર્મિક ન કહી શકાય) ગુરુ ચંદ્રસ્વામીને પણ તેઓ મળ્યા હતા. પુણેના એક વેપારી હસન અલી ખાને ખશોગી માટે અનેક વાર કાળાં નાણાં સફેદ કરી આપ્યા હતા અને સ્વિસ બેંકમાં જમા કરાવ્યા હતા. આથી ૨૦૦૭માં હસન અલી ખાન સામે તપાસ શરૂ થઈ હતી, પરંતુ ૨૦૧૧માં નાણાં પ્રધાન પ્રણવ મુખર્જીએ જાહેરાત કરી હતી કે સ્વિસ બેંકમાં હસનનાં બંને ખાતાંઓ ખાલી છે. ૨૦૧૨માં તેમણે કહ્યું હતું કે તેમની પાસેથી ચડી ગયેલા કરવેરા (જે લાખો રૂપિયા નહીં, અબજો હતા- રૂ. ૯૧૦ અબજ) વસૂલ કરવા શક્ય નથી!

જોકે તે વખતે સરકારે એક નેતા પર દરોડો પાડ્યો હતો. આ નેતા બિહારના કૉંગ્રેસના પ્રવક્તા અમલેન્દુકુમાર પાંડે હતા અને તેમના પર આક્ષેપ હતો કે તેમણે હસન અલી ખાનને નકલી દસ્તાવેજો પર પટનાથી પાસપોર્ટ પ્રાપ્ત કરાવવામાં અને સિંગાપોરમાં ખાતું ખોલાવી તેમાં કાળાં નાણાં જમા કરાવવામાં સહાય કરી છે. પાંડે હસન સાથે ૧૯૯૭માં ફલાઇટમાં સિંગાપોરની બેંકમાં ખાતું ખોલાવવા પણ ગયા હતા! ખશોગી અને હસનની જેમ આ પાંડે પણ સત્તાના દલાલ હતા. એ મિસ્ટર ઘણા પક્ષોમાં આંટો મારી આવ્યા હતા. એટલું જ નહીં, ૧૯૯૭માં તો આ અમલેન્દુકુમાર પાંડે તે સમયના વડા પ્રધાન ઈન્દ્રકુમાર ગુજરાલ જ્યારે વિદેશ પ્રધાન હતા ત્યારે તેમના વિશેષ ફરજ પરના અધિકારી (ઓએસડી) હતા.

ઍપ્સ્ટેઇનના ગ્રાહક અદનાન ખશોગી એપ્સ્ટીનની જેવી જ ચર્ચા એક સમયે થયેલી તે પામેલા બૉર્ડેસ કેસમાં પણ ઉલ્લેખ પામ્યા હતા. જૂની પેઢીના વાચક મિત્રોને સ્મરણ હશે કે ૧૯૮૦ના દાયકામાં, ભારતમાં જન્મેલી પામેલા બૉર્ડેસનું ઇંગ્લેન્ડના મોટા રાજનેતાઓ અને મોટા પત્રકારો સાથેનું સેક્સ કૌભાંડ ખૂબ જ ચર્ચાયું હતું. મૂળ નામ પામેલાસિંહ. તેનો જન્મ ૧૯૬૧માં દિલ્હીમાં થયો હતો. તેના પિતા મહેન્દ્રસિંહ ભારતીય સેનાના અધિકારી હતા ! પણ તે વેશ્યાવૃત્તિના રવાડે ચડી ગઈ.

ઇંગ્લેન્ડમાં એક વેશ્યાલય પ્રચાર અધિકારી (એપ્સ્ટીનની જેવા દલાલ) મેક્સ ક્લિફોર્ડના ગ્રાહકોને વેશ્યાઓ પૂરું પાડતું. ક્લિફોર્ડે વેશ્યાલયની કર્તાધર્તાને તેની છોકરીઓ અને ગ્રાહકો વિશે પૂછ્યું તેમાં પામેલાનું કૌભાંડ ખુલ્લું પડ્યું. પામેલાની સૂચિમાં અદનાન ખશોગીનું પણ નામ હતું.

જોકે આ બધામાં એપ્સ્ટીનનું કૌભાંડ સૌથી ભયાવહ છે. તેમાં કુમળી વયની છોકરીઓનો ઉપયોગ કરાયો હતો અને દાવાઓ સાચા હોય તો, તેમને મારી નખાતી હતી. આ એ લોકો છે જે આખી દુનિયાને વશમાં રાખે છે વત્તા માનવાધિકાર અને નૈતિકતાના પાઠ પણ ભણાવે છે!. આવાં કૌભાંડ કોઈ કાળે ન ચલાવી લેવાય, પણ ઍપ્સ્ટેઇનનું જેમ જેલમાં ફીંડલું વળી ગયું તેમ આ ફાઇલોની ચર્ચા પણ થોડા દિવસ પછી ફીંડલું વળી જશે અને ફરી કોઈ નવો કોઈ એપ્સ્ટીન સત્તાને ખુશ કરવા આવી જશે. ■

### ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com



#### પ્રેમનું ફિલ્મી સ્વપ્નઃ
# કલ્પનાઓમાં ખોવાઈ જવાનું સુખ

પ્રેમની સુખદ કલ્પનાઓ મનુષ્યના જીવનમાં એક એવા જાદુ જેવી છે, જે વાસ્તવિકતાની દુનિયાથી દૂર લઈ જઈને મસ્ત મજાનું રોમેન્ટિક વિશ્વ બનાવે છે. આ કલ્પનાઓમાં આપણે પોતાના પાર્ટનર સાથે સુંદર ક્ષણો, અનંત વચનો અને રોમાન્ટિક સાહસો જીવીએ છીએ. ફિલ્મી પ્રેમની કલ્પનાઓએ આપણને રંગીન સપનાઓ જોતા શીખવ્યું છે.

ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' નો રાજ અને સિમરનનો પ્રેમ પરિવાર અને જાતજાતના અવરોધો પાર કરીને જીવે છે. આ કથાઓ આપણને યુરોપના પહાડો વચ્ચે પ્રેમની કલ્પનાઓની સફરે લઇ જાય છે. રોમેન્ટિક કલ્પનાઓ પાછળ મનોવિજ્ઞાન, સમાજ અને સાંસ્કૃતિક તત્ત્વોની મોટી ભૂમિકા છે. આપણે સજવાની કોશિશ કરતા કરતા સ્વપ્નમાં ખોવાઈ જવાની મજા માનવાની છે.

પ્રેમની રંગીન કલ્પનાઓમાં જાતજાતના કલર ભાવનાઓને આકાર આપે છે અને તેને વધુ આનંદમય બનાવે છે. વેલેન્ટાઈનમાં લાલ અને ગુલાબી કલર રોમાન્સ અને લાગણી વ્યક્ત કરવામાં મદદ કરે છે, જ્યારે વસંતમાં લીલો અને પીળો તાજગી લાવે છે. આ રંગો મનોવિજ્ઞાનિક રીતે કલ્પનાને સુખદ બનાવે છે, પરંતુ વધુ પડતી કલ્પનાઓ વાસ્તવિક જીવનને અસર કરી શકે છે, તેથી જીવનમાં સંતુલન જરૂરી છે.

તાજેતરના એક અભ્યાસમાં જોવા મળ્યું કે રોમાન્ટિક કોમેડીઝ જોવાથી લોકોની અપેક્ષાઓ વધે છે અને પ્રેમમાં તમામ અવરોધ આસાનીથી પાર થઈ જાય છે. રોમાન્ટિક કોમેડીઝ જોવાથી લોકોની અપેક્ષાઓ વધે છે અને પ્રેમમાં તમામ અવરોધો આસાનીથી પાર થઈ જાય છે. સિનેમા આપણને વર્તમાન વાસ્તવિકતાથી દૂર લઈ જઈને એક કલ્પિત વિશ્વમાં મુકે છે, જ્યાં પ્રેમ હંમેશાં વિજયી થાય છે.

સાહિત્ય પણ લગભગ એ જ માર્ગ પર હોય છે, સાહિત્ય વાચકને પોતાની કલ્પનાઓમાં વાર્તા બનાવવા દે છે, જેમાં રોમાન્સ નોવેલ્સમાં પ્રેમને તીવ્ર અને આદર્શ બતાવવામાં આવે છે. રોમિયો એન્ડ જુલિયટમાં શેક્સપિયરે પ્રેમને દુઃખદ બતાવ્યો છે, જે વાચકોને તેમની કલ્પનાઓમાં 'અમર પ્રેમ'નું સ્વપ્ન જોવા પ્રેરે છે. વાચકો પ્રેમને એક મહાન બલિદાન તરીકે કલ્પના કરે છે. સાહિત્ય અને સિનેમા કલ્પનાઓને સર્જનાત્મક બનાવે છે, પરંતુ તે એવું વ્યસન બની જાય છે જેમાં નકારાત્મક બાબતનો સ્વીકાર કરી શકતા નથી. પ્રેમની આત્મહત્યાઓમાં આ પણ એક કારણ હોઈ શકે છે.

મનોવિજ્ઞાનિકો અનુસાર રોમાન્સની કલ્પનાઓ ભાવનાત્મક જરૂરિયાતોને પૂરી કરે છે. જ્યારે વાસ્તવિક જીવનમાં એકલતા, તણાવ અથવા નિરાશા હોય ત્યારે મન પ્રેમના સ્વપ્નમાં જઈને આરામ મેળવે છે. હાર્વર્ડના ૨૦૧૦ના અભ્યાસમાં ૨૨૦૦થી વધુ લોકો પર સર્વે કરવામાં આવ્યો હતો,જેમાં જોવા મળ્યું કે માણસનું મન દિવસમાં ૪૬.૯% સમય કલ્પનાઓમાં ભટકે છે અને તેમાંથી મોટા ભાગની કલ્પનાઓ પ્રેમ અને સંબંધો વિશે હોય છે. આ કલ્પનાઓ મગજમાં ડોપામીન અને સેરોટોનિન જેવા ખુશીના કેમિકલ્સ વધારે છે, જે વાસ્તવિક પ્રેમ જેવી અનુભૂતિ આપે છે.

ધર્મ પ્રેમની કલ્પનાઓને આકાર કરવાની છૂટ સાથે તેને નિયંત્રણમાં રાખવાનો ફાયદો પણ કરી આપે છે. ધાર્મિક વાતાવરણમાં મોટા થયેલા લોકો તેમની પ્રેમની કલ્પનાઓમાં પવિત્રતા, વફાદારી અથવા દૈવી પ્રેમ જેવા ધાર્મિક મૂલ્યનો સમાવેશ કરે છે. કેટલાક ધર્મોમાં પ્રેમને પાપ અથવા વાસના તરીકે જોવામાં આવે છે, જેથી કલ્પનાઓમાં અપરાધભાવ ઊભો કરે છે. ક્યારેક શિક્ષણમાં મળતી જાણકારી વાસ્તવિકતા અને કલ્પના વચ્ચે તફાવત સમજવામાં મદદ કરે છે. સામાજિક મૂલ્યોને કેવી રીતે ભૂલી શકાય? સમાજ પ્રેમની કલ્પનાઓને સૌથી વધુ અસર કરે છે કારણ કે તે પ્રેમના આદર્શો નક્કી કરે છે.

માણસને રોમાન્સના સ્વપ્ન જોતા કોણ રોકી શકે છે? પ્રેમની કલ્પનામાં રાચતી વ્યક્તિને સૌથી મોટો તેનો પરિવાર જ દુશ્મન લાગતો હોય છે. પરિવાર સુખદ રોમેન્ટિક કલ્પનાઓમાં સીધી અસર કરે છે કારણ કે તે પ્રથમ વાતાવરણ છે જ્યાં બાળપણથી કલ્પનાઓ વિકસે છે. પરિવારના વિચારો અને ઉછેર વ્યક્તિની કલ્પનાઓની સીમાઓ નક્કી કરે છે. જો પરિવાર ધાર્મિક અથવા કડક હોય તો વ્યક્તિની રોમેન્ટિક કલ્પનાઓને મર્યાદિત થઇ જતી જોવા મળે છે. મુક્ત વાતાવરણમાં તેને પ્રોત્સાહન મળે છે. ઘણા પરિવારમાં વાર્તાઓ કહેવાની આદત હોય તો બાળકોની કલ્પનાઓ વધુ સર્જનાત્મક બને છે, પરંતુ કેટલાક પરિવારોમાં કલ્પનાઓને 'સમયનો વ્યય' માનીને રોકવામાં આવે છે.

આજકાલ સોશ્યલ મીડિયાના યુગમાં વ્યક્તિની વિચારધારા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણી આસપાસની વિચારધારાઓ જેમ કે રાજકીય, સામાજિક અથવા ધાર્મિક વિચારો વગેરે કલ્પનાઓને ફિલ્ટર કરે છે અને તેમાં ચોક્કસ વિષય લાવે છે. જો વ્યક્તિની વિચારધારા રૂઢિચુસ્ત હોય તો કલ્પનાઓમાં પરંપરાગત મૂલ્યો વધુ આવે છે, જ્યારે ઉદાર વિચારધારામાં સ્વતંત્રતા અને નવા અનુભવોની કલ્પના થાય છે એવું કેટલાક અભ્યાસોમાં માનવામાં આવે છે.

છેવટે, પ્રેમની સુખદ કલ્પનાઓ આપણા મનને એક સુંદર સ્વપ્ન જોવામાં મદદ કરે છે. જ્યારે જીવનમાં તણાવ, એકલતા કે થોડી નિરાશા આવે ત્યારે મન પોતાની જાતે જ એક રોમેન્ટિક ફિલ્મ બનાવી લે છે. આ ફિલ્મમાં લાલ ગુલાબ ખીલે છે, વસંતના વાયરા વહે છે અને પ્રિય વ્યક્તિ તમારી બાજુમાં હોય છે.

આવી બધી કલ્પનાઓમાં ફિલ્મોના રોમાન્ટિક સીન, વેલેન્ટાઈનના લાલ-ગુલાબી રંગો અને રૂમી-શામ્સ જેવા પ્રેમના ઊંડા શબ્દો બધું મળીને દિલને ખુશી આપે છે. હા, અહીં એક વાત યાદ રાખવી કે કલ્પના ખૂબ જ સુંદર છે, પરંતુ સાચો પ્રેમ ત્યારે જ જન્મે છે જ્યારે આપણે તેને વાસ્તવિક જીવનમાં થોડું ઘણું સમજીને, સમય આપીને, ધીરજ રાખીને જીવીએ. તેથી કલ્પનામાં ભલે થોડું ખોવાઈ જાઓ પણ વાસ્તવિકતામાં પ્રેમને એક તક આપજો. કારણ કે સાચું સુખ ત્યાં જ છે, જ્યાં કલ્પના અને વાસ્તવિક જીવન એકબીજાને મળીને એક સુંદર રોમેન્ટિક કથાનું સર્જન કરે છે. ■

### શરદ જોશી સ્પીકિંગ
___સંજય છેલ
feedback@bombaysamachar.com

# આદિ-કથા ઉર્ફે એ જ જૂના આદિવાસી



આ દેશમાં આદિવાસી હજી ત્યાંના ત્યાં જ છે, જ્યાં એ પહેલાં હતા. દરેક ભાષણમાં એમનો ઉલ્લેખ કરવામાં આવે છે, દરેક કમિશન એના પર વિચાર કરતા જ હોય, દરેક ઘોષણાપત્રમાં એમની પરિસ્થિતિ પર ચિંતા કરવામાં આવતી હોય, દરેક યોજના અને દરેક બજેટમાં એમના માટે જોગવાઈ કરવામાં આવે, પરંતુ આટલાં વર્ષો પછી પણ જ્યારે ભારતના નેતાઓ એમના દરવાજે પહોંચે છે ત્યારે આદિવાસી એવી જ રીતે રડતો, વિલાપ કરતો જોવા મળે છે જેમ એ વર્ષો પહેલાં પણ કરતો હતો.

જ્યારે ભારતના પહેલા પ્રધાનમંત્રી એને મળવા માટે પહેલી વખત એના જિલ્લામાં ગયા હતા. આજે પણ એ હજી અર્ધ-નગ્ન છે, માથું નમાવીને ઊભેલો છે અને એની સંખ્યા કે શક્તિનો ઉપયોગ તહેવારો કે પ્રસંગો પર મોરપંખ માથામાં લગાડીને મંત્રીઓના સ્વાગતમાં નાચ-ગાન કરવા પૂરતો જ હોય છે.

આજે પણ એ નિર્જન થઈ રહેલા જંગલમાં એનું માથું ફોડે છે અને રાહત કામગીરીના ભાગ રૂપે પથ્થર તોડે છે! શહેર ઝાડ કાપીને જંગલમાં ઘૂસી રહ્યું છે, પણ આદિવાસી એટલો જ આદિવાસી છે જેટલો એ પ્રાચીન સમયમાં હતો. આજે પણ એ કેમેરાથી ફોટો ખેંચવાલાયક વસ્તુ છે. એની બનાવેલી જ્વેલરીમાંથી મોર્ડન ડિઝાઈનરોને નવી કલ્પના મળે છે, એની સંગીતની ધૂન સાંભળવા લાયક હોય છે, એનું સંગીત રેકોર્ડ કરવા જેવું યોગ્ય હોય છે, એની કલા-કૃતિઓ સજાવટ માટે ઉત્તમ હોય છે. આટલું બધું હોવા છતાં આજે પણ એમની દીકરીઓને જિલ્લા, તહેસીલ અને રાજ્યના અધિકારીઓ, પોલીસવાળાઓ દ્વારા એ જ અમુક પ્રકારના ઉપયોગ માટે લાવવામાં આવે છે.

ક્યાં ઘુસી ગયા એ રૂપિયા જે વર્ષે દર વર્ષે આદિવાસીઓની પ્રગતિ અને વિકાસ માટે બજેટમાં રાખવામાં આવતા હતા? ત્યાં રસ્તાઓ બન્યા, એના પર સરકારી જીપોનું આવન-જાવન શરૂ થયું, પણ આદિવાસીઓનું નહીં. ત્યાં સરકારી આરામગૃહ બન્યા જે અધિકારીઓ માટે આરામ અને મોજ મસ્તી માટેનું સ્થળ બની ગયા. આદિવાસીઓની સ્કૂલ, હોસ્ટેલ, હોસ્પિટલ બધું એ જ હાલતમાં છે. શું આદિવાસી છોકરાઓ તો ક્યારેય મેરિટ લિસ્ટમાં આવતા જ નહીં હોય? સંસ્કૃતિનું ગૌરવ ધરાવતા આ રાજ્યોમાં રૂપિયા ખર્ચાયા તો ક્યાં? જંગલ કાપવામાં કે ઓફિસ બનાવવામાં? ત્યાં તો એક વરસ વરસાદ ન થાય તો આખો જિલ્લો આફ્રિકાના ઈથોપિયા જેવો બની જાય છે.

આદિવાસીઓનું મન દૂર દૂરથી આવેલી વિદેશીઓ જીતી લે છે. રાજ્યના બજેટ કરતાં વિદેશથી આવેલું ધાર્મિક દાન ત્યાં વધારે સારો કમાલ કરી દેખાડે છે. આપણી સરકાર જેમને ભારતીય જીવનના મુખ્ય પ્રવાહ સાથે જોડી નથી શકતી એમને એ અજાણ્યા વિદેશી પોતાના ધર્મમાં પરિવર્તિત કરવામાં સફળ થઈ જાય છે.

બીજી તરફ, વર્ષો વરસ આદિવાસીઓ માટે ફાળવવામાં આવતા લાખો રૂપિયા જાય છે ક્યાં? સરકારી ખજાનાથી લઇને આદિવાસીની ઝૂંપડી વચ્ચે કેટલાં ખિસ્સાંઓ, કેટલા પાકીટો, કેટલીય ભ્રષ્ટ કડીઓ છે? આ એક અજીબ તિલસ્મી તકલીફની વાત છે.

આજે વર્ષો પછી જ્યારે દેશના મંત્રીઓ આદિવાસીની ઝૂંપડીની બહાર ઊભા રહીને હાલચાલ પૂછે છે, ત્યારે પણ પરિસ્થિતિ ત્યાંની ત્યાં જ છે જ્યાં પહેલાં હતી. બન્ને વચ્ચે, એક સતત જવાબ વગરનું પ્રશ્નાર્થ ચિન્હ છે. મંત્રીજીનો હસતો ચહેરો અને આદિવાસીઓના પરેશાન ચહેરાઓની વચ્ચે જે ખાલીપણું છે, એને જોવું એટલે દેશની વાસ્તવિકતા જોવા જેવી વાત છે! ■

### તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પવનચક્કીથી ઊર્જા કઈ રીતે ઉત્પન્ન થાય છે?

આજનો યુગ ફાસ્ટ છે. વિજ્ઞાન, ટેક્નોલોજી, ડિજિટલ જેવો ઝડપી છે. સાચી વાત તેમાં જો ખૂબ મહત્ત્વ હોય તો વીજળી(ઊર્જા)નું છે. એટલે જ સૂરજદાદા આપણા પોષક દેવ છે. તેના વિના બધું અંધકાર લાગે તોય આપણે તેની કિંમત કરતા નથી. પણ રાત્રે સૂરજદાદાની ગેરહાજરીમાં વીજળી જરૂરી છે. અગાઉ વીજળી બલ્બ, ટ્યૂબલાઈટ,પંખો ચલાવામાં થતો પણ આજે દરેક કાર્યમાં વીજળીની જરૂર પડે છે. અત્યારે ભારતનું અર્થતંત્ર પેટ્રોલ, ડીઝલ પર નિર્ભર છે. એટલે આપણે બીજા દેશ તરફ નિર્ભર રહીએ છીએ પણ આવતા દિવસોમાં તમામ વાહનો ઇલેક્ટ્રિકથી ચાલે તેવી મુહિમ ભારત સરકાર કરી રહ્યું છે, જેથી ભારતમાં જ વીજળીનું માતબર ઉત્પાદન થાય તે માટે તોતિંગ પવન ચક્કી, વિદ્યુત ચક્કી, Windmill જેવા વિવિધ પ્રયોગ થાય છે.

ભારતમાં ઊર્જા માટે મોટરકાર, ટ્રક, રેલવે એન્જિન, સ્કૂટર, જનરેટરમાં અને પેટ્રોલ અને ડીઝલ વપરાય છે. તેની જગ્યાએ વીજળીથી આ બધું ચાલે અને એ વીજળી ભારતમાં ઉત્પન્ન થાય તે માટે ઘર પર સોલાર પેનલ લગાવવામાં આવે છે. તો સરકાર પોતાની માલિકીના બિલ્ડીંગ અને મોટા ખુલ્લા મેદાનમાં સોલાર પેનલો નાખી સૂરજદાદા પાસેથી વીજળી મેળવે છે, પણ બુદ્ધિજીવીઓ પવનચક્કીને પ્રોત્સાહન આપે છે અને પવનદાદા પાસેથી વીજળી લેવાનું મહા અભિયાન ચાલે છે, ભારતમાં વેરાન જમીન પુષ્કળ પડી છે. તેમાં અસંખ્ય પવનચક્કીઓ નાખવામાં આવે છે જ્યાં પવન વધુ ફૂંકાતો હોય તેવા દરિયા કિનારે રણ પ્રદેશ કે જંગલમાં ખાલી જગ્યામાં આજે હજારો પવન ચક્કીએ વીજળીની ક્રાંતિ કરી છે. રાજસ્થાન જેસલમેર રણ વિસ્તાર કે કચ્છ કે અમારા કાઠિયાવાડમાં આવી પવનચક્કીઓ ખૂબ જોવા મળે છે. આથી આગામી દિવસોમાં ભારત પેટ્રોલ, ડીઝલને બદલે આવી ઊર્જા તરફ પ્રગતિ કરે છે, જેમાં પ્રદૂષણ પણ નથી થતું. આવી વિરાટકાય પવનચક્કીઓ કરોડો રૂપિયાની બને છે તેના પર જરા પ્રકાશ પાડું છું.

પવનચક્કીનાં પ્રકાર જોઈએ નક્કર થાંભલાવાળી પવનચક્કી,પોલા થાંભલાવાળી પવનચક્કી, ટાવરવાળી પવનચક્કી, ધુમ્ર પવનચક્કી તેમાંથી અત્યારે Windmill પવનચક્કી વિશે જાણીએ. પવનચક્કીના એક પાંખીયાની લંબાઈ ૨૬૫ ફૂટ અને ટાવરની હાઈટ ૫૬૫ ફુટ હોય છે. જેમાં ટાવરવાળી પવનચક્કીમાં ૨૫૬ ફૂટનો ટાવર તેની ઉપર લોખંડનાં ભૂંગળાનો ટાવર તેમાં તેને લગાવા


૨૭૦ મીટર ઊંચી ક્રેનથી આખી પવનચક્કી લગાવવામાં આવે છે! તે ક્રેનની કિંમત ૪૫ કરોડની હોય છે પણ તેનું કામ કમાલનું હોય છે.

આપણું ઘર જેવડું ડોમ હોય જેની સાથે ત્રણ પાંખિયા લગાવવામાં આવે છે. જેની લંબાઈ અંદાજે ૨૫૬ ફૂટ હોય છે.

**પવનચાલિત ટર્બાઇનઃ** તે એક ઉપકરણ છે જે પવનની ગતિ ઊર્જાને વિદ્યુત ઊર્જામાં ફેરવે છે. આજના સમયમાં જયારે અશ્મિભૂત ઇંધણ જેવા સંસાધનનો જથ્થો ઝડપભેર ઘટી રહ્યો છે ત્યારે આ કુદરતી સ્ત્રોતમાંથી મળતી ઊર્જા આશીર્વાદ રૂપ સાબિત થાય તેમ છે. કોલસો બાળતા થર્મલ પાવર સ્ટેશન ઘણું પ્રદુષણ ફેલાવે છે, જયારે આ ઊર્જા પ્રદુષણ રહિત પણ હોય. સમક્ષિતિજ ધરીના પવનચાલિત ટર્બાઇનના માળખાને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય છે.

**રોટર(પાંખિયા):** તે પવનની ગતિ ઊર્જાની મદદથી ધરીને ફેરવે છે. પવનચાલિત ટર્બાઇનની કુલ કિંમતના આશરે ૨૦% જેટલી કિંમત રોટરની હોય છે.

**જનરેટરઃ** જે ધરીની ચક્ર ગતિનો ઉપયોગ કરીને વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરે છે, જેમાં ચક્ર ગતિને વધારવા વપરાતા ગિયરબોક્સનો પણ સમાવેશ થાય છે, પવનચાલિત ટર્બાઇનની કુલ કિંમતના આશરે ૩૪% જેટલી કિંમત જનરેટરની હોય છે. આવી અત્યાધુનિક પવનચક્કી આશીર્વાદ રૂપ સાબિત થઈ છે. ■

# જાડેજા અને પત્ની રિવાબા મળ્યાં મોદીને

## મુલાકાત પછી 'બાપુ'એ સોશ્યલ મિડિયામાં વડા પ્રધાનના નેતૃત્વની પ્રશંસા કરી





નવી દિલ્હીઃ ભારતના સ્ટાર ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા અને તેની એમએલએ-પત્ની રિવાબા પાટનગર દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યાં હતાં અને તેમનું બહુમાન કર્યું હતું તેમ જ આ યાદગાર મુલાકાત પછી ' બાપુ' જાડેજાએ સોશ્યલ મીડિયામાં મોદી સાથેની તસવીરો શૅર કરીને આ મુલાકાતને કરોડો લોકો સુધી પહોંચાડી હતી.

રિવાબા ૨૦૨૨માં જામનગર (ઉત્તર) સીટ પરથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડ્યાં હતાં અને જીતી ગયાં હતાં. રિવાબા ગુજરાત રાજ્યના વિધાનમંડળમાં આદિવાસી ક્ષેત્રોના વિકાસને લગતું તેમ જ શિક્ષણ ખાતું સંભાળે છે. તેઓ પોતાના મતવિસ્તારમાં ખૂબ લોકપ્રિય છે.

'જડ્ડુ'એ સોશ્યલ મીડિયામાં ફોટા શૅર કરવાની સાથે કૅપ્શનમાં લખ્યું, 'માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સરને મળીને તેમની સાથે વાતચીત કરવા મળી એ અમારા માટે મોટા ગૌરવની વાત છે. તેમના વિચારો એકદમ સ્પષ્ટ હોય છે. આ ઉપરાંત તેમનો જોશ તેમ જ અસાધારણ કામ કરવા માટેનું તેમનું કમિટમેન્ટ પ્રેરણાદાયક છે. આવા નેતૃત્વમાંથી શીખવું એ પણ બહુ મોટી વાત છે.'

સાડીમાં સજ્જ રિવાબાએ પીએમ મોદીને શાલ ઓઢાડીને તેમનું બહુમાન કર્યું હતું. રિવાબાને ગયા વર્ષે ૧૭મી ઑક્ટોબરે ગુજરાતના નવા પ્રધાનમંડળમાં સમાવવામાં આવ્યાં હતાં. રવીન્દ્ર જાડેજાને સોમવારે બીસીસીઆઇ દ્વારા જાહેર કરવામાં આવેલા નવા વાર્ષિક કૉન્ટ્રૅક્ટ મુજબ ગ્રેડ-એમાં સ્થાન અપાયું છે. આ ગ્રેડમાં શુભમન ગિલ અને જસપ્રીત બુમરાહ પણ છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીને ગ્રેડ-બીમાં મૂકવામાં આવ્યા છે. જાડેજા ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. ૨૦૨૫ની સાલમાં તેણે ૬૩.૬૭ની સરેરાશે કુલ ૭૬૪ રન કર્યા હતા અને પચીસ વિકેટ લીધી હતી.

### પાકિસ્તાને આઇસીસી સામે ઝૂકવું પડ્યુંઃ ૧૫મીએ ભારત સામે રમશે

# ઈજ્જતનો ફાલુદો કરાવી દીધોને?: સોશ્યલ મીડિયામાં પાકિસ્તાન ટ્રૉલ થયું

નવી દિલ્હીઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ પ્રતિબંધો તેમ જ આર્થિક નુકસાનની ચેતવણી આપી, બ્રૉડકાસ્ટરો તથા ઍડવર્ટાઇઝરોએ વળતરનો દાવો માંડવાની ધમકી આપી તેમ જ શ્રીલંકા અને બાંગ્લાદેશે વિનંતીઓ કરી એને પગલે પાકિસ્તાન સરકારે છેવટે ઝૂકીને (યુ-ટર્ન લઈ લઈને) ભારત સામેની રવિવાર, ૧૫મી ફેબ્રુઆરીની વર્લ્ડ કપની મૅચ રમવાની તૈયારી બતાવી ત્યાર બાદ પાકિસ્તાનના આ દસ દિવસના નાટકને અંતે સોશ્યલ મીડિયામાં પાકિસ્તાન સરકાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની ખૂબ હાંસી ઉડાવવામાં આવી રહી છે.

પાકિસ્તાનના આ ડ્રામાને લઈને મીડિયામાં મીમ બનાવવામાં આવ્યા છે, પાકિસ્તાન સરકાર તેમ જ પાકિસ્તાનના ક્રિકેટ સત્તાધીશોની મજાક ઉડાવવામાં આવી રહી છે તેમ જ આ સૌને ભારે ટ્રૉલ કરવામાં આવ્યા છે.

એક્સ પર ગગન નામના ક્રિકેટપ્રેમીએ 'કરવાલી બેઇઝ્ઝતી' એવી ટિપ્પણી કરી છે. પાકિસ્તાને પોતાની જ ઇજ્જતનો ફાલુદો કરી નાખ્યો એવા અર્થમાં તેણે આ કમેન્ટ લખી હતી. જેઠિયા નામના ક્રિકેટલવરે કમેન્ટ કરી હતી કે ' ઇન કા હર બાર કા યહી સીન હૈ'. ગગને ' પાક હંમેશાં સર્કસ બતાવતું હોય છે,' એવું પણ લખ્યું હતું.

ગગન નામના આ ક્રિકેટચાહકની કમેન્ટ્સના પ્રત્યાઘાતમાં અન્ય એક ક્રિકેટપ્રેમીએ પાકિસ્તાન વિશે લખ્યું, ' યે કભી નહીં સુધરેંગે.' ખુદ પાકિસ્તાનમાં જ કેટલીક મહિલા ક્રિકેટચાહકોએ બાબર આઝમની હાંસી ઉડાવી હતી અને વિરાટ કોહલીની તરફેણ કરી હતી.

# હર્ષિત રાણા સર્જરીને લીધે આઇપીએલની શરૂઆતની મૅચો કદાચ ગુમાવશે



નવી દિલ્હીઃ ભારતીય પેસ બોલર હર્ષિત રાણાએ ઘૂંટણમાં ઑપરેશન કરાવ્યું છે જેને કારણે તે આગામી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શરૂઆતની અમુક મૅચો ગુમાવશે.

હર્ષિતને શનિવારે અમેરિકા સામેની વર્લ્ડ કપની પ્રથમ મૅચ અગાઉ નવી મુંબઈમાં સાઉથ આફ્રિકા સામેની પ્રૅક્ટિસ મૅચમાં અચાનક ઘૂંટણમાં દુખાવો શરૂ થયો હતો જેને લીધે તે આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયો હતો. તેના સ્થાને મોહમ્મદ સિરાજને રમવા મળ્યું અને તેણે અમેરિકા સામેની મૅચમાં ત્રણ વિકેટ લીધી હતી.

હર્ષિત રાણાએ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં ડૉ. દિનશા પારડીવાલા પાસે ઘૂંટણમાં સર્જરી કરાવી છે. હર્ષિત જરૂરી આરામ કર્યા બાદ બેંગ્લૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં રિહૅબિલિટેશન માટે જશે.

કેટલાક સૂત્રોના જણાવ્યા મુજબ હર્ષિત રાણા આખી આઇપીએલ નહીં ગુમાવે, પણ ઘણી મૅચો ગુમાવશે. તેને કોલકાતા નાઇટ રાઇડર્સે ૪.૦૦ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે. જોકે હવે કેકેઆરના ફ્રૅન્ચાઇઝીએ આગામી સીઝન માટેની યોજનામાં થોડો ફેરફાર કરવો પડશે.

# સિફર્ટ-ફિનની જોડીએ ન્યૂ ઝીલૅન્ડને વિક્રમો સાથે જિતાડ્યું





શરાફુનો કૅચ ચૅપમૅન ઝીલવા ગયો, પણ બાઉન્ડરીની બહાર જતાં પહેલાં તેણે ઉછાળેલો બૉલ મિચલે ઝીલી લીધો હતો.

ચેન્નઈઃ મંગળવારે યુએઇ (૨૦ ઓવરમાં ૬/૧૭૩) સામે ન્યૂ ઝીલૅન્ડે (૧૫.૨ ઓવરમાં ૦/૧૭૫) કેટલાક વિક્રમો સાથે આસાનીથી વિજય મેળવી લીધો. ન્યૂ ઝીલૅન્ડ જેવી મજબૂત ટીમ સામે યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ની ટીમે પોતાનો હાઇએસ્ટ સ્કોર (૬/૧૭૩) નોંધાવ્યો ત્યાર બાદ કિવીઓ ૧૬મી ઓવરમાં વિના વિકેટે ૧૭૫ રન બનાવીને વિજય મેળવવાની સાથે સુપર-એઇટ રાઉન્ડની નજીક પહોંચી ગયા હતા.

ન્યૂ ઝીલૅન્ડના બે ઓપનર ટિમ સિફર્ટ (૮૯ અણનમ, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, બાર ફોર) અને ફિન ઍલન (૮૪ અણનમ, ૫૦ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર)ની જોડીએ વિકેટ ગુમાવ્યા વગર ૨૮ બૉલ બાકી રાખીને ન્યૂ ઝીલૅન્ડને ૧૭૫ રનનો પડકારરૂપ લક્ષ્યાંક ૧૦ વિકેટે અપાવ્યો હતો. સિફર્ટે યુએઇના મુહમ્મદ રોહિદના બૉલમાં સિક્સર ફટકારીને જીત હાંસલ કરી હતી. સિફર્ટ-ફિનની અણનમ ૧૭૫ રનની ભાગીદારી ટી-૨૦ વર્લ્ડ કપની કોઈ પણ વિકેટ માટેની ભાગીદારીઓમાં સર્વશ્રેષ્ઠ છે. તેમણે બટલર-હેલ્સની ૧૭૦ રનની પાર્ટનરશિપનો રેકૉર્ડ તોડ્યો હતો.

મૅન ઑફ ધ મૅચ સિફર્ટ અને ફિનની જોડીએ ન્યૂ ઝીલૅન્ડની વિન્સેન્ટ-મૅક્લમ વચ્ચેની ૬૮ રનની ઓપનિંગ ભાગીદારીનો કિવી રેકૉર્ડ પણ તોડ્યો હતો. સિફર્ટ-ફિનની જોડીએ ટી-૨૦માં કિવીઓના ગપ્ટિલ-વિલિયમસનની ૧૭૧ રનની પાર્ટનરશિપના રેકૉર્ડને પણ ભૂતકાળ બનાવી નાખ્યો હતો. યુએઇના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર મુહમ્મદ રોહિદની બોલિંગમાં સૌથી વધુ રન (૩.૨ ઓવરમાં ૫૧ રન) બન્યા હતા.

એ પહેલાં, યુએઇને પોતાનો સૌથી મોટો સ્કોર નોંધાવવામાં ખાસ કરીને કૅપ્ટન મુહમ્મદ વસીમ (૬૬ અણનમ, ૪૫ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને અલીશાન શરાફુ (પંચાવન રન, ૪૭ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) જોડીને કારણે સફળતા મળી હતી. મેટ હેન્રી સૌથી વધુ બે વિકેટ લઈ શક્યો હતો.

# નેધરલૅન્ડ્સે જીતીને સુપર-એઇટની આશા જીવંત રાખી

નવી દિલ્હીઃ નેધરલૅન્ડ્સે શનિવારે કોલંબોમાં ટી-૨૦ વર્લ્ડ કપની પહેલી જ મૅચમાં પાકિસ્તાનની સાત વિકેટ લઈને એને આસાનીથી ન જીતવા દીધું ત્યાર બાદ ગઈ કાલે નેધરલૅન્ડ્સે નામિબિયા સામે સાત વિકેટના માર્જિનથી જીતીને ટોચના આઠ દેશ વચ્ચેના સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. ગેરાર્ડ ઇરેસ્મસના સુકાનમાં નામિબિયાએ બૅટિંગ મળ્યા પછી આઠ વિકેટે ૧૫૬ રન કર્યા હતા જેના જવાબમાં સ્કૉટ એડવર્ડ્સની કૅપ્ટન્સીમાં નેધરલૅન્ડ્સે ૧૮ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૯ રન કરીને વિજય મેળવી લીધો હતો અને પહેલા બે પૉઇન્ટ મેળવી લીધા હતા.

**નામિબિયાનો ચોથો વર્લ્ડ કપ**

ભારતના ભૂતપૂર્વ સફળ હેડ-કોચ ગૅરી કર્સ્ટન આ વખતે નામિબિયાની ટીમના કન્સલ્ટન્ટ છે અને આ ટીમનો આ સતત ચોથો ટી-૨૦ વર્લ્ડ કપ છે. આફ્રિકા ખંડના નામિબિયા દેશે ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૪ના વિશ્વ કપમાં પણ ભાગ લીધો હતો.

નેધરલૅન્ડ્સ સામેની મૅચમાં નામિબિયાએ જે ભૂલ કરી એ સુપર-એઇટ રાઉન્ડ માટેની આશા જીવંત રાખવા સુધારી લેવી પડશે.

**બાસ ડિલીડ મૅન ઑફ ધ મૅચ**

નાબિબિયાનો યેન નિકૉલ લૉફ્ટી-ઇટૉન (૪૨ રન, ૩૮ બૉલ, બે સિક્સર, એક ફોર) હાફ સેન્ચુરી ફટકારવામાં નિષ્ફળ ગયો હતો. તેના આ યોગદાનની મદદથી નામિબિયાએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૬ રન કર્યા હતા. નેધરલૅન્ડ્સના આઠ બોલર આક્રમણમાં હતા જેમાંથી ચાર બોલરને વિકેટ મળી શકી હતી. લૉગેન વૅન બીક અને બાસ ડિલીડે બે-બે વિકેટ મેળવી હતી. બાસ ડિલીડે એક બૅટ્સમૅનને રનઆઉટ પણ કર્યો હતો. પછીથી બાસ ડિલીડે (૭૨ અણનમ, ૪૮ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર) બૅટિંગમાં પણ બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેણે કૉલિન ઍકરમૅન (૩૨ રન) સાથે ૭૦ રનની અને કૅપ્ટન સ્કૉટ એડવર્ડ્સ (૧૮ અણનમ) સાથે ૪૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી. ઑલરાઉન્ડર બાસ ડિલીડને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

**હવે નામિબિયા રમશે ભારત સામે**

કર્સ્ટનના માર્ગદર્શનમાં નામિબિયા હવે ગુરુવારે દિલ્હીમાં ભારત સામે રમશે. બીજી તરફ, નેધરલૅન્ડ્સનો હવે પછીનો મુકાબલો શુક્રવાર, ૧૩મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં યુએસએ સામે છે.

## વર્લ્ડ કપમાં આજે કયા મુકાબલા?

**અફઘાનિસ્તાન-સાઉથ આફ્રિકા** (અમદાવાદ, સવારે ૧૧.૦૦)
**ઑસ્ટ્રેલિયા-આયરલૅન્ડ** (કોલંબો, બપોરે ૩.૦૦)
**ઇંગ્લૅન્ડ-વેસ્ટ ઇન્ડિઝ** (મુંબઈ, સાંજે ૭.૦૦)

# પાકિસ્તાન આ વખતે અમેરિકાની જાળમાંથી બચ્યું, ૩૨ રનથી જીત્યું

કોલંબોઃ પાકિસ્તાને અહીં મંગળવારે અમેરિકાને વર્લ્ડ કપની મૅચમાં ૩૨ રનથી હરાવી દીધું હતું. ૨૦૨૪ના વર્લ્ડ કપમાં અમેરિકા સામે હારેલું પાકિસ્તાન આ વખતે પ્રથમ બૅટિંગ મળતાં નવ વિકેટે ૧૯૦ રન કરી શક્યું હતું અને જવાબમાં અમેરિકાની ટીમ લડત આપ્યા બાદ આઠ વિકેટે ૧૫૮ રન બનાવી શકી હતી. પાકિસ્તાને પોતાની ઇનિંગ્સમાં છેલ્લા છવ્વીસ બૉલમાં છ વિકેટ ગુમાવી હતી જેમાંથી બે પ્લેયર રનઆઉટ થયા હતા. જોકે એ ધબડકો બોલાવ્યા બાદ અમેરિકા બૅટિંગમાં વળતો જવાબ નહોતું આપી શક્યું. શુભમ રાંજણે (૫૧ રન, ૩૦ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર), શયન જહાંગીર (૪૯ રન, ૩૪ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) તથા મિલિન્દ (૨૯ રન, બાવીસ બૉલ, એક સિક્સર, બે ફોર) સારું રમ્યા હતા. ઉસમાન તારિકે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

એ પહેલાં, પાકિસ્તાનના સાહિબઝાદા (૭૩ રન, ૪૧ બૉલ, પાંચ સિક્સર, છ ફોર), બાબર (૪૬ રન, ૩૨ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ના રન હાઈએસ્ટ હતા. અમેરિકાના શેડલીએ સૌથી વધુ ચાર વિકેટ તેમ જ સૌરભ નેત્રાવલકર, મોહમ્મદ મોહસિન અને હરમીત સિંહે એક-એક વિકેટ લીધી હતી.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PRUNE | તરાપ |
| PRUDENT | ઝભ્ભાનું કાપડ |
| PRUNELLA | છાંટવું |
| PROBLEM | સાવધ |
| POUNCE | સમસ્યા |

## માતૃભાષાની મહેક

આજે વિદ્યાર્થીને માર મારવો શિષ્ટ નથી ગણાતું. એક સમયે શિક્ષક મહેતાજી તરીકે સુધ્ધાં ઓળખાતા. મહેતાજી મારેય નહીં અને ભણાવેય પણ નહીં એવી કહેવત પ્રચલિત હતી.એનો ભાવાર્થ કોઈને લાભ ન થાય અને હાનિ પણ ન થાય તેવી રીતે રહેવું એવો થાય છે. પોતાના કામમાં ઉદાસીન, નિષ્ક્રિય કે બેફિકર રહેતી વ્યક્તિ માટે પણ આ કહેવત વપરાય છે.

## ગુજરાત મોરી મોરી રે

'દુર્જન વ્યક્તિ ક્યારેય સજ્જન ન બને' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નહીં ભૂંડા થાય તે રૂડા કદી

## ઈર્શાદ

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે,
કૂંપણની પાસે શું કુમળી કોઈ હથોડી છે.

- ઉદયન ઠક્કર

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| | | ૧૦ | | ૧૨ | | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | ૧૯ | |
| | | | ૨૦ | | | ૨૧ | | | |
| | ૨૨ | ૨૩ | | | | | | | |
| ૨૪ | | | | ૨૫ | ૨૬ | | ૨૭ | | ૨૮ |
| | | ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | | |
| ૩૩ | ૩૪ | | ૩૫ | | | | | ૩૬ | |
| ૩૭ | | | | | | ૩૮ | | | |

### આડી ચાવી

૧ ઘણાં કાળથી દૃઢ થયેલ રિવાજમાં જકડાયેલું (૪)
૪ ધારેલું નિશાન પાર પાડનાર (૪)
૭ ક્ષણ (૨)
૮ તલવારની સાથી (૨)
૯ તંતુ, તાંતણો (૨)
૧૦ રાક્ષસ (૩)
૧૩ પ્રખ્યાત (૨)
૧૫ પતિ (૩)
૧૭ અધમ, નીચ (૨)
૧૮ તુલસી, ડમરાની બિયાંવાળી ડાળખી (૩)
૨૧ શુભ પ્રસંગે બનતું એક મિષ્ટાન્ન (૩)
૨૨ ચાલાક, હોશિયાર (૩)
૨૪ આરતી ટાણે મંદિરમાં ....... વાગે (૩)
૨૫ માથું (૨)
૨૭ શ્રદ્ધાળુ, આસ્થાળુ (૩)
૨૯ મળેલી ....... ગુમાવવી નહીં (૨)
૩૧ નાઉમેદ (૩)
૩૩ ખેતીની નિપજ (૨)
૩૫ દહીં (૨)
૩૬ રાઈનાં ...... રાતે ગયા (૨)
૩૭ ચમત્કાર વગર ..... નહીં (૪)
૩૮ સગવડ, સોઈ (૪)


### ઊભી ચાવી

૧ આછો ખ્યાલ, ટૂંકું બયાન (૪)
૨ વિલંબ (૨)
૩ ભજન (૩)
૪ સુંદર સ્ત્રી (૩)
૫ તેનાં કામમાં કોઈ ..... નથી (૨)
૬ લેવડદેવડ, વ્યાજે નાણાં ફેરવવા તે (૪)
૧૦ ફરિયાદ, અરજ (૨)
૧૨ નામાનો ચોપડો (૨)
૧૪ સમાલોચના, વિચારણા (૩)
૧૬ એક પર્વત (૪)
૧૯ પારસી (૪)
૨૦ હૃદય (૨)
૨૧ પતિ (૨)
૨૩ તરત (૩)
૨૪ ફક્ત વનસ્પતિ (૪)
૨૬ અઠવાડિયાનો એક વાર (૨)
૨૭ પારકી ..... સદા નિરાશ (૨)
૨૮ લોકોક્તિ, દૃષ્ટાંત (૪)
૩૦ ...... કરવી = ઘટતી કિંમત કરવી (૩)
૩૨ દૈત્ય, દાનવ (૩)
૩૪ ઓછું (૨)
૩૬ લલાટ, કપાળ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મા | | ૨ વૈ | શ્ય | | ૩ ખ | રા | ૪ બો | | ૫ ઊ |
| ૬ લ | ગા | મ | | ૭ લા | લી | | ૮ લ | હા | ણ |
| દા | | ૯ ન | દી | | તો | | બા | | પ |
| ૧૦ ર | ૧૧ હ | સ્ય | | ૧૨ ધ્વ | | ૧૩ ચા | લા | ૧૪ ક | |
| | કૂ | | ૧૫ ફો | જ | | વ | | ૧૬ રા | હી |
| ૧૭ ધા | મ | | ર | | ૧૮ ભો | ળું | | મ | |
| | ૧૯ ત | ૨૦ મા | મ | | ટ | | ૨૧ ક | ત | ૨૨ લ |
| ૨૩ લ | | ત | | ૨૪ મ | | ૨૫ હ | રિ | | જા |
| ૨૬ હિ | સા | બ | | ૨૭ જ | ક્કી | | ૨૮ થા | હો | મ |
| યો | | ૨૯ ર | સા | લો | | ૩૦ ટા | ળું | | ણું |

## ઓળખાણ પડી?



મનુષ્ય જેવું મસ્તક અને સિંહ જેવી કાયા અને ગરુડ જેવી પાંખ ધરાવતી આ વિશિષ્ટ પ્રતિમા વિશ્વના કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી?

અ) ઍંગોલા બ) ઈજિપ્ત ક) બુરુંડી ડ) કેન્યા

## સુડોકુ-૯૨૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | | ૪ | | ૭ | | ૯ | ૮ |
| ૮ | | | ૬ | ૫ | ૨ | | | ૧ |
| | | | | | | | | |
| ૬ | ૭ | ૧ | | | | ૪ | ૩ | ૯ |
| | ૯ | | | | | | ૮ | |
| ૪ | ૮ | ૫ | | | | ૬ | ૧ | ૨ |
| | | | | | | | | |
| ૭ | | | ૩ | ૯ | ૫ | | | ૪ |
| ૯ | ૫ | | ૭ | | ૧ | | ૨ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૬ |
| ૭ | ૯ | ૬ | ૧ | ૩ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૪ | ૬ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ | ૯ | ૩ |
| ૮ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૪ | ૭ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૩ | ૪ | ૭ | ૮ |
| ૨ | ૮ | ૩ | ૭ | ૧ | ૪ | ૫ | ૬ | ૯ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PROCTOR | અધિકારી |
| PROCESS | પ્રક્રિયા |
| PROBE | તપાસ |
| PROBLEM | સમસ્યા |
| PROCESSION | સરઘસ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ભાંગ્યા હાંલ્લામાં બધા પગ મૂકવા આવે

**ઓળખાણ પડી?**
યુએસએ

**માઈન્ડ ગેમ :**
રોમ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ઈરાદો

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

''કહેવત છે કે સંગ તેવો રંગ' વાક્યમાં સંગ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.
અ) સંયોગ બ) સહવાસ ક) મેઘધનુષ ડ) સહેલ

## માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. ભવિષ્યની ઝાંખી કરાવતું 'મ્યુઝિયમ ઓફ ધ ફ્યુચર' કઈ જગ્યાએ છે એ જાણો છો?
અ) સિડની બ) ટોક્યો ક) દુબઈ ડ) ન્યૂયોર્ક

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નીતા દેસાઈ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) નિખીલ બંગાળી (૧૭) અમીષી બંગાળી (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાળા (૨૦) શીરીન ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) કિરીટ છેડા (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ચેતના છેડા (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) કમલ માટલીયા (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) દિપીકા દોશી (૩૮) ડાયના સંતોક (૩૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) નિતીન જયંતીલાલ બજરીયા (૪૨) ડગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) પ્રવીણ વોરા (૪૪) અરવિંદ કામદાર (૪૫) ડો. પ્રકાશ કટકીયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ (૫૧) ઈનાક્ષી દલાલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી



# ટ્રેનમાં હકડેઠઠ ભીડને કારણે ૧૨માના વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો

## ડોમ્બિવલીનો વિદ્યાર્થી ટ્રેનના ફૂટબોર્ડ પર લટકીને બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યો હતો ત્યારે હાથ છટકી જતાં ચાલતી ટ્રેને પડ્યો

થાણેઃ સવારના સમયે લોકલ ટ્રેનમાં પ્રવાસીઓની હકડેઠઠ ભીડને કારણે ૧૨માના બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હોવાની કરુણ ઘટના થાણે જિલ્લામાં બની હતી. પરીક્ષા સેન્ટરે પહોંચવાની ઉતાવળમાં ડોમ્બિવલીનો વિદ્યાર્થી ટ્રેનમાં ફૂટબોર્ડ પર લટકીને પ્રવાસ કરી રહ્યો ત્યારે એકાએક હાથ છટકી જતાં તે પાટા પર પટકાયો હતો.

થાણે જીઆરપીનાં સિનિયર ઈન્સ્પેક્ટર અર્ચના દસાનેએ જણાવ્યું હતું કે જીવ ગુમાવનારા વિદ્યાર્થીની ઓળખ સોહમ કથરે (૧૮) તરીકે થઈ હતી. ૧૨ ધોરણનો વિદ્યાર્થી સોહમ ડોમ્બિવલી પૂર્વમાં રહેતો હતો.

સોહમનું પરીક્ષાનું સેન્ટર કલવાની મનીષા સ્કૂલમાં હતું અને મંગળવારે તેનું પહેલું જ પેપર હોવાથી તે ઘરેથી વહેલો નીકળ્યો હતો. સવારના સમયે લોકલ ટ્રેનોમાં પ્રવાસીઓની ભારે ભીડ રહેતી હોવાથી સોહમ ઉતાવળે પરીક્ષા સેન્ટર પર પહોંચવા માગતો હતો.

કહેવાય છે કે ડોમ્બિવલીથી ટ્રેનમાં ચઢ્યા પછી સોહમ ડબ્બામાં ઘૂસી શક્યો નહોતો.

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈની લોકલ મુસાફરી મુંબઈગરા માટે લાઈફલાઈન કે ડેથલાઈન?

મુંબઈઃ મધ્ય રેલવેના બદલાપુર સ્ટેશન પર લોકલ ટ્રેનમાં ચઢતી વખતે રેલવે ટ્રેક પર પડી જવાથી ૨૮ વર્ષીય મહિલાનું મોત થયું, સાયનમાં લોકલ ટ્રેનમાંથી પડી જવાથી ત્રણ મુસાફરો ઘાયલ થયા હતા, મલાડમાં લોકલ ટ્રેનમાંથી ઉતરતી વખતે થયેલા ઝઘડામાં એક પ્રોફેસરનું મોત થયું હતું અને બાંદ્રામાં લોકલ ટ્રેનમાં સીટને લઈને થયેલા ઝઘડા બાદ પથ્થરમારાની ઘટનામાં એક મુસાફરની આંખ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તાજેતરમાં બનેલી આ ઘટનાઓને કારણે રેલવે મુસાફરીની સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બન્યો છે. આનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે, વર્ષ ૨૦૨૫ ના અકસ્માતના આંકડા દર્શાવે છે કે લોકલ ટ્રેનની મુસાફરી દરમિયાન દરરોજ સરેરાશ સાત મુસાફરો ઘાયલ થાય છે અને છ ના મોત થાય છે.

ગયા વર્ષે, મધ્ય અને પશ્ચિમ રેલવેમાં દરરોજ સરેરાશ ૧૩ મુસાફરોના અકસ્માત થયા હતા. જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન, કુલ ૨,૨૮૭ મુસાફરો મૃત્યુ પામ્યા હતા, જેમાં મધ્ય રેલવે પર ૧,૪૫૭ અને પશ્ચિમ રેલવે પર ૮૩૦

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં બાબુ-રાજનો આજે અંતઃ ચાર વર્ષે જનપ્રતિનિધિઓના હાથમાં કારભાર આવશે

## રિતુ તાવડેની આજે મૅયર તરીકે વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મૅયર અને ડેપ્યુટી મૅયરની બુધવારે થનારી ચૂંટણી સાથે જ મુંબઈ મહાનગરપાલિકામાં લગભગ ચાર વર્ષથી રહેલું વહીવટી શાસન આખરે સમાપ્ત થશે, જે સાત માર્ચ, ૨૦૨૨ના ચૂંટાયેલા નગરસેવકોના કાર્યકાળ પૂરા થયા બાદ લાગુ થયો હતો અને અત્યાર સુધીનો સૌથી લાંબો પ્રશાસકીય વહીવટી કાળ ગણાય છે. બુધવારે ભાજપના નગરસેવિકા રીતુ તાવડે મુંબઈના ૭૭માં મેયર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવશે, જે ભાજપ

(જુઓ પાનું ૪) ▸▸

## કસારા ફાસ્ટ લોકલ હવે દિવા પર નહીં થોભે?

થાણે : દિવાના મુસાફરો માટે એક મહત્વપૂર્ણ સમાચાર આવી રહ્યા છે. હવે, કસારા ફાસ્ટ લોકલનો દિવા સ્ટોપ કાયમ માટે બંધ થવાની શક્યતા છે. આનાથી કેટલાક મુસાફરોને રાહત મળશે, જ્યારે કેટલાકને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

દિવા રેલવે સ્ટેશન પર કસારા અને કર્જત લાઇન પરની ફાસ્ટ લોકલ ટ્રેનોના સ્ટોપેજથી મુસાફરોની ભીડમાં પ્રચંડ વધારો થયો છે, જેના કારણે રોજિંદા વિવાદો થાય છે. લોકલ ટ્રેનમાં ચઢતી અને ઉતરતી વખતે મુસાફરો વચ્ચે સતત દલીલો થતી રહે છે જે ક્યારેક ઝઘડાનું રૂપ લે છે.

કસારા અને કર્જત રૂટ પર ફાસ્ટ લોકલ ટ્રેનોમાં

(જુઓ પાનું ૪) ▸▸

## અજિત દાદાની ખુરશીને નમન કરીને સુનેત્રા પવારે કાર્યભાર સંભાળ્યો



(અમય ખરાડે)

મુંબઈ : અજિત પવારની દસમાની વિધિ બાદ, સુનેત્રા પવારે મંગળવારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ રાજ્યના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન હોવાથી આ દિવસ મહારાષ્ટ્રના રાજકીય ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાશે. જોકે અજિત પવારના મૃત્યુને કારણે આ પ્રસંગ ભાવનાત્મક હતો. સુનેત્રા પવારે મંત્રાલયની કેબિનમાં અજિત પવાર જે ખુરશી પર બેસતા હતા તે ખુરશીને નમન કરીને કાર્યભાર સંભાળ્યો.

અજિત પવારના મૃત્યુ બાદ બારામતીમાં રોકાયેલા સુનેત્રા પવાર સોમવારે મુંબઈ આવ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા, તેમણે ચૈત્યભૂમિ ખાતે ડો. આંબેડકરને વંદન કર્યા અને સિદ્ધિવિનાયકના આશીર્વાદ લીધા. ત્યારબાદ તેઓ મંત્રાલય પહોંચ્યા. તેમની સાથે એનસીપીના ટોચના નેતાઓ અને બાબાસાહેબ આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ સંકલન સમિતિના મહામંત્રી ડો.નાગસેન કાંબલે, યુવા નેતા પાર્થ અજિત પવાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

અજિત પવારને શ્રદ્ધાંજલિ આપ્યા પછી તેમણે રાજ્યના લોકોની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી. અજિત પવારે મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યના છ વખત નાયબ મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. પોતાની માતાને એ જ ખુરશી પર બેઠેલા જોઈને પાર્થ પવાર ભાવુક થઈ ગયા હતા. સુનેત્રા અજિત પવાર નાયબ મુખ્ય પ્રધાન તરીકે પહેલીવાર આ બેઠકમાં હાજર રહ્યા. તે પહેલાં તેમણે એનસીપીના ટોચના નેતાઓ સાથે પૂર્વ-કેબિનેટ બેઠકમાં હાજરી આપી હતી. ■

## અજિતદાદાની ત્રણ માગણીઓ પર હસ્તાક્ષર

મુંબઈ : નવનિયુક્ત નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે મંગળવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેમણે રાજ્ય કેબિનેટ બેઠકમાં પણ ભાગ લીધો જેમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. કેબિનેટ બેઠક બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પત્રકારો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપ્યા અને બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે વિગતવાર માહિતી આપી.

**રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કયા નિર્ણયો લેવામાં આવ્યા?**

રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં પુરંદરમાં એરપોર્ટના નિર્માણ માટે

(જુઓ પાનું ૪) ▸▸

# ગોવંડીમાં પ્રણય ત્રિકોણનો કરુણ અંજામ

## પ્રેમીની પ્રેમિકાને ગોળીએ દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રોષે ભરાયેલી પ્રેમિકાએ પ્રેમીની બીજી પ્રેમિકાને ગોળી મારી પતાવી નાખી હોવાની ઘટના ગોવંડીમાં બનતાં પ્રણય ત્રિકોણનો કરુણ અંજામ આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ગોળીબારની ઘટના શિવાજી નગરમાં બૈગન વાડી ખાતેના કમલા રામન નગર વિસ્તારમાં બની હતી. ગોળીબારમાં મૃત્યુ પામેલી યુવતીની ઓળખ શિફા (૧૯) તરીકે થઈ હતી.

મળતી માહિતી અનુસાર નદીમ નામના યુવક સાથે મિત્રતા થયા પછી શિફા તેને પ્રેમ કરવા લાગી હતી. બીજી બાજુ આરોપી યુવતી પણ નદીમને પ્રેમ કરતી હતી. આ વાતની જાણ થતાં બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

મંગળવારની બપોરે ૧૨ વાગ્યાની

(જુઓ પાનું ૪) ▸▸

## આડા સંબંધનો ભયાનક અંજામઃ મિત્રની હત્યા બાદ શબના ટુકડા કરી નાળામાં ફેંક્યા

### લાશના ટુકડા ભરેલી ગૂણી દસેક દિવસે જૂહુ ચોપાટી પરથી મળી આવ્યા પછી કાંડનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ત્રણ વર્ષથી ચાલતા આડા સંબંધનો ભયાનક અંજામ લાવતો હોય તેમ આરોપીએ મિત્રની કરપીણ હત્યા કર્યા બાદ લાશના ટુકડા ગૂણીમાં ભરી નાળામાં ફેંક્યા હતા. શબના ટુકડા ભરેલી ગૂણી દસેક દિવસ પછી જૂહુ ચોપાટી પરથી મળી આવતાં પોલીસે આ કાંડનો પર્દાફાશ કરી આરોપી પ્રેમીની ધરપકડ કરી હતી. હત્યાની જાણ હોવા છતાં મિસિંગની ફરિયાદ કરનારી મૃતકની પત્નીને પણ પોલીસે તાબામાં લઈ તપાસ હાથ ધરી હતી. સાંતાક્રુઝ પોલીસના જણાવ્યા મુજબ સોમવારે જૂહુ ચોપાટી પરના લૅન્ડિંગ પૉઈન્ટ ખાતેથી પ્લાસ્ટિકની ગૂણીમાંથી અંદાજે ૩૦

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ પાલિકામાં બંને રાષ્ટ્રવાદી શિંદેસેના સાથે

### વૈધાનિક સમિતિમાં ઠાકરેની સેનાનું સંખ્યાબળ ઘટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં બંને રાષ્ટ્રવાદી કોંગ્રેસે શિંદે સેનાને સમર્થન આપ્યું હોવાથી ત્રણેય એક સાથે ગ્રૂપ બનાવ્યું છે. તેથી ત્રણેય પક્ષનું નેતૃત્વ શિવસેના કરશે અને તેમના ગ્રૂપ લીડર અમોલ ઘોલે રહેશે. ત્રણેય પક્ષ એક થવાથી હવે મુંબઈ મહાનગરપાલિકામાં શિંદેસેનાની તાકાત વધશે. તો ઉદ્ધવ ઠાકરેની સેનાનું સંખ્યાબળ હવે એકથી

(જુઓ પાનું ૪) ▸▸

## રાજ્યમાં ભારે વાહનો માટે તપાસ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર ગયા અઠવાડિયામાં આડોશી ટનલ પાસે થયેલા ભીષણ એક્સિડન્ટની પાર્શ્વભૂમિ પર રાજ્યભરમાં ભારે વાહનો સામે વ્યાપક અને પારદર્શક તપાસ ઝુંબેશ હાત ધરવામાં આવવાની છે. મંગળવારે મંત્રાલયમાં થયેલી બેઠકમાં મોટર પરિવહન અને પોલીસ વિભાગ સાથે થયેલી બેઠક બાદ આ નિર્ણય

(જુઓ પાનું ૪) ▸▸



# અભિનેતા રણવીર સિંહને મળી ધમકી

## ખંડણી વસૂલવા બિશ્નોઈ ગૅન્ગ દ્વારા વૉઈસ નોટ મોકલવામાં આવ્યાની શક્યતા

મુંબઈઃ લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાન પર ગોળીબાર કરવામાં આવ્યા પછી બોલીવૂડના અભિનેતા રણવીર સિંહને ધમકી મળી હતી. વ્હૉટ્સઍપ પર ધમકીભરી વૉઈસ નોટ મોકલી બિશ્નોઈ ગૅન્ગે જ ખંડણી વસૂલવાનું કાવતરું ઘડ્યું હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારની ઘટનાને ગણતરીના દિવસો વીત્યા છે ત્યાં હવે ‘ધુરંધર’ સ્ટાર રણવીર સિંહને વ્હૉટ્સઍપના માધ્યમથી ધમકી આપવામાં આવી છે. ધમકીભરી વૉઈસ નોટ મળતાં જ રણવીરે ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધ્યો હતો. સતર્કતા ખાતર પોલીસે તેના ઘર

(જુઓ પાનું ૪) ▸▸


## ચંદ્રપુરમાં રાજકીય ભૂકંપ

# ભાજપ અને ઠાકરે જૂથે મળીને કૉંગ્રેસને મોટો ફટકો આપ્યો

મુંબઇ : છેલ્લા કેટલાક દિવસોથી ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તા સ્થાપનને લઈને મૂંઝવણ ચાલી રહી હતી. ૬૬ સભ્યોની આ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. કોંગ્રેસે એકલા હાથે ૨૭ બેઠકો જીતી હતી. તેને ખેડૂત કામદાર પક્ષના ત્રણ કોર્પોરેટરોનો પણ ટેકો હતો.

આમ, કોંગ્રેસને અહીં સત્તા માટે ફક્ત ચાર કોર્પોરેટરોની જરૂર હતી. પરંતુ કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક વિવાદો તેને નડ્યા છે. ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશન કોંગ્રેસના હાથમાંથી છટકી ગયું છે. અહીં શિવસેના ઠાકરે જૂથ (૬) અને વંચિત (૨) કિંગમેકરની ભૂમિકામાં છે. આ બંને પક્ષો ભેગા થઈ ગયા છે. ઠાકરે જૂથે સીધું વલણ અપનાવ્યું હતું કે જે પણ પક્ષ અમને મેયર પદ આપશે તેને અમે ટેકો આપીશું.

પરંતુ કોંગ્રેસમાં આંતરિક વિખવાદને કારણે ઠાકરે જૂથ સાથેની વાતચીત આગળ વધી શકી નહીં. આ પછી, ઠાકરે જૂથે હવે ભાજપને ટેકો આપ્યો છે. તેથી ઠાકરે જૂથ રાજ્યમાં ભાજપનો સખત વિરોધ કરી રહ્યું છે, ત્યારે ચંદ્રપુરમાં બંને પક્ષોના ભેગા આવવાથી ઘણા લોકોને આશ્ચર્ય થયું છે. અહેવાલ મુજબ,બંને પક્ષોને દોઢ,દોઢ વર્ષ માટે મેયર પદ મળશે. ઉપરાંત, સ્થાયી સમિતિનું અધ્યક્ષપદ શિવસેના ઠાકરે જૂથ પાસે રહેશે. ■



**પરીક્ષાઃ**
બારમા ધોરણની પરીક્ષા મંગળવારથી શરૂ થઈ ગઈ છે ત્યારે તસવીરમાં પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ જોઈ શકાય છે. (અમય ખરાડે)

## પુણે જમીન સોદો

# પાર્થ પવારની કંપનીએ સ્ટેમ્પ ડ્યૂટી ચુકવણી નોટિસને પડકારી

પુણેઃ સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની એક કંપનીએ મહારાષ્ટ્ર રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટની નોટિસ સામે અપીલ કરી છે. નોટિસમાં પુણેના મુંઢવા ખાતે જમીનના વેચાણ દસ્તાવેજ માટે મંગળવાર સુધીમાં ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાનું કહેવામાં આવ્યું છે.

વિભાગે અગાઉના આદેશમાં અમેડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપી અને તેના ભાગીદાર દિગ્વિજય પાટિલને સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવા કહ્યું હતું. ૪૦ એકર સરકારી જમીનના વેચાણ દસ્તાવેજના અમલ દરમિયાન આ સ્ટેમ્પ ડ્યુટી માફ કરવામાં આવી હતી.

વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે ‘સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની અંતિમ તારીખ ૧૦ ફેબ્રુઆરી છે. કંપનીએ આદેશને પડકારતી અપીલ દાખલ કરી છે. હવે ઇન્સ્પેક્ટર જનરલ રજીસ્ટ્રેશન (આઈજીઆર) સમક્ષ સુનાવણી થશે. જોકે, અધિકારીએ ૨૧ કરોડ રૂપિયાના મૂળ ઓર્ડરને પડકારવા પાછળના કારણો વિશે કોઈ સ્પષ્ટતા કરી ન હતી.

જો સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં ન આવે તો શું કાર્યવાહી શરૂ કરી શકાય તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે કે વસૂલી માટે નિશ્ચિત પ્રક્રિયાઓ છે, જેમાં બેંક ખાતા જપ્ત કરવા અને સ્થાવર મિલકત જપ્ત કરવાનો સમાવેશ થાય છે.

૪૦ એકર જમીન સરકારની હોવાનું બહાર આવ્યા પછી, અમેડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીને વેચવા માટે ૩૦૦ કરોડ રૂપિયાનો સોદો શંકાના ઘેરામાં આવ્યો હતો અને કંપનીને સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવી હતી.

(પીટીઆઈ) ■

## સમૃદ્ધિ મહામાર્ગ પરના અકસ્માતમાં ડીઝલ ટૅન્કર ભડકે બળ્યુંઃ ડ્રાઈવરનું સળગીને મોત

મુંબઈઃ સમૃદ્ધિ મહામાર્ગ પર બનેલી કંપારી છૂટી જાય એવી ઘટનામાં ડીઝલ ટૅન્કર આગળ જઈ રહેલા વાહન સાથે ટકરાયા બાદ ભડકે બળ્યું હતું, જેમાં ગંભીર રીતે દાઝી ગયેલા ટૅન્કરના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતની ઘટના સોમવારની રાતે સાડાઅગિયાર વાગ્યાની આસપાસ સમૃદ્ધિ એક્સપ્રેસવે પર કોપરગાંવ-સિન્નર દરમિયાન થઈ હતી. ડીઝલ ભરેલું ટૅન્કર મુંબઈથી નાગપુરની દિશામાં જઈ રહ્યું હતું.

કહેવાય છે કે પુરપાટ દોડતા ટૅન્કરના સ્ટિયરિંગ પર ડ્રાઈવરનો કાબૂ રહ્યો નહોતો. ટૅન્કર આગળ જતા વાહન સાથે ભટકાયું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે વાહન રસ્તા પરથી નીચે ઊતરી ગયું હતું અને ટૅન્કરની ડ્રાઈવર કૅબિન તૂટી ગઈ હતી. અકસ્માત બાદ ટૅન્કરમાં આગ લાગી હતી, જેને કારણે આખું ટૅન્કર બળી ગયું હતું. બનાવની જાણ થતાં હાઈવે પોલીસ, સિન્નર અને કોપરગાંવ ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. લગભગ બે કલાકની જહેમત પછી આગ ઓલવવામાં સફળતા મળી હતી. દરમિયાન આગમાં સળગી ગયેલા ટૅન્કરના ડ્રાઈવરનું મૃત્યુ થયું હતું. પોલીસે તેની ઓળખ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. આ ઘટનાને કારણે કલાકો સુધી વાહનવ્યવહારને અસર થઈ હતી. ચારથી પાંચ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઈન લાગી હતી. ભારે ટ્રાફિક જૅમમાં ફસાયેલા વાહનચાલકોએ હાલાકી ભોગવવી પડી હતી. ■

## જામીન પર છૂટી ફરાર થયેલા આરોપીની ૨૮ વર્ષે બાદ વિલેપાર્લેમાં ફરી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોરીના પાંચ ગુનામાં ધરપકડ બાદ જામીન પર છૂટીને ફરાર થયેલા આરોપીને પોલીસે છેક ૨૮ વર્ષે શોધી કાઢ્યો હતો. વિલેપાર્લે પરિસરમાં આવેલા આરોપીની ફરી ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. જોગેશ્વરી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ અણ્ણાદુરાઈ ઉર્ફે રાજુ કરપન્ના દેવેન્દ્ર (૫૫) તરીકે થઈ હતી. નાલાસોપારામાં ચાર નંબર રોડ પરના શનિ મંદિર નજીક રહેતો દેવેન્દ્ર વિલેપાર્લે પશ્ચિમમાં નેહરુ નગર ખાતે આવવાનો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસના જણાવ્યા મુજબ જોગેશ્વરી પોલીસ સ્ટેશનમાં ૧૯૯૮માં નોંધાયેલા ચોરીના પાંચ ગુનામાં સંડોવાયેલા આરોપી દેવેન્દ્રની તે સમયે ધરપકડ કરાઈ હતી. ■

# મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં ૬૬ ટકા ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત

## ૧૬.૩૩ ટકા કે તેથી ઓછા મત મેળવે, તો ડિપોઝિટ જપ્ત થાય

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડી રહેલા કુલ ૧૭૦૦ ઉમેદવારોમાંથી ૧૧૨૭ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે ૬૬ ટકા ઉમેદવારોને એટલા ઓછા મત મળ્યા હતા કે તેમની ડિપોઝીટ જપ્ત થઈ છે. જે ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ છે તેમાં ૫૪૬ અપક્ષ ઉમેદવારો છે. રાજકીય પક્ષોમાં, સૌથી વધુ ડિપોઝીટ એનસીપી ઉમેદવારોની જપ્ત થઈ છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન કુલ ૧૭૦૦ ઉમેદવારો અને ૨૯ જેટલા વિવિધ પક્ષો મેદાનમાં ઉતર્યા હતા. જોકે મુખ્ય લડાઈ ભાજપ-શિવસેના (શિંદે) ગઠબંધન અને શિવસેના (ઠાકરે) અને મનસે ઠાકરે ભાઈઓના ગઠબંધન વચ્ચે હતી. તેથી આ ચાર પક્ષો સિવાયના તમામ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત કરવામાં આવી છે.

આ ચૂંટણી માટે, સામાન્ય ઉમેદવારો માટે ડિપોઝિટની રકમ ૫,૦૦૦ રૂપિયા હતી. અનામત શ્રેણીના ઉમેદવારો અને મહિલાઓ માટે આ રકમ ૨,૫૦૦ રૂપિયા હતી. આ રકમ ઓછી હોવા છતાં ડિપોઝિટની રકમ જપ્ત થવી એ કોઈપણ ઉમેદવાર માટે શરમજનક બાબત હોય છે.

અનેક વોર્ડમાં અપક્ષો, બળવાખોરો અને નાના પક્ષોના ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતા. તો વળી કેટલીક જગ્યાએ માત્ર મતો કાપવા માટે જ ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા હતા. આ તમામની ડિપોઝિટ રકમ હવે જપ્ત કરવામાં આવી છે.

ચૂંટણી પંચના ધોરણો અનુસાર જો કોઈ ઉમેદવાર કુલ માન્ય મતોના છઠ્ઠા ભાગ એટલે કે ૧૬.૩૩ ટકા કે તેથી ઓછા મત મેળવે છે, તો તેની ડિપોઝિટ જપ્ત થાય છે. ડિપોઝિટ જપ્ત થવાની નાણાકીય અસર વધારે ન હોવા છતાં, તે ઉમેદવાર માટે રાજકીય અપમાન સમાન છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રેડ ડીલના સકારાત્મક પરિણામોની આશા અને મજબૂત વૈશ્વિક સંકેતના ટેકાએ સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા દિવસે આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મજબૂત વૈશ્વિક સંકેતો અને ભારત-અમેરિકા વેપાર કરાર અંગે આશાવાદને કારણે જળવાઇ રહેલા લેવાલીના ટેકા વચ્ચે મંગળવારે સતત ત્રીજા સત્રમાં ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. જોકે કેટલાક રોકાણકારો ઉચ્ચ સ્તરે નફા-બુકિંગ તરફ પણ વળ્યા હતા.

ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૨૦૮.૧૭ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને ૮૪,૨૭૩.૯૨ પોઈન્ટ પર બંધ થયો હતો. સત્ર દરમિયાન, બેન્ચમાર્ક ૪૧૭.૨ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા વધીને ૮૪,૪૮૨.૯૫ પોઈન્ટની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૬૭.૮૫ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા વધીને ૨૫,૯૩૫.૧૫ પોઈન્ટ પર બંધ થયો હતો. ઇન્ટ્રાડે સત્રમાં, સૂચકાંક ૧૨૨.૧૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ૨૫,૯૮૯.૪૫ પોઈન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

ઘણી મોટી કંપનીના શરોએ તેજીને ટેકો આપ્યો હતો, જેમાં મુખ્ય શેરોમાં ટાટા સ્ટીલ, મહિન્દ્રા અને મહિન્દ્રા, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા, લાર્સન અને ટુબ્રો, ટીસીએસ, મારુતિ સુઝુકી, એક્સિસ બેંક, ટાઇટન અને હિન્દુસ્તાન યુનિલિવરનો સમાવેશ થાય છે. જ્યારે, કેટલાક શેરોમાં પીછેહઠ અને પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. એચસીએલ ટેક, બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, એશિયન પેઇન્ટ્સ, એચડીએફસી બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ્સ અને આઇટીસી ઘટ્યા હતા. શેરલક્ષી કામકાજમાં, રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના શેરોએ રૂ. ૪૫૫ કરોડના ઓર્ડર મળ્યાની ચર્ચાએ તેના શેરમાં સુધારો થયો, મજબૂત પરિણામ પછી બાટા ઈન્ડિયાના શેરમાં ચાર ટકાનો વધારો થયો, સીગલ ઈન્ડિયા અને એકમે સોલાર હોલ્ડિંગ્સ, રિવાઇન અલ્ટ્રા મીના, સોલાર ઈન્ટરનેશનલ, લ્યુમેક્સ ઇન્ડસ્ટ્રી અને આઇસજેક હેવી એન્જિનિયરિંગ શેરમાં સુધારો હતો. હેપીએસ્ટ માઇન્ડ ટેકનોલોજીનો ચોખ્ખો નફો ૧૯.૬ ટકા ઘટીને રૂ. ૪૦.૩ કરોડ નોંધાયો હતો. ત્રીજા ક્વાર્ટરમાં એડલવાઇસનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૭૪ ટકા વધીને રૂ. ૨૭૦ કરોડ થયો હતો.

કોર્પોરેટ હલચલમાં પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગમાં અગ્રણી કંપનીઓમાંની એક, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૩.૭૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧૧.૩૮ કરોડની કુલ આવક અને ૨૩.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૭૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૧૯.૫૬ કરોડ રહ્યો છે, જે વાર્ષિક ધોરણે ૧૨.૬૮ ટકા વૃદ્ધિ દર્શાવે છે. ત્રીજા ક્વાર્ટરના પરિણામ જાહેર થયા બાદ બીએસઇનો શેર સાત ટકાના ઉછાળા સાથે બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ફોર્સ મોટર્સ, ૩એમ ઇન્ડિયા, ટાટા સ્ટીલ, જીઇ શિપિંગ, નાયકા, ઇન્ડસ ટાવર્સ, એપીએલ એપોલો, અશોક લેલેન્ડ, ટાઇટન કંપની, જેએસડબલ્યુ સ્ટીલ, એસબીઆઇ, અલ્ટ્રાટેક સિમેન્ટ, કેઇઆઇ ઇન્ડસ્ટ્રીઝ, શ્રીરામ, એફએનએમઆર,



એફએનએમઆર, એફએનએમઆર, કેઇઆઇ ઇન્ડસ્ટ્રીઝ સહિત ૧૦૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ટોચને સ્પર્શી હતી.

એસઇપીસી લિમિટેડને રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ પંજાબ (મધ્ય ઝોન)માં સ્માર્ટ પ્રીપેડ મીટિંગ પ્રોજેક્ટના અમલીકરણ માટે ભારત સરકારની જાહેર ક્ષેત્રની કંપની ટેલિકોમ્યુનિકેશન્સ કન્સલ્ટ્સ ઈન્ડિયા લિમિટેડ તરફથી લેટર ઑફ ઈન્ટેન્ટ હાંસલ થયો છે. આ પ્રોજેક્ટ ડિઝાઇન, બિલ્ડ, ફાઇનાન્સ, ઓન, ઑપરેટ અને ધોરણે, આદ્યા સ્માર્ટ મીનિંગ પ્રાઇવેટ લિમિટેડ સાથે કન્સોર્ટિયમમાં અમલમાં આવશે. સમગ્ર પ્રોજેક્ટનું મૂલ્ય ૩૧૩.૯૬ કરોડ રૂપિયા છે.

ભારતના સૌથી વધુ શહેરીકૃત રાજ્યોમાંના એક તરીકે, મહારાષ્ટ્ર તેની શહેરી વિકાસ યાત્રા અને ભાવિ પ્રાથમિકતાઓ રજૂ કરવા માટે તૈયાર છે, જેમાં ભારતની રિઅલ એસ્ટેટ ક્ષએત્રની ટોચની સંસ્થા રાષ્ટ્રીય રિઅલ ક્ષેત્ર વિકાસ પરિષદ (નારેડકો), મહારાષ્ટ્ર રાષ્ટ્રીય શહેરી અને રિયલ એસ્ટેટ વિકાસ કોન્ક્લેવ ૨૦૨૬માં રાજ્યની ભાગીદારીનું નેતૃત્વ કરશે, જે નવી દિલ્હીમાં યશોભૂમી ખાતે આયોજિત થશે. વેપાર સોદાનો આશાવાદ સેન્ટિમેન્ટને સતત તેજીમય બનાવી રહ્યો છે. રોકાણકારો ભારત-યુએસ વેપાર કરાર અંગે સકારાત્મક છે, જે નિકાસ અને આર્થિક વૃદ્ધિને ટેકો આપવાની અપેક્ષા રાખે છે. આ સોદા બાદ વિદેશી રોકાણકારોની લેવાલી પણ વધી રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ તાજેતરમાં લગભગ રૂ. ૨,૨૫૪ કરોડના શેર ખરીદ્યા છે અને તેનાથી બજારની ગતિને ટેકો મળ્યો છે.

વૈશ્વિક બજારોના સકારાત્મક વલણનો પણ ટેકો મળી રહ્યો છે. જાપાન, હોંગકોંગ, દક્ષિણ કોરિયા અને ચીન જેવા એશિયન બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. યુરોપિયન બજારો પણ સકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. અન્ય વૈશ્વિક અને સ્થાનિક પરિબળો પણ અનુકૂળ રહ્યાં છે. યુએસ ડોલર સામે રૂપિયામાં મજબૂતાઈ રોકાણકારોના વિશ્વાસને મદદ કરી રહી છે. દરમિયાન, ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર રહ્યા છે, જે ભારતના આયાત બિલ માટે સકારાત્મક છે. વિશ્વના બીજા સૌથી મોટા કાસ્ટિંગ ઉત્પાદક ભારતનો ફાઉન્ડ્રી ઉદ્યોગઝડપી ગતિએ વિસ્તરી રહ્યો છે. ૨૦૨૪માં ૨૩.૬ અબજ ડોલર મૂલ્ય ધરાવતો આ ઉદ્યોગ ૨૦૨૯ સુધી ૪૨.૫ અબજ ડોલર સુધી પહોંચવાની સંભાવના છે, જે આશરે ૯.૪ ટકાની ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે. આ માહિતી ઇન્ડિયન ફાઉન્ડ્રી કોંગ્રેસ ઓફ ઇન્ડિયા દ્વારા ભારતફાઉન્ડ્રી ૩૬૦ઓ ઇનસાઇટ ૨૦૨૫-૨૦૪૭ રિપોર્ટમાં આપવામાં આવી છે.

નિષ્ણાતો કહે છે કે ટેરિફ સંબંધિત ચિંતાઓ તાજેતરમાં ઓછી થઈ છે. જો કે, બજારની દિશા હવે કોર્પોરેટ કમાણી અને આર્થિક નીતિના પગલાં પર નિર્ભર રહેશે. રોકાણકારોત્રીજા ક્વાર્ટરના કોર્પોરેટ પરિણામો અને સરકારી પોલિસી સપોર્ટ પગલાં પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. બજારના નિષ્ણાતો માને છે કે કમાણીમાં સુધારો તેજીને ટકાવી રાખવા માટે મહત્વપૂર્ણ રહેશે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈટર્નલ ૫.૧૯ ટકા, ટાટા સ્ટીલ ૨.૮૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૭૯ ટકા, એનટીપીસી ૧.૩૭ ટકા, લાર્સન ૧.૩૨ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૨૬ ટકા, મારુતિ ૧.૧૪ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૮૩ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૬૦ ટકા વધ્યા હતા, જ્યારે એચસીએલ ટેકનોલોજી ૧.૮૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૮૦ ટકા, ભારતી એરટેલ ૧.૩૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૭૭ ટકા, એચડીએફસી બેન્ક ૦.૫૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૫૨ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૪૭ ટકા અને આઈટીસી ૦.૩૭ ટકા ઘટ્યા હતા.

## ડૉલરમાં નબળાઈ અને ઈક્વિટીમં સુધારા સાથે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૧૧ પૈસાનો ઘટાડો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના સુધારા સાથે ૯૦.૫૬ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે આયાતકારોની ડૉલરમાં લેવાલી મંદ પડવાને કારણે પણ રૂપિયાને ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૬૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૦.૬૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૭ અને ઉપરમાં ૯૦.૪૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસા વધીને ૯૦.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાની નરમાઈ જોવા મળી હતી.

તાજેતરમાં અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ અને વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ઉમેર્યું હતું કે માત્ર ભૂરાજકીય તણાવ અને આયાતકારોની ડૉલરમાં માગ રૂપિયાને દબાણ હેઠળ રાખી શકે છે. તેમ છતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૦.૩૦થી ૯૦.૮૦ આસપાસની જોવા મળી શકે છે. અમેરિકાનાં નીતિવિષયક જોખમોને ધ્યાનમાં લેતા ચીનના નિયામકે બૅન્કોને અમેરિકી ટ્રેઝરીનું રોકાણ ઘટાડવા અનુરોધ કર્યો હોવાથી ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સે ૯૭ની સપાટી ગુમાવી હતી.

## ચાંદીમાં ₹ ૫૪૩૫ની અને સોનામાં ₹ ૧૩૭૯ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં આજે જોવા મળેલા સુધારાતરફી વલણ અને અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૭૩થી ૧૩૭૯ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૪૩૫ની આગેકૂચ જોવા મળી હતી.


આજે સ્થાનિકમાં ઓવરનાઈટ વૈશ્વિક અહેવાલોને ધ્યાનમાં લેતા હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૫૪૩૫ના સુધારા સાથે રૂ. ૨,૫૯,૧૦૦ની સપાટીએ રહ્યા હતા, પરંતુ વપરાશકાર ઉદ્યોગની માગને બાદ કરતાં સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહી હતી. વધુમાં સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૭૩ વધીને રૂ. ૧,૫૫,૬૨૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ



સોનાના રૂ. ૧૩૭૯ વધીને રૂ. ૧,૫૬,૨૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૫૦૫૫.૨૯ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ઔંસદીઠ ૫૦૭૮.૧૦ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવમાં ગઈકાલે સાત ટકા જેટલો ઉછાળો આવ્યા બાદ આજે ૧.૨ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૮૨.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે સપ્તાહના આરંભથી નાણાકીય બજારોના જોખમો હળવા થવાને કારણે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો એવાન્જેલિસ્ટાએ જણાવતા ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતા ઉપરાંત વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વ બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા ખાસ કરીને સોનામાં વધઘટે મજબૂત અન્ડરટોન જળવાઈ રહે તેવી શક્યતા છે.

જોકે, હાલમાં રોકાણકારોની નજર અમેરિકી ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણયને અસર કરે તેવા આવતીકાલે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા અને શુક્રવારે જાહેર થનારા ફુગાવાના ડેટા પર સ્થિર થઈ હોવાથી અમુક અંશે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

## ટીન, ઝિન્ક અને કોપરની અમુક વેરાઈટીઓમાં ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તાજેતરમાં વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈની સામે ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની લેવાલી શાંત રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટો અને ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર મિશ્ર વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં સતત ત્રીજા સત્રમાં ભાવ વધી આવતા કિલોદીઠ રૂ. ૩૦નો ઉછાળો આવ્યો હતો. આ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડાને બાદ કરતાં અન્ય વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી પાંચ વધી આવ્યા હતા.

વધુમાં આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીના દબાણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ભાવ કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ .૩૦ વધીને રૂ. ૪૬૫૦ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૨૨૦, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૨૧૦ અને રૂ. ૭૩૮ અને કોપર આર્મિચર, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૨૦૨, રૂ. ૧૨૬૫ અને રૂ. ૩૩૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૧૧૩ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૩૪ અને રૂ. ૩૧૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૪ અને રૂ. ૧૫૭૮ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

## માગને ટેકે મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૩૮નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં મથકો પર ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૮નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૬થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડમાં રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૮ના સુધારા સાથે રૂ. ૪૦૦૦થી ૪૦૪૨માં થયાના અહેવાલ હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૩૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



## મલયેશિયા પાછળ પામતેલમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિગાકો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૩૬ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૩ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ એકંદરે આજે વિશ્વ બજારનાં મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી એક માત્ર આરબીડી પામોલિનમાં મલયેશિયા પાળ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જાન્યુઆરી મહિનાના સમાનગાળાના ૫,૦૪,૪૦૦ ટન સામે ૧૦.૫૨ ટકા ઘટીને ૪,૫૧,૩૪૦ ટન આસપાસની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના માર્ચ ડિલિવરી શરતે રૂ .૧૩૧૦ અને એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૩૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૫૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૩૦થી ૧૫૨૫માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે ૧૯,૦૦૦ ગૂણીની આવક હતી તેમ જ ગઈકાલની શેષ ૩૦૦૦ ગૂણી મળી કુલ ૨૨,૦૦૦ ગૂણીની આવક સામે ભાવ મણદીઠ રૂ. ૧૪૪૦થી ૧૫૫૦ આસપાસના મથાળે રહ્યા હતા. આ સિવાય ગુજરાતના મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે હાજરમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૧૦માં થયા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મહાશિવરાત્રી નિમિત્તે સોમનાથ મહાદેવનું મંદિર ૪૨ કલાક ખૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહાશિવરાત્રીનો પાવન પર્વ નજીક આવી રહ્યો છે. શિવરાત્રી નિમિત્તે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં સોમનાથ મહાદેવના મંદિરે આવે છે ત્યારે આ દિવસે મંદિરને ૪૨ કલાક ખુલ્લુ રાખવામાં આવશે, તેમ ટ્રસ્ટે જણાવ્યું હતું. ૧૫ ફેબ્રુઆરીએ સવારે ૪ વાગ્યાથી સતત ૪૨ કલાક સુધી ભક્તો માટે દર્શન, પૂજન અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે મહાશિવરાત્રીના દિવસે સવારે ૮:૦૦ વાગ્યે પવિત્ર સમુદ્ર કિનારે શિવલિંગ મહાપૂજાનું આયોજન કરાયું છે. ભક્તોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આ મહાપૂજા ચાર અલગ-અલગ સ્લોટમાં યોજાશે. ગંગાજળથી અભિષેક માટે સવારે ૮ થી ૧૧ અને બપોરે ૧ થી સાંજે ૫ વાગ્યા સુધી વિશેષ વ્યવસ્થા કરાઈ છે.

આ સાથે ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી દરમિયાન મંદિર પરિસરમાં સોમનાથ મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



જૂનાગઢમાં મહાશિવરાત્રી મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયા તેમ જ પદાધિકારીઓ અધિકારીઓ સાથે સમગ્ર મેળા રૂટનું ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી ચાલીને નિરીક્ષણ કર્યું હતું. (તસ વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# સગીરાની છેડતી અને તેના ભાઈ પર છરી વડે હુમલો કરવાના કેસમાં મુખ્ય આરોપીને પાંચ વર્ષ અને મદદગારી કરનારને એક વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક વર્ષ અગાઉ સગીરાને નિકાહ કરી લેવાના નામે માનસિક-શારીરિક ઉત્પીડન તેમજ સગીરાના ભાઈ પર છરી વડે હુમલો કરવાના કેસમાં આરોપી એવા સરફરાજ ઉર્ફે હેરી રમજુ મમણને પાંચ વર્ષ અને આફતાબ ઉર્ફે ભાભો રમજુ મમણ (રહે. બંને સંજયનગરી, ભુજ)ને એક વર્ષની સજા ફટકારતો ચુકાદો નામદાર અદાલતે આપ્યો છે.

આ કેસની ટૂંક વિગતો મુજબ ગત તા. ૧૬-૧-૨૦૨૫ના રોજ સગીરાના ઘરે આવેલા આરોપીએ તેની સાથે નિકાહ કરી લેવા, અન્યથા સગીરા અને તેણીના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપીને છેડતી કરી હતી. આ દરમ્યાન સગીરાનો ભાઈ આવી જતાં બોલાચાલી કરી આરોપીઓ જતા રહ્યા હતા. આ બાદ બે-ત્રણ કલાક પછી ચાની કેબિન ઉપર સગીરાની ભાઈ સાથે બંને આરોપી ભાઈઓએ વિવાદ કર્યો હતો જેમાં ઉશ્કેરાયેલા સરફરાજે ભાઈને છરી મારી દીધી હતી.

જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ જે.એ.ઠક્કરે ફરિયાદ પક્ષેના આઠ દસ્તાવેજી પુરાવા તથા સાત સાક્ષીઓની જુબાની તપાસીને આરોપી સહોદરોને તકસીરવાન ઠેરવ્યા હતા જેમાં મુખ્ય આરોપી સરફરાજને પાંચ વર્ષ અને સહઆરોપી આફતાબને મદદગારી બદલ એક વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત નામદાર અદાલત દ્વારા ભોગ બનનારને રૂ.૫૦ હજારનું વળતર ચૂકવવા માટે ડી.એલ.એસ.એ.ને ભલામણ કરવાનો હુકમ કર્યો છે. સરકાર તરફે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહી દલીલો કરી હતી. ■

# ભુજમાં દંપતી દ્વારા વેપારી સાથે ૧૩.૦૨ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના દંપતીએ એક વેપારી સાથે વ્યાપારના નામે રૂ.૧૩,૦૨,૦૦૦ની છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવતાં ચકચાર પ્રસરી હતી. ગત ૧લી જાન્યુઆરી, ૨૦૨૫થી લઈને આજ સુધીના સમયગાળા દરમ્યાન આચરવામાં આવેલી ઠગાઈ અંગે એ-ડિવિઝન પોલીસ મથકે ભુજના પ્રશાંત નટવરદાન ગઢવીએ આરોપી નરેશ ખીમજી ભાનુશાલી અને તેની પત્ની મોનાલી ભાનુશાલી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી દંપતીએ મિત્રતાના નામે ધંધા-વેપાર પેટે તેમની પાસેથી રૂ. ૧,૯૮,૨૦૦ તથા રૂ.૫,૯૦,૦૦૦ની ટાટા ટીઆગો કાર (નં. જી.જે.૧૨ એફઈ ૨૬૨૫) તેમજ રેનોલ્ટ ટ્રાઈબર કાર (નં.જી.જે. ૧૨ ઈઈ ૭૭૨૩) કિ. રૂ.૫,૦૦,૦૦૦, રૂ.૧,૭૪,૦૦૦ના મૂલ્યના પાંચ સ્માર્ટફોન, રૂ. ૧,૧૬૦૦૦ના બે એપલ આઈફોન, રૂ. ૧,૪૦,૦૦૦ના ત્રણ સ્માર્ટફોન ફોન તેમજ રોકડા રૂ. ૬૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ સહીત કુલે રૂ. ૧૭,૩૪,૨૦૦ જેટલી રકમ અને મુદામાલ મેળવી લીધો હતો.

ફરિયાદીને વિશ્વાસ અપાવા ટુકડે ટુકડે રૂ. ૪,૩૨,૨૦૦ પરત કરી દીધા હતા. બાકી રહેતી રકમ રૂ.૧૩,૦૨,૦૦૦માંથી ૧૦ લાખનો ચેક આપ્યો હતો. પરંતુ આ ચેક ખોટી સહીના શેરા સાથે બેન્કમાંથી પરત ફર્યો હતો. આ ઉપરાંત બનાવટી એનઈએફટીની રસીદો તેમ જ બનાવટી ટ્રાન્ઝેક્શનના મેસેજ નાખી ફરિયાદી સાથે કુલે રૂ.૧૩,૦૨,૦૦૦ની છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યો હતો. હાલ આ સમગ્ર મામલે ભુજ શહેર એ ડિવિઝન પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી આદરી છે. ■

# ધોરાજીમાં 'સરપંચ પતિ' શાસન નહીં ચાલે, મહિલા પ્રતિનિધિને બદલે પતિ વહીવટ કરશે તો હોદ્દા પરથી હાથ ધોવા પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજનીતિમાં ચૂંટાયેલા અનેક પદો એવા છે જ્યાં ભલે સરકારી ચોપડે મહિલાનું નામ બોલાતું હોય પરંતુ પદની તમામ સત્તાઓ તેના પતિ અથવા દીકરાના હાથમાં હોય છે. આવો જ વિવાદ હવે ધોરાજીમાં ઊઠ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ માટે ૫૦% અનામતની જોગવાઈ હોવા છતાં, ઘણી ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચ કે સદસ્યના બદલે તેમના પતિ, પુત્ર કે અન્ય પુરુષ સંબંધીઓ વહીવટ કરતા હોવાની ફરિયાદોને ધ્યાને લઈને ધોરાજી તાલુકા વિકાસ અધિકારી ટીડીઓ દ્વારા તાલુકાની તમામ ગ્રામ પંચાયતોને કડક આદેશ જારી કરવામાં આવ્યો છે કે, પંચાયતના વહીવટમાં 'સરપંચ પતિ' કે પુરુષ સંબંધીઓની દખલગીરી હવે ચલાવી લેવામાં આવશે નહીં.

તાલુકા વિકાસ અધિકારીએ સરપંચો અને તલાટીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે પંચાયતની તમામ સભાઓ કે બેઠકોમાં માત્ર ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓએ જ હાજર રહેવું પડશે. બેઠકોમાં તેમના બદલે તેમના પતિ કે અન્ય કોઈ સંબંધી બેસી શકશે નહીં. વધુમાં, પંચાયતના રેકોર્ડ, ચેકબુક કે અન્ય કોઈ પણ સરકારી દસ્તાવેજો પર માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિની જ સહી હોવી અનિવાર્ય છે. જો કોઈ પુરુષ સંબંધી સહી કરતા જણાશે તો તેને કાયદાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

આ આદેશમાં તલાટી કમ મંત્રીઓને પણ જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. જો કોઈ મહિલા પ્રતિનિધિના સ્થાને અન્ય વ્યક્તિ વહીવટ કરતી જણાશે, તો સંબંધિત તલાટી સામે પણ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. તંત્ર દ્વારા આ બાબતે ગમે ત્યારે આકસ્મિક તપાસ કરવામાં આવશે. તપાસ દરમિયાન જો કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાશે તો ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ મુજબ સંબંધિત પદાધિકારીને હોદ્દા પરથી દૂર કરવા સુધીની કડક કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે. ■

# એશિયાઈ સિંહો માટે ગીરમાં સુવિધાઓનો મુદ્દો સંસદમાં ચર્ચાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા સૌરાષ્ટ્રના ગીરના જંગલમાં વનરાજોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન મુદ્દે કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં મહત્ત્વની વિગતો રજૂ કરવામાં આવી હતી. રાજ્યસભાના સાંસદ પુરષોત્તમ રૂપાલા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન રાજ્ય પ્રધાન કીર્તિવર્ધન સિંહે જણાવ્યું હતું કે, ગીરના સિંહોના સંરક્ષણ માટે ગુજરાત વનવિભાગ દ્વારા અત્યાધુનિક સુવિધાઓ અને આપત્તિ સામે લડવા માટેની સજ્જતા કેળવવામાં આવી છે. જંગલમાં લાગતી આગ કે પૂર જેવી કુદરતી આફતો વખતે સિંહોના બચાવ માટે નિયમિતપણે તાલીમ કાર્યક્રમો અને ક્ષમતા વર્ધન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

ગીરમાં સિંહોની સારવાર માટેની તબીબી સુવિધાઓ અંગે માહિતી આપતા કેન્દ્ર સરકારે જણાવ્યું કે, સાસણ-ગીર ખાતેના રેસ્ક્યૂ સેન્ટરમાં અત્યાધુનિક 'લાયન હૉસ્પિટલ' કાર્યરત છે. આ હૉસ્પિટલમાં ૨૪ કલાક નિષ્ણાત વન્યજીવ પશુ ચિકિત્સકો અને પેરા-વેટરનરી સ્ટાફ તૈનાત રહે છે. આ કેન્દ્ર આધુનિક નિદાન સાધનો, સારવાર માટેની ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એનેસ્થેસિયા, એન્ટિબાયોટિક્સ અને કટોકટીની દવાઓના પૂરતા જથ્થાથી સજ્જ છે. આ ઉપરાંત, વન્યજીવોના બચાવ અને પુનર્વસન માટે ખાસ પ્રકારના હોલ્ડિંગ અને ટ્રીટમેન્ટ પાંજરાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સંસદમાં રજૂ કરાયેલા જવાબ મુજબ, ગુજરાત વનવિભાગ આપત્તિના સમયે અસરકારક કામગીરી કરવા માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) દ્વારા નિર્ધારિત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર એસઓપીનું ચુસ્તપણે પાલન કરે છે. આંતર-એજન્સી સંકલન અને સમયસર કામગીરી માટે વનવિભાગ સજ્જ છે, જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં સિંહોના રેસ્ક્યૂ અને ટ્રીટમેન્ટની કામગીરીમાં વિલંબ ન થાય. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું હતું કે વન્યજીવોનું સંરક્ષણ અને વ્યવસ્થાપન એ પ્રાથમિક રીતે રાજ્ય સરકારની જવાબદારી છે, જેમાં કેન્દ્ર સરકાર જરૂરી સહયોગ પૂરો પાડે છે. ■

# રાપરના નૂતન ચિત્રોડમાં માસી-ભાણેજનો સજોડે આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના નૂતન ચિત્રોડ ગામમાં રહેતા, મૂળ પાટડી-સુરેન્દ્રનગરના હરેશ ભગુ કોળી (ઉ.વ.૨૦) તથા કૌટુંબિક માસી શૈલાબેન ઉર્ફે કોયલબેન બચુ કોળી (ઉ.વ.૩૦)એ સજોડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ અંગે ગાગોદર વિસ્તારના પોલીસ ઇન્સ્પેકટર વી.એ.સેંગલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાપરના ચિત્રોડમાં રહેનાર હરેશ કોળી ગાંધીધામ તાલુકાના પડાણા ખાતે સ્થિત મીઠાના કારખાનામાં પરિવાર સાથે કામ કરતો હતો તેમજ તેના કૌટુંબિક માસી શૈલાબેન પણ ત્યાં જ પોતાના પતિ, બે સંતાન સાથે રહી મીઠાનાં કારખાનાંમાં કામ કરતા હતા.

આ બંને માસી-ભાણેજ ગત તા.૭-૨ના કારખાનેથી ચિત્રોડ ખાતે બપોરે હરેશના ઘરે આવી ગયા હતા. રાત્રે દસ વાગ્યાની આસપાસ ઘરનો દરવાજો અંદરથી બંધ કરી પંખાના હૂકમાં શૈલાબેનની સાડી બાંધી એક છેડે માસીએ તથા બીજા છેડે ભાણેજે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

સવારે આઠ વાગ્યે મૃતક હરેશના કાકા કાનજી મોતી કોળી ત્યાં આવીને જોતાં દરવાજો અંદરથી બંધ હતો. તેમણે બારીમાંથી જોતાં આ બન્ને ગળેફાંસો ખાઈ લટકતી હાલતમાં દેખાયા હતા. ઘરેથી સ્યુસાઇડ નોટ કે સ્માર્ટફોનમાં વીડિયો વગેરે મળ્યું નથી. માસી-ભાણેજે શા માટે અંતિમ પગલું ભરી લીધું એ જાણવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં આંખને આંજી દેતી એલઈડી લાઈટ્સ મામલે પાંચ લાખનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પીળીને બદલે આંખમાં અંધારા લાવતી એલઈડી લાઈટ્સ સામે તંત્રએ દંડો ઉગામ્યો છે. જોકે વાહનચાલકો મોટેભાગે આ લાઈટનો જ ઉપયોગ કરે છે, જે અકસ્માતોનું એક કારણ બની શકે છે. રાજ્યમાં ૨૧મી જાન્યુઆરીથી આરટીઓ દ્વારા એક પરિપત્ર બહાર પાડ્યો હતો. આ મામલે રાજકોટ આરટીઓ એક્શનમાં આવી હતી અને સતત ચેકિંગ કરી ૧૫ દિવસમાં ૨૫૦ કરતા વધારે વાહનચાલક સામે કાર્યવાહી કરી હતી. આ ચેકિંગ દરમિયાન રૂ. પાંચ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

રાજકોટ આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું કે એલઈડી લાઈટ્સ મામલે વાહનચાલકોને હાલમાં જાગૃત કરવામાં આવી રહ્યા છે અને તેમની પાસેથી દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જો ત્યારબાદ પણ જાગૃતિ નહીં આવે તો લાયસન્સ જપ્ત કરવાની કાર્યવાહી પણ હાથ ધરાશે. ■

# ભારતીય ચલણ અને અમેરિકી ડૉલરના એકના ત્રણ ગણા કરી આપવાના નામે છેતરવાનો પ્રયાસ કરનાર શખ્સ ભુજમાંથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નકલી આઈડી બનાવીને સોશ્યલ મીડિયા પર ભારતીય ચલણી નોટોના બંડલ બતાવી, એકના ત્રણ આપવા સાથે અમેરિકી ડૉલર તેમ જ બજારભાવ કરતાં સસ્તા ઈમ્પોર્ટેડ સોનાના આકર્ષક એડિટિંગ સાથેના શોર્ટ વિડીયો વાયરલ કરીને ભોળા લોકોને છેતરવાની પેરવી કરી રહેલા ભુજના એક શખ્સને સ્થાનિક ગુનાશોધક શાખાએ દબોચી લીધો હતો.

એલ.સી.બી.ને પ્રાપ્ત થયેલી ખાનગી બાતમીના આધારે ભુજના કોટ અંદરના સરપટ નાકા વિસ્તારના શાંતિ નગરમાં રહેતા ફારુક હુસેન સમાના ઘરે દરોડો પાડતા તેની પાસેથી ૫૦૦ અને ૨૦૦ના દરની ભારતીય ચલણી નોટોના બંડલો ઉપરાંત અમેરિકી ડૉલરના પણ નકલી બંડલો મળી આવ્યાં હતાં. આ તમામ ચલણી નોટોના બંડલોમાં આગળ અસલી અને પાછળની તમામ નોટો બનાવટી હોવાનું માલૂમ પડ્યું હતું. અટકમાં લેવામાં આવેલા ફારુકે એલસીબી સમક્ષ જણાવ્યું હતું કે, ઇન્સ્ટાગ્રામ પર રાજેશ પટેલના નામે નકલી આઈ.ડી. બનાવી આ ચલણી નોટોના એકના ત્રણ ગણા તથા સસ્તા સોનાના વિડીયો બનાવીને છેતરપિંડીના ઈરાદે વાયરલ કર્યા હતા.

આ દરોડામાં આરોપી ફારુકને રૂ. ૫૦૦૦ના મોબાઈલ તથા વીડિયો બનાવા ઉપયોગમાં લીધેલા રૂ. ૫૦૦ના ૫૦ બંડલ જેમાં સાચી ૨૦ ચલણી નોટ કિ. રૂ. ૧૦,૦૦૦ તથા ૨૦૦ના ૫૦ બંડલમાં ૨૦ સાચી ચલણી નોટ કિ. રૂ. ૪૦૦, ૫૦ અન્ય બંડલો તેમજ એકસો અમેરિકી ડોલર નંગ-૨ જેની કિ. રૂ. ૧૮,૦૦૦ તથા નકલી અમેરિકી ડોલરના ૯૦ બંડલ સહીત કુલ્લે રૂ.૩૩૦૦૦નો મુદામાલ કબજે લઈ એ-ડિવિઝન પોલીસ મથકે ફારુક સમા વિરુદ્ધ ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ગાંધીધામ રેલવે સ્ટેશને ₹ ૧,૧૭,300ના અંગ્રેજી શરાબના જથ્થા સાથે બે ભારતીય સૈન્યના જવાન ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના રેલવે સ્ટેશનની બહાર નીકળવાના ગેટ પાસે ગુજરાત રેલવે પોલીસે ભારતીય સશસ્ત્ર સેનાના બે જવાનોને અંગ્રેજી શરાબની ૮૩ બોટલો સાથે ઝડપી પાડતાં ચકચાર પ્રસરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના રેલવે મથકમાં તૈનાત રેલવે પોલીસ રૂટિન તપાસ કરી રહી હતી. આ વેળાએ ઝડપભેર બહાર નીકળી રહેલા બે જવાન શંકાસ્પદ જણાઈ આવતાં તેમની પાસે રહેલા ત્રણ થેલાનું સ્કેન કરવાનું કહેતા તેઓએ આનાકાની કરી હતી જેથી શંકા પ્રબળ બનતાં બંનેને રેલવે પોલીસ મથકના પટાંગણમાં લઈ જવાયા હતા. ભારતીય સેનામાં ફરજ બજાવતા મોટા લાયજાના કનૈયા ભીમશી ગઢવી તથા સિરાચાના જગદીશ લખમણ રામાણી પાસે રહેલા ત્રણ થેલાની તપાસ કરવામાં આવી હતી. આ થેલાઓમાંથી બકાર્ડી લીમોન ઓરિજનલ સાઈટ્સ રમ ૭૫૦ એમ.એલ.ની ૧૪, સિગરામ્સ બ્લેન્ડર પ્રાઈડની ૭૫૦ એમ.એલ.ની ૧૬, ઓલ્ડ સ્મગલર મેચ્યોર ૭૫૦ એમ.એલ.ની પાંચ તથા માસ્ટર્સ ઈમ્પિરિયલ ૭૫૦ મી.લી.ની. એક, સ્મીરનોફ ઓરેન્જની ૭૫૦ એમ.એલની બે, ટીચર્સ હાઈલેન્ડની એક, ૧૯૬૫ સ્પિરિટ ઓફ વિકટરીની ૨૦, ઓલ્ડ પોર્ટ ડિલક્સ વગેરે બ્રાન્ડની રૂ.૧,૧૭,૩૦૦ની કિંમતની શરાબની બોટલો મળી આવી હતી. બંને જવાનો પાસેથી પાસ-પરમીટની માંગ કરાતા કનૈયા ગઢવીએ લીવરિપોર્ટ રજૂ કર્યો હતો. પરંતુ તેમાં રજા દરમ્યાન દારૂની બોટલ સાથે રાખવા અંગેનું કોઈ લિકર પ્રમાણપત્ર કે કેરી પરમિટનો ઉલ્લેખ ન હતો. બાદમાં જગદીશ રામાણીએ લીવ રિપોર્ટ અને લીકર પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. જેમાં વ્હીસ્કી, બ્રાન્ડી અથવા રમની પાંચ બોટલ (યુનિટ) કેરી કરવા મંજૂરી અપાયેલી હતી જે પોલીસે જપ્ત કરી દારૂ પૈકી પાંચ બોટલ પરત સોંપી હતી અને અંગ્રેજી દારૂ કબજે કરી બને જવાનોની અટક કરી હતી. ભારતીય સેનાના જવાનો દારૂ સાથે પકડાતા સામાન્ય નાગરિકોમાં ભારે ચકચાર પ્રસરી હતી. ■

# મગફળીનો પાક ફેઈલ ગયો ને ઘઉંનો ઓછો થશે, તેવી ચિંતામાં યુવા ખેડૂતે જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં ફરી એક ખેડૂતે ખેતીની ઊપજ સંતોષકારક નહીં રહેતા જીવન ટૂંકાવ્યાની ઘટના બહાર આવી હતી. અમરેલીના માલવણ ગામમાં એક યુવાખેડૂતે મગફળીનો પાક ઓછો આવતા અને ઘઉંનો પાક પણ જોઈએ તેવો ન થતા ઝેરી દવાની ટીકડીઓ ખાઈ લઈ જીવન ટૂંકાવી નાખ્યું હતું.

માત્ર ૩૭ વર્ષના વનરાજભાઈ નાજાભાઈ છૈયા નાની ખેતી ધરાવતા હતા અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મગફળીનો પાક નિષ્ફળ ગયો હતો અને ઘઉં પર તેમણે જે આશા રાખી હતી તેટલું વળતર મળી શકે તેમ ન હતું. આ વાતથી તેઓ હતાશ થઈ ગયા હતા. તેમણે હતાશામાં આ પગલું ભર્યું હોવાનું તેમના પરિવારે જણાવ્યું હતું. ■

# ભચાઉ સર્કલમાં વીજ વિભાગે બાકીદારોના ૭૨ વીજ જોડાણો કાપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વીજ તંત્ર દ્વારા બાકી લેણાં વસૂલવા માટે શરૂ કરી દેવામાં આવેલી રાજ્યવ્યાપી મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ કચ્છમાં આગળ ધપી રહી છે, ત્યારે ભચાઉ પીજીવીસીએલ દ્વારા બાકીદારોના ૭૨ જેટલાં વીજ જોડાણોને કાપી નાખવામાં આવતાં બિલનું ધરાર ચુકવણું ન કરનારા ગ્રાહકોમાં ફફડાટ પ્રસર્યો હતો.

મુખ્ય ઇજનેર એ.એસ.ચૌધરી અને કાર્યપાલક ઇજનેર જે.આર ચૌહાણના માર્ગદર્શન હેઠળ નાયબ ઇજનેર જે.ટી ગોસ્વામી દ્વારા ભચાઉ સર્કલમાં ૭૪ લાખની બાકી રહેતી વીજ બિલની રકમને વસૂલવા માટે ૭૨ વીજ જોડાણોને કાપી નાખવામાં આવ્યા હતા અને રૂ.૩૩૦૦નો રી-કનેક્શન ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. વીજ તંત્ર દ્વારા આગામી ૧૩મી ફેબ્રુઆરીએ ગ્રામીણ વિસ્તારમાં બાકી લેણા વસૂલવા માટે કાર્યવાહી કરાશે તેવું જાણવા મળી રહ્યું છે. જોડાણ કાપવાની કાર્યવાહીથી બચવા માટે તાત્કાલિક બાકી વીજબીલની ભરપાઈ કરી દેવા માટે તાકીદ કરાઈ હતી. ■

# તળાજા નજીક તાલાળાના ધારાસભ્યના પરિવાર સાથે લૂંટ ચલાવનાર આરોપીઓ ૩ દિવસ રીમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા નજીકના પસ્વી ગામ પાસે નેશનલ હાઇવે પરથી તાલાળા ભાજપના ધારાસભ્યના ભત્રીજા વહુ અને તેના સંતાનને મૂકવા જઇ રહેલા મરસિડિઝ કાર ના ચાલક દ્વારા અહીં ઉભેલ લગ્ન પ્રસંગની કારના કાફલા પૈકીની એક આર્ટિકા કારના દરવાજા સાથે અકસ્માત સર્જાતા લગ્ન પ્રસંગમાં આવેલ ઈસમોએ મરસિડિઝ કારને નુકસાન કરી, ચાલકને માથામાં સળિયો મારી અને કારની અંદર રહેલ બેગમાંથી સોનાના ઘરેણાં અને રોકડની લૂંટ ચલાવ્યાની દાઠા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ ને લઈ પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી આજે કોર્ટમાં રજૂ કરી દિવસ ત્રણની પોલીસ કસ્ટડી મેળવી હતી. વેરાવળ જૂનાગઢ જિલ્લામાં હોટલ, બિલડર્સ, અને ઇન્વેસ્ટર્સનો વ્યવસાય કરતા અને વેરાવળ ગામના સરપંચ તરીકે સેવા આપી ચૂકેલા વિજુભાઈ બારડ કે જેઓ તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના ભત્રીજા થાય છે. તેઓની મરસિડિઝ કાર નં.જીજે ૧૮ ઇઈ-૯૮૫૩ લઈ ને વેરાવળથી ડ્રાંઇવર હિતેશ જેસાભાઈ સોલંકી નીકળ્યા હતા.કારમાં શેઠાણી બંસીબેન તથા બાળકો હતા.આ કાર જ્યારે તળાજા ના પસ્વી ગામ નજીક નેશનલ હાઇવે પરથી પસાર થઈ રહી હતી એજ સમયે અહીં લગ્ન પ્રસંગ માટે કાર નો કાફલો ઉભો હતો. તેમાંની એક આર્ટિકા કારમા બેસેલ વ્યક્તિ એ આચનકજ દરવાજો ખોલતા મરસિડિઝ કારની ઠોકર વાગી હતી. આ બાબતે લગ્ન પ્રસંગની કારના કાફલામાં રહેલા ઈસમોએ મરસિડિઝ કારના કાચ તોડી નાખી,ચાલક હિતેશ સોલંકી ને માથાના ભાગે સળિયો મારી દીધેલ.તથા કારની અંદર રહેલ બેગ માંથી સોનાના ઘરેણાં અને રૂ. ૫૦ હજાર રોકડાની લૂંટ ચલાવ્યાની ફરિયાદ હિતેશ સોલંકીએ દાઠા પોલીસને નોંધાવી હતી. આથી દાઠા પોલીસે ભરત પુના વાઘેલા રે. સિદ્ધપુર, વિજેશ જીમા વાઘેલા રે.કલોલ,સુરેશ શંભૂ વાઘેલા રે. ભાવનગર, ચકુ પોપટ વાઘેલા રે.બોરસદ,વિષ્ણુ ભકા વાઘેલા રે.ભાવનગર, નાથા ભરત વાઘેલા રે.સિદ્ધપુર. ને ઝડપી લઈ આજે તળાજા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરેલ હતી. જેમાં કોર્ટે ત્રણ દિવસના છ એ છ આરોપી ના મંજુર કર્યા છે. ઇન્વેસ્ટિગેશન અધિકારી ચેતન મકવાણા એ જણાવ્યું હતુ કે લૂંટ નો મુદામાલ કબ્જે થયોનથી. અનેક લોકો અહીં હાજર હતા તેમાંથી કોણ ઘરેણાં અને રોકડ રકમ લઈ ગયું છે તેની તપાસ અને કબ્જે લેવા માટે ની તજવીજ હાથ ધરવામાં આવશે.સૂત્રો એ જણાવ્યું હતુ કે લૂંટ નો આરોપ લગાવવામાં આવ્યો છે તે ખોટો હોવાની દલીલ પણ કરવામાં આવી હતી. ■